# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : 21 ઓગસ્ટ 2026 શુક્રવાર
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -9

વર્ષ : 18
અંક : 52

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ


કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3 
UAEમાં પાકિસ્તાન સાથે ભેદભાવ થયો!: ફ્લાઈટ રદ થતાં અમેરિકન-ભારતીયોને રૂમ મળ્યા, પણ પાકિસ્તાનીઓને....

4 
તુર્કી-પાકિસ્તાન-સાઉદી રક્ષાકરાર : ઈસ્લામિક એકતા કે સ્વાર્થનો સંબંધ!

6 
"મને મહિલા હોવા અને પીરિયડ્ઝ આવવા પર પણ શરમ આવતી હતી" : અનુપમા પરમેશ્વરન

7 
ઈન્ડિગોની વેબસાઈટ-એપ પર ટિકિટ બુકિંગમાં મુશ્કેલી: ફ્લાઈટ્સનું ભાડું અને શેડ્યૂલ દેખાતું નથી, વેબ ચેક-ઈનમાં...


**NEWS BRIEF**

## સુકેશ ચંદ્રશેખરે જેલમાંથી કેજરીવાલ-સત્યેન્દ્ર જૈનને પત્ર લખ્યો

### 3 વધુ કૌભાંડનો પર્દાફાશ કરવાની ધમકી આપી, AAPને કૌભાંડોની ઓલવેઝ પાર્ટી ગણાવી

સુકેશ ચંદ્રશેખરે જેલમાંથી આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનને નવો પત્ર લખ્યો છે. પત્રમાં તેણે પાર્ટી સાથે સંકળાયેલા વધુ ત્રણ કૌભાંડો ઉજાગર કરવાની ધમકી આપી છે.



ચંદ્રશેખરે દાવો કર્યો કે દિલ્હી દારૂ નીતિ અને જળ બોર્ડને લઈને તેના અગાઉના ખુલાસા સાચા સાબિત થયા છે. આ પત્ર ગુરુવારે સામે આવ્યો. તેણે આમ આદમી પાર્ટીને કૌભાંડોની ઓલવેઝ પાર્ટી ગણાવતા પંજાબને લઈને પણ ચેતવણી આપી છે. સુકેશ છેતરપિંડી અને મની લોન્ડરિંગના કેસોમાં તિહાર જેલમાં બંધ છે. તમારા ભ્રષ્ટાચારને ઉજાગર કરવાની દિશામાં આ એક વધુ પગલું છે. 2021-22 ના મારા ખુલાસા સાચા સાબિત થયા છે. દારૂ નીતિના કેસ પછી હવે જળ બોર્ડનો કેસ સામે આવ્યો છે. તમારા અન્ય ત્રણ વિભાગોમાં વધુ ત્રણ કૌભાંડો અને ભ્રષ્ટાચાર ઉજાગર કરવામાં આવશે. આમ આદમી પાર્ટીનો હવે અર્થ છે એનીટાઈમ, ઓલવેઝ પાર્ટી ઓફ સ્કેમ.

પંજાબને ફરીથી મૂર્ખ બનાવવાની વાત ભૂલી જાઓ. દિલ્હીમાં જે થયું, પંજાબમાં તમારી અકડ અને તમારી કૌભાંડી પાર્ટી વિરુદ્ધ તેનાથી પણ વધુ ગુસ્સો જોવા મળશે. તમે લોકો ભ્રમમાં હોઈ શકો છો, પણ મને બધું યાદ છે.

## UP સરકાર પર ટિપ્પણી બાદ રાજ્યપાલ આનંદીબેન પટેલ 10 દિવસની રજા પર



ઉત્તર પ્રદેશમાં છેલ્લા 7 વર્ષથી રાજ્યપાલની ખુરશી સંભાળી રહેલા આનંદીબેન પટેલ સોમવારથી રજા પર છે. પોતાના કાર્યકાળ દરમિયાન તેઓ પહેલીવાર 10 દિવસની લાંબી રજા પર ગયા છે. 17 ઓગસ્ટથી કૌટુંબિક અને અંગત કાર્યક્રમોમાં હાજરી આપવા માટે રાજ્યપાલની આ રજા ચર્ચાનો વિષય બની ગઈ છે, અને અટકળોનો દોર પણ શરૂ થઈ ગયો છે. રાજ્યપાલ આનંદીબેન પટેલે રજા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પાસેથી પરવાનગી લીધી છે. તેઓ 26 ઓગસ્ટ સુધી રજા પર રહેશે, અને 27 ઓગસ્ટે લખનૌના રાજભવન પરત ફરશે. રાજ્યપાલ આનંદીબેન પટેલ પોતાની રજા દરમિયાન તેમના ગૃહ રાજ્ય ગુજરાત આવ્યા છે. તેઓ 26 ઓગસ્ટ સુધી રજા પર રહેશે, અને 27 ઓગસ્ટે પરત ફરશે. રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી લઈને રાજ્યપાલ પોતાના કાર્યકાળમાં પહેલીવાર આટલી લાંબી અવધિની રજા પર ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યપાલ કૌટુંબિક અને અંગત કાર્યક્રમો માટે ગુજરાત આવ્યા છે. રાજ્યપાલ આનંદીબેન પટેલ આટલી લાંબી રજા પર કેમ ગયા, તેને લઈને તમામ પ્રકારની અટકળો લગાવવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં તેમના ભાષણોમાં સીએમ યોગી આદિત્યનાથની સાથે યુપી સરકાર અને વહીવટી તંત્ર તેમના નિશાના પર રહ્યા હતા. તેમના નિવેદનો મુખ્યમંત્રી કાર્યાલયમાં ચર્ચાનો વિષય બન્યા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યપાલના કેટલાક નિવેદનોમાં સરકાર અને વહીવટી વ્યવસ્થા અંગે કરાયેલી ટિપ્પણીઓ પણ ચર્ચામાં રહી છે. આ દરમિયાન તેમની તાજેતરની યાત્રાઓને લઈને પણ વાતો સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે હવાઈ મુસાફરી ટાળીને કાનપુર, પ્રયાગરાજ સહિતની કેટલીક યાત્રાઓ ટ્રેન દ્વારા કરી હતી. રાજ્યપાલે વિમાન પ્રવાસ ટાળવાનું શરૂ કર્યું હતું.


### રાષ્ટ્રીય ગીત વિવાદ પર અમિત શાહના પ્રહાર

# કોંગ્રેસે 'વંદે માતરમ' ના બે ટુકડા કર્યા, બે છંદ ગાવાનો નિર્ણય રાષ્ટ્રવિરોધી

### કોંગ્રેસે સંસદના નિર્ણયનો અનાદર કર્યો છે અને પોતાના જીવનું બલિદાન આપનારા લાખો શહીદોનું ઘોર અપમાન કર્યું છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

નવી દિલ્હી, તા.20

'વંદે માતરમ' વિવાદ પર ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. આજે ગુરુવારે મીડિયા સાથે વાત કરતા, અમિત શાહે એવી ટિપ્પણી કરી કે, કોંગ્રેસે ગઈકાલે રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો હતો. 'વંદે માતરમ' ના ફક્ત બે છંદ ગાવાનું પગલું રાષ્ટ્રવિરોધી છે. શાહે કહ્યું કે કોંગ્રેસે મુસ્લિમ સમુદાયને ખુશ કરવા માટે ૧૯૩૭ માં દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો, જેના કારણે 'દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત' મજબૂત બન્યો, જેના કારણે દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનું નિર્માણ થયું. શાહે ભારપૂર્વક જણાવ્યું કે, મોદી સરકારે કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી તે ઐતિહાસિક ભૂલને સુધારી છે.



ગૃહમંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, મોદી સરકારે ભૂતકાળની ભૂલ સુધારીને અને આખું ગીત ગવાય તેની ખાતરી કરીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે. "અમે તમામ સરકારી કાર્યક્રમોમાં આખું ગીત ગાવાના નિર્ણયને કાનૂની સમર્થન પણ આપ્યું છે. કોંગ્રેસે આની અવગણના કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સ્પષ્ટપણે તેમની તુષ્ટિકરણની નીતિને પ્રતિબિંબિત કરે છે. વોટ-બેંકની રાજનીતિ ખાતર, તેઓએ 'બંકિમ બાબુ'ની અમર રચના તેમજ સ્વતંત્રતાનો નારા લગાવતી વખતે ફાંસી પર ચઢેલા તેમજ વર્ષો જેલમાં વિતાવેલા લાખો શહીદોનું ઘોર અપમાન કર્યું છે."

શાહે એમ પણ કહ્યું કે જ્યારે કોંગ્રેસ આજે ૧૯૩૭ના તેના જૂના ઠરાવને વળગી રહી છે. ત્યારે તે સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાનું પાલન કરવાનો ઈનકાર કરી રહી છે. આશ્ચર્યજનક છે કે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ ફરી એકવાર તુષ્ટિકરણની રાજનીતિનો આશરો લઈ રહી છે. દેશે અગાઉ 'વંદે માતરમ'ને બે ભાગમાં વહેંચવાની ભૂલ કરી છે અને તેના પરિણામો ભોગવ્યા છે. હવે, રાષ્ટ્રએ કોંગ્રેસના આ નિર્ણય સામે એક થવું જોઈએ અને જાહેર કરવું જોઈએ કે તેમની તુષ્ટિકરણની રાજનીતિ હવે સહન કરવામાં આવશે નહીં. ભાજપ કોંગ્રેસના આ નિર્ણયની નિંદા કરે છે.

શાહ અને ભાજપ દ્વારા આપવામાં આવેલા નિવેદનોનો જવાબ આપતા, કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, ભાજપ પેપર લીક, દાનની ચોરી અને અરુણાચલ પ્રદેશમાં ચીની ઘૂસણખોરી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહી છે. આ રાષ્ટ્રીય મુદ્દાઓ દબાણયુક્ત છે, અને ભાજપ તેમાંથી ધ્યાન ભટકાવવા માટે આ પ્રકારના નિવેદનબાજી કરી રહી છે. આપણે ૧૯૩૭ થી 'વંદે માતરમ' ગાઈ રહ્યા છીએ. આપણા માટે આમાં નવું શું છે? રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીત બંને આપણામાં ઊંડી લાગણી જગાડે છે કારણ કે તે ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો ભાગ હતા. ભાજપ સ્વતંત્રતા સંગ્રામ વિશે કંઈ જાણતો નથી.

## કોંગ્રેસ નેતા સજ્જન કુમારનું તિહાર જેલમાં નિધન થયો

### શીખ વિરોધી રમખાણોમાં આજીવન કેદ ભોગવી રહ્યા હતા, 3 કેસમાંથી એકમાં નિર્દોષ, 2માં દોષિત હતા

નવી દિલ્હી, તા.20

કોંગ્રેસના પૂર્વ સાંસદ અને નેતા સજ્જન કુમારનું ગુરુવારે 80 વર્ષની વયે નિધન થયું છે. ન્યૂઝ એજન્સી ANIના સૂત્રો અનુસાર, સજ્જન કુમારને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં મૃત હાલતમાં લાવવામાં આવ્યા હતા. તેઓ 1984ના શીખ વિરોધી રમખાણોના ત્રણમાંથી બે કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા. તેમને એક કેસમાં નિર્દોષ છોડી દેવામાં આવ્યા હતા. દિલ્હી કેન્ટની પાલમ કોલોનીમાં 5 શીખોની હત્યા બાદ ગુરુદ્વારા સળગાવી દેવામાં આવ્યું હતું. આ કેસમાં સજ્જન કુમારને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. દિલ્હી હાઈકોર્ટે 17 ડિસેમ્બર, 2018ના રોજ આજીવન કેદની સજા સંભળાવી હતી.



સપ્ટેમ્બર, 2023ના રોજ રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હીના સુલતાનપુરીમાં 3 શીખોની હત્યાના કેસમાં નિર્દોષ છોડી મૂક્યા. હુલ્લડમાં CBIના એક મહત્વના સાક્ષી ચામ કૌરે આરોપ લગાવ્યો હતો કે સજ્જન ભીડને ઉશ્કેરી રહ્યા હતા. 1 નવેમ્બર, 1984ના રોજ સરસ્વતી વિહારમાં સરદાર જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યા થઈ હતી. હુલ્લડખોરોએ લોખંડના સળિયા અને લાકડીઓ વડે હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને શીખોને જીવતા સળગાવી દીધા. 12 ફેબ્રુઆરી, 2025ના રોજ દોષિત ઠેરવવામાં આવ્યા. 25 ફેબ્રુઆરીના રોજ તેમને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી. 31 ઓક્ટોબર 1984ના રોજ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા પછી 1 નવેમ્બરથી દિલ્હી સહિત ઘણા વિસ્તારોમાં શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યા. PTI અનુસાર, દિલ્હીમાં લગભગ 2700 અને દેશભરમાં લગભગ 3500 લોકોના મોત થયા. મે 2000માં જીટી નાણાવટી કમિશન બન્યું. તેની ભલામણ પર 24 ઓક્ટોબર 2005ના રોજ CBIએ કેસ દાખલ કર્યો. 2010માં ટ્રાયલ કોર્ટે સજ્જન કુમાર સહિત ઘણા આરોપીઓને સમન્સ પાઠવ્યા. 2013 માં સજ્જન કુમારને નિર્દોષ જાહેર કર્યા પછી CBI એ હાઈકોર્ટમાં અપીલ કરી. 17 ડિસેમ્બર 2018ના રોજ દિલ્હી હાઈકોર્ટે પાંચ શીખોની હત્યાના કેસમાં સજ્જન કુમારને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા સંભળાવી. રમખાણોના 21 વર્ષ પછી તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહે સંસદમાં માફી માંગતા કહ્યું હતું.

## સંમતિથી લિવ-ઈન-રિલેશનશિપનો સંબંધ લગ્ન સમાન, પરિવાર દખલ ન કરી શકે: દિલ્હી હાઈકોર્ટ

નવી દિલ્હી, તા.20

દિલ્હી હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપને લઈને મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. અદાલતે કહ્યું કે, સંમતિથી સાથે રહેતા પુખ્ત વયના લોકોના સંબંધમાં માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો હસ્તક્ષેપ કરી શકે નહીં. પરિવારની ધમકીઓથી પરેશાન કપલને પોલીસ સુરક્ષા આપતા કોર્ટે તેને લગ્ન સમાન ગણાવ્યું છે. દિલ્હી હાઈકોર્ટે કહ્યું છે કે, સંમતિથી લિવ-ઈન રિલેશનશિપમાં રહી રહેલા પુખ્ત વયના લોકોનો સંબંધ લગ્ન સમાન છે. માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો તેમની પસંદગીમાં હસ્તક્ષેપ કરી શકે નહીં, અને ન તો તેમના જીવન કે સ્વતંત્રતાને જોખમ પહોંચાડી શકે છે. અદાલતે પરિવાર તરફથી ધમકીઓનો સામનો કરી રહેલા એક લિવ-ઈન કપલને પોલીસ સુરક્ષા પણ પૂરી પાડી છે. ન્યાયમૂર્તિ સૌરભ બેનરજીએ 13 ઓગસ્ટે દંપતિની અરજી પર આ આદેશ પસાર કર્યો. અરજદાર દંપતિની ઉંમર 30 વર્ષથી વધુ છે. તેમણે અદાલતને જણાવ્યું કે, તેઓ કેટલાક સમયથી સાથે રહી રહ્યા છે અને એકબીજા સાથે લગ્ન કરવાનો પણ ઈરાદો ધરાવે છે. અદાલતને



જણાવવામાં આવ્યું કે, છોકરીના પિતા અને ભાઈ આ સંબંધથી ખુશ નહોતા, અને તેઓ સતત બંનેને હિંસાની ધમકી આપી રહ્યા હતા. અરજદારોએ સ્થાનિક પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ (SHO)ને પણ ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી થઈ નહોતી. અદાલતનું કહેવું છે કે, 'અરજદારોએ પોતાની ઈચ્છા, સંમતિ અને પૂરી જવાબદારી સાથે એકબીજા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનો નિર્ણય કર્યો છે, તેથી કોઈ પણ વ્યક્તિ, ઈચ્છે તો તે તેમના માતા-પિતા, સગા-સંબંધીઓ કે મિત્રો હોય, તેમની પસંદગીમાં અડચણ નાખવાનો કે, હસ્તક્ષેપ કરવાનો અધિકાર અથવા ક્ષેત્રાધિકાર ધરાવતા નથી. તેમને તેમના જીવન કે, સ્વતંત્રતા માટે ધમકી આપવાનો તો બિલકુલ પણ અધિકાર નથી. અરજદારો લિવ-ઈન રિલેશનશિપમાં છે, અને કાયદાકીય રીતે એકબીજા સાથે પરિણિત નથી, પરંતુ બંને સંમતિથી પુખ્ત છે.

### રાજ્ય સરકારના આદેશ પર હાઈકોર્ટે રોક લગાવી

# પરીક્ષા રદ કરવાના હેમંત સોરેન સરકારનાઆદેશપરરોકલગાવાઈ

### ઝારખંડમાં JPSCની ૧૧મીથી ૧૩મી પરીક્ષા અને ફૂડ સેફ્ટી ઓફિસર પરીક્ષાને લઈ ઝારખંડ હાઈકોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો હતો

રાંચી, તા.20

ઝારખંડમાં JPSCની ૧૧મીથી ૧૩મી પરીક્ષા અને ફૂડ સેફ્ટી ઓફિસર પરીક્ષાને લઈ ઝારખંડ હાઈકોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો છે. હાઈકોર્ટે બંને પરીક્ષાઓને લઈ રાજ્ય સરકાર તરફથી જાહેર આદેશ પર તાત્કાલિક પ્રભાવથી રોક લગાવી દીધી છે. કોર્ટના આ ચુકાદાથી પરીક્ષા સાથે જોડાયેલા અભ્યાર્થીઓને મોટી રાહત મળશે.

મામલાની સુનાવણી ઝારખંડ હાઈકોર્ટમાં થઈ. સુનાવણી દરમિયાન કોર્ટે રાજ્ય સરકારના એ આદેશ પર સ્ટે લગાવી દીધો, જે અંતર્ગત બંને પરીક્ષાઓને લઈ કાર્યવાહી કરી હતી. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૧૫ દિવસની અંદર જવાબ દાખલ કરવા માટે નિર્દેશ આપ્યા છે.

કોર્ટે રાજ્ય સરકારને ૧૫ દિવસની અંદર કાઉન્ટર એફિડેવિટ સાથે જવાબ દાખલ કરવાના નિર્દેશ આપી દીધા છે. આ નિર્ણય બાદ બંને પરીક્ષા મામલાના અરજીકર્તાઓને તાત્કાલિક પ્રભાવથી કામ પર પરત ફરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ મામલાની સુનાવણી દરમ્યાન હાઈકોર્ટે રાજ્ય સરકારના આ આદેશ પર સ્ટે આપ્યો, જે અંતર્ગત બંને પરીક્ષાઓથી સંબંધિત કાર્યવાહી કરી હતી. હવે સરકારને કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ અને



સંબંધિત દસ્તાવેજ રજૂ કરવા પડશે.

આપને જણાવી દઈએ કે, ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગરબડને લઈ ૨૬ દિવસથી ચાલી રહેલા આંદોલન બુધવાર સ્થગિત થઈ ગયું. સરકારે પ્રદર્શનકારીઓ સાથે કેટલીય વખત વાત કર્યા બાદ ૨૦૧૪થી અત્યાર સુધી ઝારખંડ લોક સેવા આયોગ, ઝારખંડ કર્મચારી ચયન આયોગ અને એક આઉટસોર્સ એજન્સી દ્વારા આયોજિત ૨૨ ભરતી પરીક્ષાઓને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત ૨૩ અન્ય પરીક્ષાઓની વચ્ચે તપાસ કરવાના આદેશ આપ્યા છે.

પણ સરકારના આ નિર્ણયથી એક નવો વિવાદ ઊભો થઈ ગયો હતો. લગભગ ૨૦૦૦ સફળ અભ્યર્થી, ખાસ કરીને JPSC સંયુક્ત સ્નાતક સ્તરીય પરીક્ષા દ્વારા સરકારી નોકરી મેળવનારા ઉમેદવાર, પરીક્ષા રદ કરવાનો વિરોધ કરી રહ્યા છે. આ અભ્યર્થીઓનું કહેવું છે કે તેમણે પરીક્ષા મહેનત અને યોગ્યતાના આધાર પર પાસ કરી છે.




# વડોદરાના ભાયલી ગેંગરેપ કેસમાં મોટો ચુકાદો: પાંચેય આરોપી દોષિત, 25 ઓગસ્ટે સજા સંભળાવાશે

**વડોદરા, તા.20**

ગુજરાત સહિત સમગ્ર રાજ્યને હચમચાવી નાખનારા વડોદરાના ભાયલી ગેંગરેપ કેસમાં પોક્સો કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. વર્ષ 2024માં નવરાત્રિના બીજા નોરતાની રાત્રે 16 વર્ષીય સગીરા સાથે બનેલી સામૂહિક દુષ્કર્મની ઘટનામાં કોર્ટે પાંચેય આરોપીઓને દોષિત ઠેરવ્યા છે. હવે આ કેસમાં 25 ઓગસ્ટે આરોપીઓને સજા સંભળાવવામાં આવશે. લાંબી કાનૂની કાર્યવાહી બાદ આવેલા આ ચુકાદાને કેસની તપાસ અને પ્રોસિક્યુશન માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.



આ ચકચારી ઘટના 4 ઓક્ટોબર, 2024ના રોજ નવરાત્રિના બીજા નોરતાની રાત્રે બની હતી. વડોદરામાં રહેતી 16 વર્ષીય સગીરા પોતાના એક મિત્ર સાથે ગરબા જોવા માટે બહાર ગઈ હતી. ત્યારબાદ બંને ભાયલી વિસ્તારમાં એક સ્થળે બેઠા હતા. આ દરમિયાન બાઈક પર પાંચ આરોપીઓ ત્યાં આવી પહોંચ્યા હતા. આરોપીઓએ સગીરાના મિત્રને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

ફરિયાદ મુજબ, આરોપીઓ પૂર્વ તૈયારી સાથે ત્યાં પહોંચ્યા હતા અને સગીરાના મિત્રને કાબૂમાં લીધા બાદ વારાફરતી સગીરા પર અત્યાચાર કર્યો હતો. ઘટના બાદ આરોપીઓએ સગીરાનો મોબાઈલ ફોન પણ લૂંટી લીધો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટનાને કારણે વડોદરા શહેરમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને પોલીસ તંત્ર સામે પણ આરોપીઓને ઝડપથી પકડવાનો પડકાર ઊભો થયો હતો.

ઘટના બાદ સગીરા અને તેનો મિત્ર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. ઘટનાની જાણ થતાં સગીરાના પરિવારજનો પણ પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. મામલો ગંભીર હોવાને કારણે પોલીસ અધિકારીઓએ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને અલગ-અલગ પોલીસ ટીમોને તપાસમાં જોડવામાં આવી હતી.

પોલીસે કેસની તપાસ ઝડપથી આગળ વધારીને ગણતરીના દિવસોમાં જ પાંચેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસ દ્વારા અનેક પ્રકારના પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. ઘટનાના આશરે 17 દિવસમાં જ પોક્સો કોર્ટમાં આશરે 6,000 પાનાની ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આટલી ઝડપથી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હોવાને કારણે કેસની તપાસ તે સમયે પણ ચર્ચામાં રહી હતી.

કોર્ટમાં સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશન દ્વારા સાક્ષીઓની જુબાની, મેડિકલ પુરાવા અને અન્ય સંયોગિક પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. સરકારી વકીલ નયન સુખડવાલાએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે કેસમાં સંયોગિક પુરાવાની દરેક કડીને યોગ્ય રીતે જોડવામાં આવી છે અને આરોપીઓ સામેના પુરાવા શંકાથી પર સાબિત કરવામાં આવ્યા છે.

સરકારી પક્ષના જણાવ્યા અનુસાર, ઘટનાની શરૂઆતમાં પાંચ પૈકી બે આરોપીઓએ સગીરા સાથે શારીરિક છેડછાડ કરી હતી અને ત્યારબાદ અન્ય ત્રણ આરોપીઓએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. કેસની તપાસ દરમિયાન આરોપીઓની ભૂમિકા અને ઘટનાક્રમને જોડતા વિવિધ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

આ કેસમાં સગીરાનો મોબાઈલ ફોન પણ મહત્વનો પુરાવો બન્યો હતો. આરોપીઓએ પુરાવાનો નાશ કરવાના ઈરાદે મોબાઈલ ફોનને વિશ્વામિત્રી નદીમાં ફેંકી દીધો હોવાનો પોલીસનો દાવો હતો. ત્યારબાદ આ મોબાઈલ શોધવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. મોબાઈલની શોધ માટે હાથ ધરાયેલી કામગીરી અને તેમાં સામેલ અધિકારીઓની જુબાની પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

કોર્ટ સમક્ષ મેડિકલ પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રોસિક્યુશન દ્વારા કેસમાં સંયોગિક પુરાવાની અલગ-અલગ કડીઓને એકબીજા સાથે જોડીને આરોપીઓની સંડોવણી સાબિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સરકારી પક્ષે દલીલ કરી હતી કે કોઈ એક પુરાવા પર આધાર રાખવાને બદલે સમગ્ર ઘટનાક્રમ સાથે જોડાયેલા પુરાવાઓને એકસાથે જોવામાં આવે તો આરોપીઓ સામેનો કેસ સ્પષ્ટ રીતે સાબિત થાય છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રવાસન સ્થળોએ રેસ્ટોરન્ટ શરૂ કરો, ફૂડ ડિલિવરી માટે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા DY.CMની અપીલ

**અમદાવાદ, તા.20**

નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI) દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-2026 શેલા, અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ સમિટમાં દેશના 30થી વધુ શહેરોમાંથી 1500થી વધુ બ્રાન્ડ્સ સાથે સંકળાયેલા 5000થી વધુ વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો. સમિટમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના મોટા શહેરો ઉપરાંત પ્રવાસન સ્થળો પર ફૂડ બિઝનેસ વિકસાવવા અને ડિલિવરી માટે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.



નાયબ મુખ્યમંત્રીએ ગુજરાતના રેસ્ટોરન્ટ માલિકો અને ફૂડ ડિલિવરી ઓપરેટર્સને રાજ્યના પ્રમુખ પર્યટન સ્થળો જેવા કે સ્ટેચ્યુ ઑફ યુનિટી, શિવરાજપુર બીચ, ધરોઈ ડેમ, કચ્છનું સફેદ રણ અને ગીરમાં પોતાનો વ્યવસાય વિસ્તારવા અનુરોધ કર્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર આ સ્થળોએ જરૂરી માળખાકીય સુવિધાઓ અને સંપૂર્ણ સહયોગ પૂરો પાડશે.

ફૂડ ડિલિવરી ક્ષેત્રમાં ઈલેક્ટ્રિક વાહનો (EV)ના ઉપયોગ પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, પેટ્રોલને બદલે ઈ-વાહનો અપનાવવાથી ડિલિવરી ખર્ચ કિલોમીટર દીઠ ૨.૫૦થી ઘટીને માત્ર ૫૦ પૈસા થઈ શકે છે, જે આર્થિક રીતે ફાયદાકારક હોવાની સાથે પર્યાવરણના રક્ષણમાં પણ મહત્વનું યોગદાન આપશે.

ફૂડ સેક્ટરના મહત્વ વિશે વાત કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, દેશના અર્થતંત્રમાં ફૂડ બિઝનેસનું વર્તમાન યોગદાન 5.69 લાખ કરોડ છે, જે આગામી સમયમાં વધીને 7.5 લાખ કરોડ પહોંચવાનો અંદાજ છે. હાલમાં આ ક્ષેત્રે 75 લાખથી વધુ લોકોને રોજગારી મળી રહી છે, જે ટૂંક સમયમાં 1 કરોડથી વધુ લોકોને રોજગાર આપતું માધ્યમ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી સાકાર થયેલા ગાંધીનગરના ગિફ્ટ સિટી (FinTech City)માં પણ ફૂડ સેક્ટર માટે રોકાણની વિપુલ તકો રહેલી છે.

કાર્યક્રમના પ્રારંભે NRAIના પ્રેસિડેન્ટ સાગર દરયાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને અમદાવાદ ચેપ્ટરના હેડ આનલ કોટકે ઉપસ્થિતોને આવકાર્યા હતા. આ પ્રસંગે NRAIના વાઈસ પ્રેસિડેન્ટ પ્રણવ રુંગટા, કો-ચેપ્ટર હેડ દિલીપ ઠક્કર, ટ્રેઝરર ચિરાયુ અગ્રવાલ, જોઈન્ટ સેક્રેટરી પંકજ પાઠક અને દર્શન દાસાણી સહિતના હોદ્દેદારો અને ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ દર વર્ષે આવી વાર્ષિક સમિટ ગુજરાતમાં જ આયોજિત કરવા આમંત્રણ આપ્યું હતું.

# સિક્યુરિટી ગાર્ડ પર રખડતા શ્વાને હુમલો કર્યો: હાથની આંગળી પર બચકું ભરતા ગંભીર ઈજાગ્રસ્ત

**સુરત, તા.20**

સુરત શહેરમાં રખડતા શ્વાનોનો ત્રાસ દિનપ્રતિદિન બેકાબૂ બની રહ્યો છે, ત્યારે પુણા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. પુણાની રાજ રેસિડેન્સીમાં ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડ પર મોડી રાત્રે એક હિંસક શ્વાને જીવલેણ હુમલો કર્યો હતો. શ્વાને ગાર્ડના હાથની આંગળી પર એ હદે બચકું ભર્યું હતું કે આંગળીનો હિસ્સો કરડી ખાધો હતો. આ સમગ્ર લોહીયાળ ઘટના સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતાં લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. મળતી માહિતી મુજબ, રાજ રેસિડેન્સીમાં જયપ્રકાશ વાસુદેવ શાહુ નામના સિક્યુરિટી ગાર્ડ રાબેતા મુજબ બે દિવસ પહેલા રાત્રિ દરમિયાન સોસાયટીના ગેટ પાસે ફરજ પર હાજર હતા. મોડી રાતના સુમારે સોસાયટી કેમ્પસમાં અચાનક ઘૂસી આવેલા એક શ્વાને જયપ્રકાશભાઈ પર હુમલો કરી દીધો હતો. ગાર્ડ કંઈ સમજે કે પોતાનો બચાવ કરે તે પહેલાં જ શ્વાને તેમના હાથ પર હિંસક રીતે હુમલો કર્યો હતો અને આંગળી પર ગંભીર બચકું ભરીને આંગળી કરડી ખાધી હતી.



આ ભયાનક હુમલાની સમગ્ર ઘટના સોસાયટી પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કઈ રીતે શાંત વાતાવરણ વચ્ચે અચાનક શ્વાન ધસી આવે છે અને ગાર્ડ પર અચાનક તૂટી પડે છે. સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સોસાયટીના રહીશોમાં પણ કંપારી છૂટી ગઈ છે.

હુમલા બાદ ગાર્ડની બૂમાબૂમ સાંભળીને સોસાયટીના રહીશો તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા. જયપ્રકાશભાઈને તાબડતોબ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તંત્ર તાત્કાલિક આવા હિંસક શ્વાનોને પકડવાની કડક કામગીરી હાથ ધરે તેવી સ્થાનિકોની માંગ છે.

# જંબુસરની હિન્દુ યુવતીને ભગાડી લઈ જવાના કેસમાં નવો વળાંક, બનાવટી મેરેજ સર્ટિફિકેટ રજૂ કરવાના આરોપમાં યુવકની ધરપકડ

**વડોદરા, તા.20**

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કિયા ગામના ફેઝલ મજીદ દિવાન નામના યુવક સામે જંબુસરની યુવતીને ભગાડી લઈ જવા અને ત્યારબાદ પોલીસ સમક્ષ બનાવટી લગ્નનું સર્ટિફિકેટ રજૂ કરવાના મામલે કાર્યવાહી કરવામાં આવી છે. ભરૂચ જિલ્લાના જંબુસરમાં રહેતી BHMSનો અભ્યાસ કરેલી યુવતી વડોદરામાં રહીને ગોત્રીની હોસ્પિટલમાં નોકરી કરતી હતી. યુવતીના પરિવાર દ્વારા તે ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ સમગ્ર મામલામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કોર્ટ મેરેજના નામે રજૂ કરવામાં આવેલા સર્ટિફિકેટની ખરાઈ કરાવતા સરકારી રેકોર્ડમાં આવા કોઈ લગ્ન નોંધાયા જ ન હોવાનું સામે આવ્યું છે. આ મામલે યુવતીના પિતાએ જંબુસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફેઝલ દિવાન સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. બીજી તરફ યુવતીના પરિવાર દ્વારા સમગ્ર ઘટનાની સઘન તપાસ માટે SITની રચના કરવાની માગ કરવામાં આવી છે. યુવતીની માતાએ પોતાની દીકરીને પરત લાવી આપવા માટે પણ અપીલ કરી છે. જોકે, આ કેસમાં યુવતીની પોતાની સ્થિતિ અને નિવેદન અંગે સત્તાવાર તપાસના તારણો મહત્વપૂર્ણ રહેશે.



મળતી માહિતી પ્રમાણે 7 મેના રોજ સાંજના સમયે યુવતીએ પોતાના પરિવારને ફોન કર્યો હતો. ફોન પર તેણે પરિવારને જણાવ્યું હતું કે તેણે કોર્ટ મેરેજ કરી લીધા છે અને હવે તે ઘરે પરત નહીં આવે. તેણે પરિવારને એમ પણ કહ્યું હતું કે તેની પાસે સોનાનો છ તોલાનો હાર છે અને તે બે મહિના બાદ પરિવારને પરત આપી દેશે. આટલું કહીને યુવતીએ ફોન કાપી નાખ્યો હતો. દીકરીનો ફોન આવ્યા બાદ પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા અને તેની શોધખોળ શરૂ કરી હતી. બીજા દિવસે પરિવારજનોનો યુવતી સાથે સંપર્ક થયો હતો. પરિવાર દ્વારા તેને ઘરે પરત આવવા માટે સમજાવવામાં આવી હતી, પરંતુ યુવતીએ પરિવારની વાત માની ન હતી. ત્યારબાદ 11 મેના રોજ ગોત્રી પોલીસ સ્ટેશનમાં યુવતી ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ઉપરાંત જંબુસર પોલીસ સ્ટેશનમાં પણ પરિવાર દ્વારા અરજી કરવામાં આવી હતી. આ દરમિયાન પરિવારને જાણ થઈ હતી કે યુવતીએ કરજણ તાલુકાના કિયા ગામના ફેઝલ મજીદ દિવાન સાથે કોર્ટ મેરેજ કર્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ લગ્નનું સર્ટિફિકેટ યુવકના મામા દ્વારા જંબુસર પોલીસ સ્ટેશનમાં રજૂ કરવામાં આવ્યું હતું. સર્ટિફિકેટ સામે આવ્યા બાદ યુવતીના પરિવારને તેના અસલી હોવા અંગે શંકા જતા તેની સરકારી કચેરીમાંથી ખરાઈ કરાવવામાં આવી હતી. પરિવારે વડોદરાના કુબેર ભવન ખાતે આવેલી સબ રજિસ્ટ્રાર અને લગ્ન અધિકારીની કચેરીમાં આ મેરેજ સર્ટિફિકેટની તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન કચેરી દ્વારા 30 જૂનના રોજ લેખિતમાં જણાવવામાં આવ્યું હતું કે રેકોર્ડની ચકાસણી કરતાં યુવક અને યુવતીના નામે 16 જૂન સુધીમાં કોઈ લગ્ન નોંધણી થઈ નથી. કચેરી તરફથી એવું પણ જણાવવામાં આવ્યું હતું કે આ પ્રકારનું કોઈ લગ્ન સર્ટિફિકેટ તેમની કચેરી દ્વારા આપવામાં આવ્યું નથી. સરકારી કચેરીના રેકોર્ડમાં લગ્ન નોંધાયા ન હોવાનું સામે આવ્યા બાદ મામલો વધુ ગંભીર બન્યો હતો. યુવતીના પિતાએ આ અંગે જંબુસર પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ફેઝલ મજીદ દિવાનની ધરપકડ કરી છે અને હવે બનાવટી દસ્તાવેજ રજૂ કરવાના આરોપ સહિત સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. યુવતીની માતાએ આક્ષેપ કર્યો છે કે તેમની દીકરીને પ્રેમજાળમાં ફસાવવામાં આવી અને ત્યારબાદ તેનું બ્રેઈનવોશ કરવામાં આવ્યું. માતાના જણાવ્યા પ્રમાણે તેમની દીકરી અગાઉ વડોદરામાં રહેતી હતી અને રોજ હોસ્પિટલમાં નોકરી માટે જતી હતી. માતાનો આરોપ છે કે હોસ્પિટલમાં જતી વખતે એક યુવક સાથે સંપર્ક થયા બાદ તેમની દીકરી તેની સાથે ગઈ હતી. માતાના જણાવ્યા પ્રમાણે દીકરી ઘરેથી નીકળ્યા બાદ પરિવાર સાથે તેનો નિયમિત સંપર્ક રહ્યો નહોતો. તેમણે એવો પણ દાવો કર્યો છે કે દીકરીએ ઘરેથી સોનાની આશરે છ તોલાની માળા લઈ જતી રહી હતી. ફોન પર તેણે પરિવારને માત્ર એટલું કહ્યું હતું કે હવે તે જઈ રહી છે અને માતા-પિતાએ પોતાનું ધ્યાન રાખવું. ત્યારબાદ પરિવાર દીકરી સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરતો રહ્યો, પરંતુ લાંબા સમય સુધી તેનો ફોન સ્વિચ ઓફ આવતો રહ્યો હોવાનો પરિવારનો દાવો છે.

# ભાવનગરના નકલી દારૂકાંડમાં સુરતનો યુવક ગંભીર: દારૂ પીને સુરત પરત આવ્યો ને તબિયત લથડી, ત્રણ દિવસથી બેભાન

**સુરત, તા.20**

ભાવનગરનો નકલી દારુકાંડ હાલ સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ દારૂ પીધા બાદ એક સુરતનો યુવક પણ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. યુવક 16 તારીખે રાત્રે ભાવનગરથી દારૂ પીને 17 તારીખે સવારે સુરત આવ્યો હતો. સંજયસિંહ નામના યુવકની સુરત પહોંચતા તબિયત લથડી હતી. શરૂઆતમાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્ય એક ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં પણ તેની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો. જેથી તેને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ન્યુરોલોજિસ્ટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.



સંજયસિંહ જ્યારે સુરત આવ્યો ત્યારે તેની તબિયત લથડી હતી અને પહેલા તેની આંખો બંધ થઈ ગઈ હતી. ત્યારબાદ તેના અલગ અલગ રિપોર્ટ કરાવી રહ્યા હતા ત્યારે તેને સિરિયસ એટેક આવી ગયો હતો. ત્યારથી જ તે બેભાન અવસ્થામાં છે. હાલ પણ સંજયસિંહ બેભાન અવસ્થામાં છે અને સારવાર હેઠળ છે. સંજય છેલ્લા બે-ત્રણ દિવસથી આજ અવસ્થામાં હોવાથી પરિવાર પણ ચિંતિત છે.

સંજયસિંહની તબિયત લથડવાના કારણે અલગ અલગ ડોક્ટરો દ્વારા અલગ અલગ રિપોર્ટો કરાવવામાં આવ્યા હતા. દારૂનો નશો કર્યો હોવાથી તેનો એક અલગથી રિપોર્ટ પણ કરવામાં આવ્યો હતો. જેમાં ઈથેનોલ મિથેનોલ પોઈઝનની અસર હોવાનો રિપોર્ટ પણ આવ્યો છે. દારૂ પીધાના આઠથી દસ કલાકમાં જ સંજયની તબિયત લથડી હતી અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

# સુરતમાં DCP નકુમ સ્ટાઈલમાં પોલીસે માથાના વાળ ખેંચી યુવકને ફટકાર્યો

**સુરત, તા.20**

સુરત SOGના ડીસીપી રાજદીપસિંહ નકુમે જાહેરમાં આરોપીઓને ફટકાર્યાનો મામલો હજી શાંત નથી પડ્યો ત્યાંજ સુરત પોલીસનો વધુ એક વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો. લિંબાયતમાં જુલાઈ મહિનામાં એક ટી સેન્ટરના સંચાલકને પોલીસે ઢોરમાર માર્યો. સંચાલકે ન્યાય માટે પોલીસ કમિશનરને અરજી કરી પરંતુ, યોગ્ય ન્યાય ન મળતા હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા. અરજદારનું માનીએ તો, હાઈકોર્ટમાં અરજી કરતા જ લિંબાયત પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો સ્ટાફ અવારનવાર ટી સેન્ટર પર આવી માણસોને ઉંચકી પોલીસ સ્ટેશન લઈ જાય છે અને અરજી પરત ખેંચી લેવા દબાણ કરે છે. અરજદાર તરફથી અલગ અલગ ત્રણ ઘટનાના સીસીટીવી પણ રજૂ કર્યા છે. આ મામલાની સુનાવણી 21 ઓગસ્ટે હાઈકોર્ટમાં થશે.



સુરતના લિંબાયતમાં ટી સ્ટોલ ચલાવતા અરજદાર મનોજ યાદવનું કહેવું છે કે, 13 જુલાઈએ 4 થી 5 પોલીસકર્મીઓ તેમના ટી સ્ટોલ પર આવ્યા અને ઢોરમાર માર્યો. પોલીસકર્મીઓ તેમના સ્ટોલ પર આવી મફત પાન, સિગરેટ અને એનર્જી ડ્રીંક માગતા હતા. જે આપવાનો ઈન્કાર કરતા તેમના પર ત્રાસ ગુજારવામાં આવ્યો. આ મામલે અરજદારે સુરત પોલીસ કમિશનરને અરજી કરતા ડીસીપીને તપાસનો આદેશ આપવામાં આવ્યો. પોલીસ કમિશનરને અરજી કર્યા બાદ અરજદારના ટી સ્ટોલના વધુ એક સીસીટીવી સામે આવ્યા. જેમાં 8 ઓગસ્ટની રાત્રે લિંબાયત પોલીસનો સ્ટાફ ટી સ્ટોલ પર પહોંચ્યો હતો. અરજદારનો આક્ષેપ છે કે, પોલીસ કોઈ કારણ વગર તેમના ભાઈનો ઊંચકીને પોલીસ સ્ટેશન લઈ ગઈ અને માર માર્યો. અરજદાર મનોજ યાદવ દ્વારા પોલીસકર્મીઓ સામે કાર્યવાહીની માગ સાથે 17મી ઓગસ્ટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી. અરજદારના ટી સ્ટોલ પરના ત્રીજા સીસીટીવી સામે આવ્યા. જેમાં 19 ઓગસ્ટે લિંબાયત પીઆઈ સહિતનો સ્ટાફ સાંજના સાત વાગ્યે પહોંચ્યા હતા. અરજદારનો આક્ષેપ છે કે, પોલીસે તેઓના માણસોને દુકાનમાંથી બહાર કાઢ્યા અને રિક્ષામાં બેસાડી પોલીસ સ્ટેશન લઈ ગઈ. અરજી પરત ખેંચી લેવા માટે ભાડા કરાર માગી સતત માનસિક ટોર્ચરિંગ કર્યું. સુરતના ડીસીપી નકુમે જાહેરમાં આરોપીઓને ફટકારતા હાઈકોર્ટમાં થયેલી સુઓમોટો અરજી પર કાર્યવાહી ચાલી રહી છે.

# અમરેલી જિલ્લા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયાની ધરપકડ: 3 સગાભાઈ અને પુત્ર રવિ સામે રૂ.3 કરોડની છેતરપિંડીની ફરિયાદ

**વડોદરા, તા.20**

અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ સુરેશ ભાદાભાઈ પાનસુરીયા તેમના ત્રણ સગા ભાઈ અને પુત્ર સામે વડોદરા શહેરના 3 કરોડ રૂપિયાની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, જેને પગલે ભાજપ વર્તુળમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો. આ કેસમાં હરણી પોલીસે 19 ઓગસ્ટની મોડીરાતે સાવરકુંડલાથી સુરેશ અને મનીષ પાનસુરીયાની ધરપકડ કરી છે. જ્યારે અન્ય પ્રવીણ ભાદાભાઈ પાનસુરીયા, કિશોર ભાદાભાઈ પાનસુરીયા અને રવિ સુરેશભાઈ પાનસુરીયા (પુત્ર)ની શોધખોળ શરૂ છે.

વધુમાં ACPએ કહ્યું કે, પોલીસ તપાસમાં વધુ બે ભોગ બનનારા પણ સામે આવ્યા છે, જેમના 52 લાખ અને 25 લાખ મળીને કુલ આશરે પોણા ચાર કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાઈ હોવાનું ખુલ્યું છે. આરોપી સુરેશ પાનસુરિયાનો ગુનાહિત ઈતિહાસ પણ છે,



જેમાં અગાઉ બાપોદ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના 3 ગુના તથા અમરેલીમાં 2921માં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયેલો છે. પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે, જો અન્ય કોઈ વ્યક્તિ પણ આ આરોપી દ્વારા છેતરપિંડીનો ભોગ બની હોય તો તેઓ તાત્કાલિક સંબંધિત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરે.

વડોદરાના અમિત નગર સર્કલ પાસેની મંગલ પાર્ક સોસાયટીમાં રહેતા દર્શિતભાઈ કમલેશભાઈ શાહ (ઉં.વ.42) એ હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ડિસેમ્બર, 2023માં સુરેશભાઈએ હરણી સમા લિંક રોડ પર આવેલા 'શ્રી સિદ્ધેશ્વર પેરેડાઈઝ' અને 'શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્લસ' પ્રોજેક્ટમાં રોકાણ કરવાની લાલચ આપી હતી. તેમણે 1.5 ટકા માસિક વળતરની શરૂઆતમાં અને પછી 2 ટકા વળતરની ખાતરી આપી હતી, તેમજ પ્રોપર્ટીની સિક્યોરિટી આપવાનું કહ્યું હતું. આ વિશ્વાસ પર દર્શિતભાઈ અને તેમના પિતા કમલેશભાઈ શાહે કુલ 3 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

આ રકમના બદલામાં દર્શિતભાઈ અને તેમના પિતાના નામે કુલ 6 મિલ્કતો (ફ્લેટ અને દુકાનો)ના રજિસ્ટર્ડ બાનાખત કરાવ્યા હતા. શરૂઆતમાં ફેબ્રુઆરી, 2024થી ડિસેમ્બર, 2024 સુધી માસિક 1.5%થી 2% વળતર રોકડ-બેન્ક દ્વારા ચૂકવવામાં આવ્યું હતું. જાન્યુઆરી, 2025થી વળતર બંધ થઈ ગયું. દર્શિતભાઈએ વારંવાર પૂછપરછ કરતાં રિયલ એસ્ટેટમાં તકલીફનું બહાનું કાઢ્યું હતું અને રૂપિયા પરત ચૂકવણીનો ભરોસો આપ્યો હતો, પરંતુ કોઈ રકમ મળી નહીં. દર્શિતભાઈના પિતાને લીવર કેન્સરની બીમારી થતાં સારવાર માટે રકમની જરૂર પડી હતી, તો પણ રૂપિયા પરત કર્યા ન હતા.

આ દરમિયાન આરોપીઓએ આપેલા ચેકો બેંકમાં બાઉન્સ થયા હતા. સપ્ટેમ્બર, 2025માં ઓફિસમાં મળવા બોલાવી અસભ્ય વર્તન કરીને ધમકી આપી કે, તમને અને તમારા પરિવારને જોઈ લઈશું. તમે પોલીસ ફરિયાદ કરી છે, હવે રૂપિયા મળવાના નથી, થાય એ કરી લો. આ દરમિયાન પ્રોજેક્ટમાં બાંધકામ અધૂરું છે અને બાનાખતવાળી મિલકતો પર બેંક લોન લેવાઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લા ભાજપ પૂર્વ ઉપાધ્યક્ષનો પુત્ર રવિ વ્યાજખોરોના ત્રાસથી 31 ડિસેમ્બરે રાત્રે સુસાઈડ નોટ લખીને રવિ ગુમ થયો હોવાની પોલીસમાં અરજી થઈ હતી. રવિએ ગોધરા નીટ કાંડના દિક્ષિત પટેલ સહિત 16 લોકો પાસેથી 11.25 કરોડ રૂપિયા વ્યાજે લીધા હતાં. 4.90 કરોડની મિલકત અને 3.38 કરોડ રૂપિયા આરટીજીએસથી તેણે ચૂકવ્યા હતાં. વ્યાજખોરોએ માત્ર 2.97 કરોડની સામે 15 કરોડની ઉઘરાણી કરી હતી. વ્યાજખોરો દ્વારા થતી પઠાણી ઉઘરાણીનો વીડિયો વાઈરલ થયો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# 12-13 સપ્ટેમ્બરે ભારતમાં 18મું BRICS સંમેલન, પુતિનની હાજરી નિશ્ચિત, જિનપિંગના ભારત પ્રવાસની પણ તૈયારીઓ તેજ

**નવી દિલ્હી, તા.20**

ભારતમાં 12 અને 13 સપ્ટેમ્બરના રોજ 18મું BRICS સંમેલન યોજાવા જઈ રહ્યું છે અને આ વખતે ભારત માટે આ બેઠક રાજદ્વારી રીતે અત્યંત મહત્વપૂર્ણ બની શકે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને સંમેલનમાં ભાગ લેવાની પુષ્ટિ કરી છે, જ્યારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ભારત આવે તેવી શક્યતાઓ વચ્ચે તેમની સંભવિત મુલાકાત માટે તૈયારીઓ શરૂ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. જો શી જિનપિંગ ભારત આવે છે તો તેમની આ મુલાકાત લગભગ સાત વર્ષ બાદ થશે. જિનપિંગ અગાઉ ઓક્ટોબર 2019માં ભારત આવ્યા હતા. ત્યારબાદ ભારત અને ચીનના સંબંધોમાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા છે અને ખાસ કરીને લદાખમાં LAC પર થયેલા સૈન્ય તણાવ બાદ બંને દેશોના સંબંધો પર તેની ઊંડી અસર પડી છે. આવી સ્થિતિમાં જિનપિંગની સંભવિત ભારત મુલાકાતને માત્ર BRICS બેઠક પૂરતી મર્યાદિત ન ગણવામાં આવે તેવી શક્યતા છે.

વિદેશ મંત્રાલય સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચીન તરફથી જિનપિંગના ભારત પ્રવાસ અંગે હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. જોકે, બંને દેશોની એડવાન્સ ટીમોની હિલચાલ અને સંમેલનને લઈને ચાલી રહેલી તૈયારીઓને કારણે જિનપિંગના ભારત આવવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. અંતિમ નિર્ણય ચીન તરફથી સત્તાવાર રીતે જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે. જિનપિંગની સંભવિત ભારત મુલાકાતની પૃષ્ઠભૂમિમાં સૌથી મોટો મુદ્દો ભારત-ચીન સરહદનો રહેશે. LAC પર લાંબા સમયથી રહેલા તણાવને ઘટાડવા અને સરહદ પર શાંતિ જાળવવા બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી છે. બંને દેશો એવી વ્યવસ્થા ઊભી કરવા માંગે છે કે સરહદ પર કોઈ નાની કે મોટી સૈન્ય ઘટના બને તો તેની અસર સમગ્ર દ્વિપક્ષીય સંબંધો પર ન પડે. આ સંદર્ભમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની સંભવિત ચીન મુલાકાત પણ મહત્વપૂર્ણ બની શકે છે. જિનપિંગની સંભવિત ભારત મુલાકાત પહેલાં ડોભાલ બેઈજિંગ જઈને 25મા રાઉન્ડની વિશેષ પ્રતિનિધિ વાટાઘાટોમાં ભાગ લઈ શકે છે. આ દરમિયાન તેમની ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત થવાની શક્યતા છે.



ભારત અને ચીન વચ્ચેની આ વાતચીતમાં સરહદ વ્યવસ્થાપન, LAC પર તણાવ ઘટાડવો અને લાંબા ગાળાની શાંતિ સ્થાપિત કરવાના ઉપાયો મુખ્ય મુદ્દા બની શકે છે. બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સરહદ પર સ્થિતિ સુધારવા માટે અલગ-અલગ સ્તરે વાતચીત થઈ રહી છે અને હવે આ પ્રક્રિયાને વધુ આગળ વધારવાનો પ્રયાસ થઈ શકે છે.

જિનપિંગ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સંભવિત મુલાકાત થાય તો LAC ઉપરાંત બંને દેશો વચ્ચેના વેપાર અને આર્થિક સંબંધો પણ મહત્વના મુદ્દા બની શકે છે. ભારત અને ચીન વચ્ચે મોટા પ્રમાણમાં વેપાર થાય છે, પરંતુ ભારતની ચીન સાથેની વેપાર ખાધ લાંબા સમયથી ચિંતાનો વિષય છે. ભારત ચીનથી થતી આયાત પર પોતાની નિર્ભરતા ઘટાડવા અને વેપારમાં વધુ સંતુલન લાવવા માંગે છે.

રેર અર્થ મેગ્નેટ, ઈલેક્ટ્રોનિક ઘટકો અને અન્ય મહત્વપૂર્ણ ઔદ્યોગિક સામગ્રીના પુરવઠાનો મુદ્દો પણ ભારત માટે મહત્વપૂર્ણ છે. આધુનિક ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ અને વિવિધ ટેકનોલોજી ક્ષેત્રોમાં આવા ઘટકોની જરૂરિયાત વધી રહી છે. તેથી ભારત એક તરફ ચીન સાથે વેપાર સંબંધો જાળવી રાખવા માંગે છે, જ્યારે બીજી તરફ મહત્વપૂર્ણ સપ્લાય ચેઈન માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવા પણ પ્રયાસ કરી રહ્યું છે.

ભારત અને ચીન વચ્ચે સરહદી વેપાર તથા વિઝા પ્રક્રિયાને સરળ બનાવવાના મુદ્દાઓ પર પણ વાતચીત ચાલી રહી છે. ઉત્તરાખંડના લિપુલેખ અને સિક્કિમના શિપકી લા પાસથી સરહદી વેપાર ફરી શરૂ થવો બંને દેશો વચ્ચેના સંબંધોમાં ધીમે ધીમે સામાન્ય સ્થિતિ લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત કૈલાશ માનસરોવર યાત્રા પણ ફરી શરૂ થઈ છે, જે બંને દેશોના લોકો વચ્ચેના ધાર્મિક અને સાંસ્કૃતિક સંપર્ક માટે મહત્વપૂર્ણ છે.

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ભારતમાં યોજાનારી BRICS બેઠકનું મહત્વ અનેકગણું વધી ગયું છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ બંને સંમેલનમાં હાજરી આપે તો ભારતને એક જ મંચ પર વિશ્વની બે મોટી શક્તિઓ સાથે ઉચ્ચ સ્તરીય રાજદ્વારી વાતચીત કરવાની તક મળશે. ખાસ કરીને ભારત-રશિયા સંબંધો, ભારત-ચીન સંબંધો અને બદલાતા વૈશ્વિક ભૂરાજકીય સમીકરણોને જોતા આ બેઠક ખૂબ મહત્વપૂર્ણ બની શકે છે.

સંમેલન દરમિયાન મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય મુલાકાત થાય તો LAC પર શાંતિ અને સરહદી વિવાદ ઉપરાંત બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસો પર ચર્ચા થઈ શકે છે. બંને દેશો વચ્ચે સીધી રાજદ્વારી વાતચીત વધારવી અને તણાવને નિયંત્રિત રાખવો એ ભારત માટે મહત્વપૂર્ણ રહેશે.

આ વર્ષે BRICSની અધ્યક્ષતા ભારત પાસે છે. BRICSમાં મૂળ ભારત, રશિયા, ચીન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા સામેલ હતા, પરંતુ હવે તેનો વિસ્તાર થયો છે. ઈજિપ્ત, ઈરાન, ઈથોપિયા, સંયુક્ત આરબ અમીરાત અને ઈન્ડોનેશિયા પણ જૂથમાં સામેલ થયા છે. આ વિસ્તરણ બાદ BRICSનું વૈશ્વિક આર્થિક અને રાજકીય મહત્વ વધુ વધ્યું છે. ભારતની અધ્યક્ષતામાં સમગ્ર વર્ષ દરમિયાન દેશના અલગ-અલગ શહેરોમાં વિવિધ બેઠકો, મંત્રીસ્તરીય સંમેલનો અને ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ યોજાઈ રહી છે. ભારત BRICSને માત્ર રાજકીય ચર્ચા માટેનું મંચ ન રાખીને વેપાર, રોકાણ, ટેક્નોલોજી અને વિકાસ સાથે જોડાયેલા મુદ્દાઓ માટે વધુ અસરકારક પ્લેટફોર્મ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# બાંગ્લાદેશમાં 35 વર્ષ પછી આજે રાષ્ટ્રપતિની ચૂંટણી: 349 સાંસદો મત આપશે, મતોની ગણતરી લાઇવ થશે

**ઢાકા, તા.20**

બાંગ્લાદેશમાં 35 વર્ષ પછી આજે રાષ્ટ્રપતિ ચૂંટણી યોજાવા જઈ રહી છે. બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિને જનતા સીધા ચૂંટતી નથી. સંસદના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણી કરે છે. તેમાં સંસદના કુલ 349 સાંસદો મત આપી શકશે. બાંગ્લાદેશના મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને જણાવ્યું કે ચૂંટણીમાં પારદર્શિતા માટે મતોની ગણતરીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ પદ માટે સત્તાધારી પક્ષ BNPના ઉમેદવાર મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીર અને મુખ્ય વિરોધ પક્ષ જમાત-એ-ઈસ્લામીના નેતૃત્વ હેઠળના 11 પક્ષોના ગઠબંધનના ઉમેદવાર કર્નલ (નિવૃત્ત) ઓલી અહેમદ સામસામે હશે. ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં BNPને સંસદમાં બે-તૃતીયાંશ બહુમતી મળી હતી. તેથી ફખરુલની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ગુરુવારે બપોરે 2 થી સાંજે 5 વાગ્યા સુધી મતદાન થશે. મત રાષ્ટ્રીય સંસદના સત્ર કક્ષમાં નાખવામાં આવશે. મતદાન શરૂ થાય તે પહેલાં મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીન સાંસદોને મત આપવાની રીત સમજાવશે.

બાંગ્લાદેશી મીડિયા અનુસાર, ચૂંટણી પંચે મંગળવારે બેલેટ પેપર તૈયાર કરવાનું કામ શરૂ કરી દીધું હતું. દરેક બેલેટ પેપરમાં એક ભાગ રેકોર્ડ માટે અને બીજો મત આપવા માટે હશે. સાંસદે બેલેટ પેપર લેતા પહેલાં નિર્ધારિત જગ્યાએ પોતાનું નામ લખીને હસ્તાક્ષર કરવા પડશે. ત્યારબાદ તેઓ પોતાની પસંદગીના ઉમેદવારના નામની સામે પોતાનું નામ લખીને હસ્તાક્ષર કરશે.



ચૂંટણી પંચના સિનિયર સેક્રેટરી અખ્તર અહેમદે મંગળવારે જણાવ્યું કે બંને ઉમેદવારોનું નામાંકન માન્ય જણાયું છે. નામ પાછું ખેંચવાની સમયમર્યાદા મંગળવારે સાંજે 4 વાગ્યે પૂરી થઈ ગઈ, પરંતુ બંનેમાંથી કોઈએ પણ નામ પાછું ખેંચ્યું નથી. બાંગ્લાદેશમાં અત્યાર સુધીમાં 12 રાષ્ટ્રપતિ ચૂંટણીઓ થઈ છે. તેમાંથી 8 વખત રાષ્ટ્રપતિ બિનહરીફ ચૂંટાયા હતા. બંધારણ લાગુ થયા પછી પ્રથમ રાષ્ટ્રપતિ ચૂંટણી 1974માં થઈ હતી, જેમાં સાંસદોએ મત આપીને મોહમ્મદ મોહમ્મદુલ્લાહને પસંદ કર્યા હતા.

1975માં બંધારણીય સુધારા પછી રાષ્ટ્રપતિની ચૂંટણી સીધી જનતા દ્વારા કરાવવાની વ્યવસ્થા થઈ. આ અંતર્ગત 1978, 1981 અને 1986માં સતત ત્રણ વખત જનતાએ રાષ્ટ્રપતિને ચૂંટ્યા.

1991માં ફરીથી સંસદીય વ્યવસ્થા લાગુ થઈ અને રાષ્ટ્રપતિની ચૂંટણી ફરીથી સાંસદો દ્વારા થવા લાગી. 1991માં બે ઉમેદવારો વચ્ચે મુકાબલો થયો. ત્યારબાદ 2023 સુધીની તમામ ચૂંટણીઓ બિનહરીફ રહી, કારણ કે હારના ડરથી વિપક્ષે ઉમેદવાર ઉતાર્યો ન હતો. 1991 પછી 35 વર્ષમાં પ્રથમ વખત બાંગ્લાદેશમાં રાષ્ટ્રપતિ પદ માટે મુકાબલો થઈ રહ્યો છે. એટલે કે સાંસદોએ મતદાન કરવું પડશે.

રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલાં બુધવારે રાષ્ટ્રીય સંસદમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના સાંસદોની બેઠક યોજાઈ હતી. વડાપ્રધાનના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી ઝાહિદુલ ઈસ્લામ રોનીએ જણાવ્યું કે બેઠક બપોરે 4 વાગ્યે સંસદમાં યોજાઈ હતી. બેઠકની અધ્યક્ષતા વડાપ્રધાન તારિક રહેમાને કરી હતી. BNP ના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ફખરુલ ઈસ્લામ આલમગીર પણ બેઠકમાં હાજર રહ્યા હતા. બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીને 24 જુલાઈએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે રાજીનામાનું કારણ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ જણાવ્યું હતું. જોકે, અનેક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમણે પૂર્વ પીએમ શેખ હસીના સાથે ફોન પર વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમાચાર બહાર આવ્યા બાદ વડાપ્રધાન નારાજ થયા હતા.

# અમેરિકામાં RSS પર પ્રતિબંધ મૂકવાની માગ: મોહન ભાગવતની મુલાકાત પહેલાં US ધાર્મિક સ્વતંત્રતા આયોગે કહ્યું- સંઘના નેતાઓને સન્માન ન મળે

**વોશિંગ્ટન, તા.20**

અમેરિકામાં RSS પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી છે. આ માંગ બુધવારે અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગ એટલે કે USCIRF દ્વારા કરવામાં આવી છે.

USCIRFના અધિકારીઓએ અમેરિકી સરકારને RSS નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવા અને તેમની સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો ન કરવા જણાવ્યું છે.

આયોગના ચેરમેન આસિફ મહેમૂદે કહ્યું કે પીએમ મોદી RSSના સભ્ય છે અને RSSના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કર્યા છે.

મહેમૂદનું આ નિવેદન RSS પ્રમુખ મોહન ભાગવતના અમેરિકા પ્રવાસના થોડા દિવસો પહેલા આવ્યું છે.

ભાગવત 29 ઓગસ્ટે ન્યૂયોર્કમાં અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ (AHEAD) દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ'માં ભાગ લેવાના છે.

USCIRF કમિશનર જીન મિલ્સે કહ્યું કે RSS નેતાઓ ભલે ભારતીય સરકાર સાથે જોડાયેલા હોય, તેમ છતાં તેમને ઉચ્ચ સ્તરીય બેઠકો કે રાજદ્વારી સન્માનના હકદાર ન માનવા જોઈએ.

મિલ્સે કહ્યું કે તેના બદલે અમેરિકી સરકારે ધાર્મિક આસ્થાની સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર ઠરેલા RSS સભ્યો પર પ્રતિબંધ લગાવવા પર ધ્યાન આપવું જોઈએ. મહમૂદે પોસ્ટમાં



તેમના પર હુમલા કર્યા છે.

હવે RSS પ્રમુખ મોહન ભાગવત અમેરિકા આવવાની યોજના બનાવી રહ્યા છે."

યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એટલે કે USCIRF અમેરિકાની એક સ્વતંત્ર સરકારી સંસ્થા છે. તેને અમેરિકી કોંગ્રેસે 1998ના ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એક્ટ હેઠળ બનાવ્યું હતું.

જુદા જુદા દેશોમાં ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક ઉત્પીડનની સ્થિતિનું નિરીક્ષણ કરે છે.

પોતાના સંશોધન અને તપાસના આધારે વાર્ષિક અહેવાલ બહાર પાડે છે.

અમેરિકી રાષ્ટ્રપતિ, વિદેશ મંત્રી અને કોંગ્રેસને નીતિગત ભલામણો આપે છે.

કેટલાક દેશોને Country of Particular Concern (CPC) જાહેર કરવાની ભલામણ કરી શકે છે. બિન-સરકારી સંગઠનો/જૂથો માટે EPC ની ભલામણ કરી શકે છે. અમેરિકી સરકારને પ્રતિબંધો, રાજદ્વારી દબાણ અથવા અન્ય પગલાં લેવાની ભલામણ કરી શકે છે. USCIRF- માત્ર સલાહ અને દેખરેખ રાખતી સંસ્થા. યુએસ સરકાર- અંતિમ નીતિ અને કાર્યવાહી કરવામાં સક્ષમ.

એટલે કે જો USCIRF કોઈ દેશ કે સંગઠન પર પ્રતિબંધની ભલામણ કરે છે, તો પ્રતિબંધ આપમેળે લાગુ પડતો નથી.

અમેરિકી સરકારે તે ભલામણ પર અલગથી નિર્ણય લેવો પડે છે. USCIRF પોતે પ્રતિબંધ લગાવતી એજન્સી નથી.

કારણ કે આ કોઈ ખાનગી NGO નથી. આ અમેરિકી સરકારની સત્તાવાર, કોંગ્રેસ દ્વારા બનાવવામાં આવેલી સંસ્થા છે અને તેના સભ્યો રાષ્ટ્રપતિ તથા અમેરિકી કોંગ્રેસના બંને મુખ્ય રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.

તેના અહેવાલો અમેરિકી વિદેશ નીતિમાં ઈનપુટ અને રાજકીય દબાણનું કામ કરી શકે છે. જોકે, તેની ભલામણ અને અમેરિકી સરકારનો અંતિમ નિર્ણય અલગ-અલગ બાબતો છે.

માર્ચમાં USCIRFના વાર્ષિક રિપોર્ટમાં ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના કથિત ઉલ્લંઘનોની ટીકા કરવામાં આવી હતી.

રિપોર્ટમાં RSS અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW) જેવી સંસ્થાઓ અને કેટલાક લોકો પર પ્રતિબંધ મૂકવાનું સમર્થન કરવામાં આવ્યું હતું. રિપોર્ટમાં તેમને ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનો માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

ભારતે USCIRFના રિપોર્ટને ફગાવી દીધો હતો. ભારતે કહ્યું હતું કે આ સંગઠન સતત દેશની ખરાબ છબી રજૂ કરે છે જે શંકાસ્પદ સ્ત્રોતો અને વૈચારિક કથાઓ પર આધારિત હોય છે.

# હોર્મુઝમાં અમેરિકા પર ભારે પડ્યું ઈરાન: ટ્રમ્પની ધમકી છતાં જહાજો ઈરાની રૂટ પરથી પસાર થયા, માત્ર 3 જહાજોએ ઓમાની રસ્તો પસંદ કર્યો

**તેહરાન, તા.20**

હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા મોટાભાગના જહાજો પોતાની ઓળખ કે રસ્તો છુપાવી રહ્યા છે. અલ જઝીરાના રિપોર્ટ અનુસાર, 1થી 19 ઓગસ્ટ વચ્ચે 236 જહાજો અહીંથી પસાર થયા, પરંતુ 148 જહાજોનો માર્ગ સ્પષ્ટપણે જાણી શકાયો નહીં.

આ આંકડા દર્શાવે છે કે ટ્રમ્પની ધમકીઓ છતાં ઘણા જહાજો ઈરાની માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. આનાથી એ પ્રશ્ન ઊભો થાય છે કે હોર્મુઝ સ્ટ્રેટમાં આ સમયે અમેરિકાનું વર્ચસ્વ વધુ છે કે ઈરાનનું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા દરિયાઈ ટ્રાફિક પર અમેરિકી સેનાનું નિયંત્રણ છે. તેમણે એ પણ સંકેત આપ્યો છે કે અમેરિકા આ વિસ્તારની જવાબદારી પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કરી શકે છે.

જ્યારે, ઈરાનનું કહેવું છે કે તેહરાનની મંજૂરી વિના કોઈ જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ શકતું નથી. આવા સંજોગોમાં, બંને દેશોના દાવાઓ વચ્ચે સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે વાસ્તવમાં આ માર્ગ પર કોનું નિયંત્રણ છે.

ટ્રમ્પે ઓમાન પર બોમ્બમારો કરવાની ધમકી પણ આપી છે. ઓમાન અમેરિકાનો સહયોગી છે અને હોર્મુઝ સ્ટ્રેટની બીજી તરફ ઈરાનની સામે સ્થિત છે. સ્ટ્રેટનો દરિયાઈ વિસ્તાર ઈરાન અને ઓમાન બંનેના અધિકાર ક્ષેત્રમાં આવે છે.

ટ્રમ્પની ધમકીનો હેતુ મસ્કટને તેહરાન સાથે હોર્મુઝ સ્ટ્રેટનું સંયુક્ત સંચાલન કરવાના કરારથી રોકવાનો હોવાનું જણાવાયું છે.


યુદ્ધ શરૂ થતા પહેલા હોર્મુઝને એક જ દરિયાઈ માર્ગ માનવામાં આવતો હતો. જહાજો નિર્ધારિત માર્ગેથી પસાર થતા હતા. તેમનો માર્ગ બંદર, જહાજના કરાર અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને નક્કી થતો હતો. પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યા પછી અહીં બે અલગ માર્ગોની વાત થવા લાગી.

ઈરાની માર્ગ: આ હોર્મુઝના ઉત્તરીય ભાગમાં ઈરાનના કિનારા પાસે છે. આ લારક અને કિશ્મ ટાપુઓની નજીકથી પસાર થાય છે અને ઈરાનના બંદરો અને તેલ ટર્મિનલો સુધી જાય છે.

ઓમાની માર્ગ: આ હોર્મુઝના દક્ષિણી ભાગમાં ઓમાનની નજીક છે અને ઈરાનના કિનારાથી દૂર છે. અમેરિકા આ જ માર્ગેથી જહાજોને પસાર થવા પર ભાર મૂકે છે. અમેરિકી નૌકાદળની સુરક્ષામાં ચાલતા ઘણા કોમર્શિયલ જહાજો પણ આ જ માર્ગનો ઉપયોગ કરે છે.

દરિયાઈ ગુપ્તચર કંપની કેપ્લર અનુસાર, 1થી 19 ઓગસ્ટની વચ્ચે 112 તેલ, એલપીજી અને એલએનજી લઈ જતા જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયા.

તેમાંથી 21 જહાજો ખુલ્લેઆમ



ઈરાની રસ્તેથી ગયા, જ્યારે માત્ર 2 જહાજોએ ઓમાની રસ્તાનો ઉપયોગ કર્યો.

બાકીના 89 જહાજોનો રસ્તો સ્પષ્ટ ન હતો. એટલે કે, આ સમયગાળા દરમિયાન હોર્મુઝમાંથી પસાર થતા 80%થી વધુ તેલ અને ગેસવાળા જહાજોની અવરજવર સંપૂર્ણપણે ટ્રેક થઈ શકી નહીં.

આવું ત્યારે થાય છે જ્યારે જહાજ પોતાની ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (AIS) બંધ કરી દે છે. ઘણીવાર જહાજનો AIS ડેટા કેપ્લર દ્વારા નિર્ધારિત ઈરાની કે ઓમાની રસ્તાઓ સાથે મેળ ખાતો નથી. આવા કિસ્સામાં, જહાજ ખરેખર કયા રસ્તેથી પસાર થયું તે શોધવું મુશ્કેલ બની જાય છે.

1થી 19 ઓગસ્ટની વચ્ચે કુલ 236 જહાજો સ્ટ્રેટમાંથી પસાર થયા. તેમાં તેલ અને ગેસ ઉપરાંત સૂકો માલ અને રસાયણો લઈ જતા જહાજો પણ સામેલ હતા.

એટલે કે, દર 10માંથી 6થી વધુ જહાજો કયા માર્ગેથી પસાર થયા, તે સ્પષ્ટપણે જાણી શકાયું નથી.

યુદ્ધ શરૂ થયા પછી ઈરાન અને અમેરિકા બંનેએ પોતાના નિર્ધારિત દરિયાઈ માર્ગો કે નિયમોનું પાલન ન કરતા જહાજોને ચેતવણી આપી. કેટલાક કિસ્સાઓમાં જહાજો પર હુમલા પણ થયા.

આ જ કારણોસર ઘણા જહાજો તેમના ટ્રાન્સપોન્ડર બંધ કરી રહ્યા છે. આનાથી તેમની સાચી સ્થિતિ અને તેઓ કયા માર્ગે જઈ રહ્યા છે તે શોધવું મુશ્કેલ બને છે.

બ્રિટનના થિંક ટેન્ક ચેથમ હાઉસના એસોસિયેટ ફેલો નીલ ક્વિલિયમે અલ જઝીરાને જણાવ્યું હતું કે ટ્રાન્સપોન્ડર બંધ કરવાથી જહાજની અવરજવર ઓછી દેખાય છે. જોકે, તેનાથી દરિયાઈ સુરક્ષાનો ખતરો પણ વધી જાય છે.

તેમના મતે, કેટલીક જહાજ કંપનીઓ જોખમ હોવા છતાં પોતાનો વ્યવસાય ચાલુ રાખવા માંગે છે, કારણ કે તેમને લાગે છે કે તેનાથી થતો ફાયદો જોખમ કરતાં વધુ છે.

ટ્રાન્સપોન્ડર બંધ કરવાનું એક કારણ સમુદ્રમાં બે જહાજો વચ્ચે સામાનનું ટ્રાન્સફર પણ છે.

એનર્જી એક્સપર્ટ માર્ક અયૂબે અલ જઝીરાને જણાવ્યું કે સાઉદી અરબ, ઈરાક અને કુવૈત સહિત કેટલાક ખાડી દેશોએ ઓમાની રસ્તેથી કેટલીક ખેપ મોકલી. આ માટે કેટલાક જહાજોની ટ્રેકિંગ બંધ કરવામાં આવી અને રસ્તામાં બીજા જહાજોને માલ સોંપવામાં આવ્યો.

તેમના મતે, કેટલાક ઈરાની જહાજો પણ ઓમાની રસ્તાનો ઉપયોગ કરી રહ્યા છે. તેનો હેતુ પ્રતિબંધો અને અમેરિકી નાકાબંધીથી બચવાનો છે.

148 જહાજોનો રસ્તો સ્પષ્ટ ન હોવાને કારણે એ નક્કી કરવું મુશ્કેલ છે કે વાસ્તવમાં કેટલા જહાજો ઈરાની કે ઓમાની રસ્તેથી પસાર થયા.

તેમ છતાં ઉપલબ્ધ આંકડાઓ પરથી એક વાત સામે આવે છે. અમેરિકી નાકાબંધી અને ટ્રમ્પની ધમકીઓ છતાં દર પાંચમાંથી એક જહાજ ખુલ્લેઆમ ઈરાની રસ્તેથી પસાર થયું.

બધા પ્રકારના જહાજોને ભેગા કરીને જોઈએ તો, 35% જહાજોએ સાર્વજનિક રૂપે ઈરાની રસ્તાનો ઉપયોગ કર્યો. તેની સરખામણીમાં ઓમાની કે જૂના રસ્તેથી પસાર થતા જહાજોની સંખ્યા ઘણી ઓછી રહી.

આનાથી સંકેત મળે છે કે ઘણા જહાજો અમેરિકી ધમકીઓ છતાં ઈરાની રસ્તાનો ઉપયોગ કરવા તૈયાર છે. એટલે કે, વર્તમાન પરિસ્થિતિમાં ઈરાનને નારાજ કરવાનો ડર ટ્રમ્પની ધમકીઓ કરતાં વધુ અસરકારક દેખાઈ રહ્યો છે.

અમેરિકા-ઈઝરાયેલનું ઈરાન વિરુદ્ધ યુદ્ધ શરૂ થતા પહેલા, દુનિયાના તેલ અને એલએનજીનો લગભગ પાંચમો ભાગનો પુરવઠો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતો હતો.

ત્યારે દરરોજ લગભગ 130 જહાજો અહીંથી પસાર થતા હતા. તેની સરખામણીમાં ઓગસ્ટના 19 દિવસમાં કુલ 236 જહાજો જ અહીંથી પસાર થયા.

# ચીન બોલ્યું- જાપાન પાસે 5500 પરમાણુ બોમ્બ બનાવવા જેટલું પ્લુટોનિયમ: ચીની રાજદૂતે કહ્યું- ગમે ત્યારે પરમાણુ હથિયાર બનાવી શકે છે

**શાંઘાઈ, તા.20**

ચીને જાપાનની પરમાણુ ક્ષમતા અંગે ચિંતા વ્યક્ત કરી છે. રશિયામાં ચીનના રાજદૂત ઝાંગ હાનહુઈએ દાવો કર્યો કે જાપાન પાસે લગભગ 44.4 ટન અલગ કરાયેલ પ્લુટોનિયમ છે. તેમના મતે, આટલી માત્રામાંથી સૈદ્ધાંતિક રીતે લગભગ 5,500 પરમાણુ હથિયારો બનાવી શકાય છે.

ઝાંગે રશિયન સરકારી સમાચાર એજન્સી તાસ સાથેની વાતચીતમાં જણાવ્યું કે જાપાન પાસે ઉપયોગમાં લેવાયેલા પરમાણુ ઈંધણને ફરીથી પ્રોસેસ કરીને તેમાંથી પ્લુટોનિયમ કાઢવાની ટેકનિક પણ છે.

જોકે, આનો અર્થ એ નથી કે જાપાન પાસે 5,500 પરમાણુ હથિયારો છે. આ ચીન દ્વારા પ્લુટોનિયમની માત્રાના આધારે લગાવવામાં આવેલો અંદાજ છે. જાપાને પરમાણુ હથિયારો રાખવાની કે બનાવવાની નીતિ અપનાવી નથી.

પ્લુટોનિયમ એક રેડિયોએક્ટિવ તત્વ છે. તે પરમાણુ રિએક્ટરમાં યુરેનિયમના ઉપયોગ દરમિયાન બને છે. ઉપયોગમાં લેવાયેલા પરમાણુ ઈંધણને ફરીથી પ્રોસેસ કરીને તેમાંથી પ્લુટોનિયમ અલગ કરી શકાય છે.

જાપાન પાસે વપરાયેલા પરમાણુ ઈંધણને ફરીથી પ્રોસેસ કરવાની ટેકનિક છે. તે પરમાણુ ઊર્જા માટે વપરાયેલા ઈંધણને ફરીથી પ્રક્રિયા કરીને તેમાંથી પ્લુટોનિયમ કાઢતો રહ્યો છે. આ જ કારણોસર, ઘણા દાયકાઓમાં જાપાન પાસે પ્લુટોનિયમનો મોટો ભંડાર જમા થયો છે.

ઝાંગ હાનહુઈના મતે, 2024ના અંત સુધીમાં જાપાન પાસે લગભગ 44.4 ટન અલગ કરાયેલું



પ્લુટોનિયમ હતું.

આ ઉપરાંત, લગભગ 191 ટન એવું પ્લુટોનિયમ પણ જણાવવામાં આવ્યું છે, જે હજુ વપરાયેલા પરમાણુ ઈંધણમાંથી અલગ કરવામાં આવ્યું નથી.

બંને આંકડાઓ વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. 44.4 ટન તે પ્લુટોનિયમ છે જેને ઈંધણમાંથી અલગ કરવામાં આવ્યું છે, જ્યારે 191 ટન હજુ ઈંધણમાં હાજર હોવાનું જણાવાયું છે.

ચીનનો 5,500 પરમાણુ હથિયારોનો દાવો 44.4 ટન અલગ કરાયેલા પ્લુટોનિયમના જથ્થા પર આધારિત છે. તેને જાપાન પાસે ઉપલબ્ધ તૈયાર પરમાણુ હથિયારોની સંખ્યા માની શકાય નહીં.

ચીનના રાજદૂતે કહ્યું કે જાપાન પરમાણુ અપ્રસાર સંધિ એટલે કે NPTનો સભ્ય છે અને તેની પાસે પરમાણુ હથિયારો નથી. પરંતુ જાપાન પાસે ઉપયોગમાં લેવાયેલા પરમાણુ ઈંધણને ફરીથી પ્રોસેસ કરીને પ્લુટોનિયમ કાઢવાની ટેકનોલોજી છે.

ઝાંગના મતે, જો જાપાન ક્યારેય પરમાણુ હથિયારો બનાવવાનો નિર્ણય કરે છે અને તેની પાસે આ માટે જરૂરી ક્ષમતા હોય છે, તો તેના માટે પરમાણુ હથિયારો બનાવવાની સંભાવના માત્ર કલ્પના નહીં રહે.

તેમણે એમ પણ કહ્યું કે જો ટોકિયો પરમાણુ હથિયારો બનાવવાનો નિર્ણય કરે છે, તો તેનાથી પૂર્વોત્તર એશિયામાં શક્તિ સંતુલન બગડી શકે છે અને આ વિસ્તારમાં પરમાણુ હથિયારોની સ્પર્ધા શરૂ થવાનો ખતરો વધી શકે છે. જોકે, આ ચીની રાજદૂતના દાવા અને આશંકાઓ છે. તેનાથી એ સાબિત થતું નથી કે જાપાન પરમાણુ હથિયારો બનાવવાની તૈયારી કરી રહ્યું છે.

જાપાનની પરમાણુ નીતિ તેના ત્રણ બિન-પરમાણુ સિદ્ધાંતો પર આધારિત છે. તેની ઘોષણા 1967માં તત્કાલીન વડાપ્રધાન ઈસાકુ સાતોએ કરી હતી. બાદમાં 1971માં જાપાની સંસદે તેને અપનાવ્યા.

આ સિદ્ધાંતો પાછળ હિરોશિમા અને નાગાસાકી પર થયેલા પરમાણુ હુમલાઓની ઊંડી અસર પણ માનવામાં આવે છે. જાપાનમાં પરમાણુ હથિયારોને લઈને લાંબા સમયથી વિરોધ રહ્યો છે.

# UAEમાં પાકિસ્તાન સાથે ભેદભાવ થયો!: ફ્લાઈટ રદ થતાં અમેરિકન-ભારતીયોને રૂમ મળ્યા, પણ પાકિસ્તાનીઓને રઝળાવી દીધા: PAK સાંસદનો આરોપ

**ઈસ્લામાબાદ, તા.20**

પાકિસ્તાનના સાંસદ અને નેશનલ એસેમ્બલીના પૂર્વ સ્પીકર અસદ કૈસરે UAEમાં પાકિસ્તાની મુસાફરો સાથે ભેદભાવનો આરોપ લગાવ્યો છે. તેમણે મંગળવારે સંસદમાં જણાવ્યું કે ફ્લાઈટ રદ થયા બાદ હોટલમાં રોકાણ દરમિયાન ભારતીય અને અમેરિકી નાગરિકોને રૂમ આપ્યા, જ્યારે પાકિસ્તાની મુસાફરોને રહેવાની સુવિધા મળી નહીં.

કૈસરે દાવો કર્યો કે તેઓ પોતે આ ઘટના દરમિયાન ત્યાં હાજર હતા. તેમના મતે, ફ્લાઈટ રદ થયા બાદ મુસાફરોને હોટલમાં રોકાવાની વ્યવસ્થા કરવામાં આવી રહી હતી.

કૈસરે પાકિસ્તાનના વિદેશ મંત્રાલય અને વિદેશ મંત્રીને આ મામલો UAE અધિકારીઓ સમક્ષ ઉઠાવવાની માગ કરી. તેમણે કહ્યું કે પાકિસ્તાન અને UAE વચ્ચે ગાઢ સંબંધો છે અને આવી ઘટનાઓથી બંને દેશોના સંબંધો પર અસર થવી



ન જોઈએ. તેમણે UAEને પાકિસ્તાનનો 'ઈસ્લામિક ભાઈ દેશ' ગણાવતા કહ્યું કે UAEના વિકાસમાં પાકિસ્તાનીઓનું પણ યોગદાન રહ્યું છે.

કૈસરે એવો પણ દાવો કર્યો હતો કે એક પ્રતિનિધિમંડળે તેમને મળીને UAEમાં આવા જ વર્તનની ફરિયાદ કરી હતી. જોકે, તેમણે પોતાના દાવાના સમર્થનમાં હોટલનું નામ, મુસાફરોની સંખ્યા કે કોઈ દસ્તાવેજ જાહેર કર્યો નથી.

UAEના જનરલ સિવિલ એવિએશન ઓથોરિટી (GCAA) ના પેસેન્જર વેલફેર પ્રોગ્રામ હેઠળ, ફ્લાઈટ રદ થવા અથવા લાંબા સમય સુધી વિલંબ થવા પર એરલાઈનને મુસાફરોની જરૂરિયાત મુજબ સહાય પૂરી પાડવી પડે છે.

જો મુસાફરોને 8 કલાકથી વધુ રાહ જોવી પડે, તો નિયમો હેઠળ હોટેલ, ભોજન-પાણી, સંચાર અને એરપોર્ટથી હોટેલ સુધી આવવા-જવાની સુવિધાની જોગવાઈ છે.

કનેક્ટિંગ ફ્લાઈટ છૂટી જવા અને આગામી સંભવિત ફ્લાઈટ 8 કલાકથી વધુ સમય પછી હોવા છતાં પણ હોટેલની વ્યવસ્થા કરી શકાય છે. GCAAના નિયમોમાં હોટેલ અને અન્ય મુસાફર સુવિધાઓને ફ્લાઈટના વિલંબ, રદ્દીકરણ અને કનેક્શનની સ્થિતિ સાથે જોડવામાં આવી છે. ભારતીય, અમેરિકન કે પાકિસ્તાની પાસપોર્ટના આધારે અલગ-અલગ હોટેલ સુવિધા આપવાનો કોઈ સામાન્ય નિયમ નથી. એટલે જો વર્તમાન કિસ્સામાં પાસપોર્ટના આધારે મુસાફરોને અલગ સુવિધા આપવામાં આવી, તો તે સામાન્ય મુસાફર-સહાયતા નિયમોથી અલગ કિસ્સો હશે.

તંત્રી લેખ

# કોંગ્રેસના વિરોધથી ભાગવતનો અમેરિકા પ્રવાસ વિવાદમાં

આરએસએસ પ્રમુખ મોહન ભાગવત ૨૫ ઓગસ્ટથી અમેરિકા, કેનેડા અને યુકેના પ્રવાસે જવાના છે. પ્રવાસ દરમિયાન તેઓ મૂળ ભારત નિવાસીઓ સાથે સંવાદ કરવાના છે. કોંગ્રેસના મહામંત્રી અને સાંસદ જયરામ રમેશના આક્ષેપ પ્રમાણે દેશની ઘણી આઈઆઈટીના ડિરેક્ટરોને કહેવામાં આવ્યું છે કે એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરે કારણ કે તેઓ અમેરિકામાં ભાગવત સાથે મીટીંગ કરી શકે. વિદેશમાં મૂળ ભારતીયો સાથે જોડાયેલા સ્થાનિક સંગઠનો અને સંસ્થાઓ ભાગવતને આમંત્રીત કરે એ માટે પ્રયત્નો થઈ રહ્યા છે. આરએસએસનું કહેવું છે કે ભાગવતનો પ્રવાસ સંઘના શતાબ્દી વર્ષને કારણે ગોઠવાયો છે. આરએસએસના પ્રચાર પ્રમુખ સુનિલ આંબેકરે અગાઉ કહ્યું હતું કે ભાગવતનો વિદેશ પ્રવાસ વિદેશની સંસ્થાઓ અને ત્યાના સંગઠનોએ ગોઠવ્યો છે. તામિલનાડુમાં વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા રોકવાના નિર્ણય બાબતે વિજયની સરકાર બેકફુટ પર આવી ગઈ છે. આ હુકમનો ભારે વિરોધ થયા પછી ટીવીકેએ હુકમ પાછો ખેંચી લીધો છે. પહેલા જોસેફ વિજયની સરકારે વિદ્યાર્થીઓને સામ્યવાદ અને સીજેપી જેવા સંગઠનો દ્વારા થતા વિરોધ પ્રદર્શનથી દુર રહેવાની વાત કહી હતી. આ વાત જાણતા જ કોકરોચ જનતા પાર્ટી આક્રમક બની ગઈ હતી. તામિલનાડુ સરકારનો હુકમ સ્કૂલો અને કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ યુવાનોને અસર કરનારો હતો. અધિકારીઓ અને સત્તાધિશોને ડાબેરીઓ તેમજ કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને અટકાવવા માટે કહેવામાં આવ્યું હતું. જંતર મંતર ખાતે જે રીતે કોકરોચ જનતા પાર્ટીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કેન્દ્ર સરકારે છેવટે નમતુ જોખવું પડયું હતુ એમાંથી શીખીને વિજય સરકારે પણ પારોઠના પગલા ભર્યા છે. બસના ભાડામાં વધારો, સ્કૂલોને શહેરની બહાર લઈ જવાની યોજના અને ચાર સંસ્થાઓને કેન્દ્રીય વિદ્યાલય સીસ્ટમ હેઠળ લાવવાનો પ્રસ્તાવ, આ ત્રણ બાબતોમાં સમાનતા નથી. જોકે મધ્યપ્રદેશમાં આ ત્રણે વાતને કારણે એક સરખી પ્રતિક્રિયા જોવા મળી છે. સ્કૂલના વિદ્યાર્થીઓને જેન આલ્ફા તરીકે ઓળખવામાં આવે છે. જેન આલ્ફા હવે સ્કૂલ બહાર નીકળીને સત્તાધિશો સામે વિરોધ પ્રદર્શન કરવા માંડયા છે. આમાંથી કોઈપણ વિરોધ પ્રદર્શનનું આયોજન કોઈ છાત્રસંઘ, શિક્ષક સંગઠન કે રાજકીય પાર્ટીના કાર્યકરોએ કર્યું નથી. આ બધા વિરોધ પ્રદેશનની આગેવાની બધા સ્કૂલના વિદ્યાર્થીઓએ લીધી છે. પહેલું વિરોધ પ્રદર્શન વીદીસા જિલ્લાના સીરોજં બસ સ્ટેન્ડ પર કરવામાં આવ્યું હતું. કન્યા હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થિનીઓ જે :ટ પરથી બસમાં આવજા કરતી હતી ત્યાંના ખાનગી બસ ઓપરેટરોએ ભાડુ ૧૦ :પિયાથી વધારીને ૨૫ :પિયા કરી નાખ્યું હતું. આ જ રીતે બીજા નિર્ણયોના વિરોધ પ્રદર્શનો અલગ અલગ જિલ્લાઓમાં શ: થયા છે. મધ્યપ્રદેશની ભાજપ સરકાર ટેન્શનમાં આવી ગઈ છે.

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના કાર્યકારી પ્રમુખ તેજસ્વી યાદવ લોકભવન માર્ચના બહાને વિરોધ પક્ષના નેતાની ભૂમિકામાં આવી ગયા છે. નવાઈની વાત એ છે કે સીવાન ફાયરીંગનો તેજસ્વી યાદવ વિરોધ કરી રહ્યા છે એ કિસ્સામાં તો એકે-૪૭ થી ફાયરીંગ કરનાર પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સીવાનના એસપીની બદલી પણ કરી નાખવામાં આવી છે. સવાલ એ છે કે બનાવ બન્યાના આટલા દિવસ પછી તેજસ્વી યાદવ કેમ રસ્તા પર ઉતર્યા છે? રાજ્યમાં જ્યારે વિવાદાસ્પદ બનાવો બની રહ્યા હતા ત્યારે તેજસ્વી યાદવ વિદેશ હતા. વિદેશથી આવીને હવે એમણે પોતાનું અલગ વિરોધ પ્રદર્શન ચાલુ કર્યું છે. નવાઇ એ વાતની છે કે તેજસ્વી યાદવના વિરોધ પ્રદર્શનમાં મદદે બીજા કોઈ રાજકીય પક્ષો આવ્યા નથી. તેજસ્વી યાદવે બીજા વિરોધ પક્ષોને સાથે રહેવા માટે પણ કહ્યું નથી. તેજસ્વીનો કોંગ્રેસને મેસેજ છે તે તેઓ હવે બિહારમાં એકલે હાથે જ એનડીએનો વિરોધ કરશે. વીર સાવરકરના પ્રપોત્ર સત્યકી સાવરકરએ એવું કહ્યું છે કે, નાથુરામ ગોડસે આરએસએસ સાથે સંકળાયેલા હતા. આ નિવેદન પછી કોંગ્રેસ આક્રમક મૂડમાં છે.

તુર્કી વિશ્વમાં પોતાનો પ્રભાવ વધારવા માંગે છે. બીજી તરફ સાઉદી અરેબિયા ઈરાન સામે સુરક્ષા ઈચ્છે છે. સૌથી મહત્ત્વનું એ છે કે, પાકિસ્તાન આર્થિક કટોકટી અને અન્ય મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા રસ્તો શોધે છે. તુર્કી, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચેનો મક્કા સંરક્ષણ કરાર સહિયારી સુરક્ષાને બદલે તેમના જુદા-જુદા તાત્કાલિક સ્વાર્થો પર આધારિત છે. વ્યૂહાત્મક વિરોધાભાસ અને નબળા પાયાને કારણે તેની લાંબા ગાળાની અસર મર્યાદિત રહેશે

# તુર્કી-પાકિસ્તાન-સાઉદી રક્ષાકરાર : ઇસ્લામિક એકતા કે સ્વાર્થનો સંબંધ!

## તુર્કીને વિશ્વમાં પ્રભાવ વધારવો છે તો સાઉદીને પોતાની સુરક્ષા કરવી છે ત્યાં પાકિસ્તાનના ખાલી ખિસ્સાં ભરી આપે તેવા સાથીની શોધ ત્રણેયને સાથે લાવી છે

તુર્કી વિશ્વમાં પોતાનો પ્રભાવ વધારવા માંગે છે. બીજી તરફ સાઉદી અરેબિયા ઈરાન સામે સુરક્ષા ઈચ્છે છે. સૌથી મહત્ત્વનું એ છે કે, પાકિસ્તાન આર્થિક કટોકટી અને અન્ય મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા રસ્તો શોધે છે. તુર્કી, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચેનો મક્કા સંરક્ષણ કરાર સહિયારી સુરક્ષાને બદલે તેમના જુદા-જુદા તાત્કાલિક સ્વાર્થો પર આધારિત છે. વ્યૂહાત્મક વિરોધાભાસ અને નબળા પાયાને કારણે તેની લાંબા ગાળાની અસર મર્યાદિત રહેશે : આ ઊભરી રહેલા સુરક્ષા સમીકરણને અત્યારે નાટો જેવી સંસ્થાગત સૈન્ય વ્યવસ્થાનું નામ આપવું યોગ્ય નથી. નાટોની શક્તિ માત્ર તેના સભ્ય દેશોની સૈન્ય ક્ષમતામાં નથી, પરંતુ સહિયારી સંસ્થાઓ, સંકલિત કમાન્ડ માળખું, નિયમિત સૈન્ય સહયોગ, સ્પષ્ટ જવાબદારીઓ અને દાયકાઓથી વિકસિત સામૂહિક સુરક્ષાની રાજકીય પ્રતિબદ્ધતામાં રહેલી છે : પાકિસ્તાનની સમસ્યા એ છે કે તેની વિદેશ નીતિ અવારનવાર આંતરિક નબળાઈઓના કારણે જોખમમાં આવી જાય છે.

મક્કામાં તુર્કી, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા વચ્ચે થયેલો સંયુક્ત સંરક્ષણ કરાર વર્તમાન સમયમાં ખૂબ જ ચર્ચામાં છે. તેનો મૂળ સિદ્ધાંત એ છે કે ત્રણેયમાંથી કોઈપણ એક દેશ પર થયેલો સશસ્ત્ર હુમલો જૂથના તમામ દેશો પર થયેલો હુમલો ગણાશે. પ્રથમ દ્રષ્ટિએ આ ઈસ્લામિક વિશ્વમાં સામૂહિક સુરક્ષાની નવી શ:આત જેવું જણાય છે, પરંતુ તેની વાસ્તવિકતા આના કરતાં ઘણી વધુ જટિલ છે. સામાન્ય રીતે આવા ગઠબંધનો આંતરરાષ્ટ્રીય સ્તરે મોટી અસર કરવાની ક્ષમતા તો ધરાવે છે, પરંતુ તેમની અસર ત્યારે જ લાંબા ગાળાની બને છે જ્યારે તેમની પાછળ સહિયારી વ્યૂહાત્મક દ્રષ્ટિ, પારદર્શિતા, પ્રતિબદ્ધતા અને સ્થાયી હિતો જોડાયેલાં હોય. માત્ર તાત્કાલિક સ્વાર્થો પર રચાયેલા ગઠબંધનો મોટે ભાગે બદલાતી પરિસ્થિતિઓ સાથે નબળા પડી જાય છે. હાલમાં જે રીતે ત્રણ ઈસ્લામિક દેશોએ એકબીજાનો હાથ પકડયો છે તેના કારણે વૈશ્વિક સ્તરે ઘણા તર્કવિતર્કો થઈ રહ્યા છે.

મૂળ મુદ્દે આ કરારના કેન્દ્રમાં પાકિસ્તાનની સુરક્ષા સંબંધિત બેચેની, તુર્કીની વધતી જતી વ્યૂહાત્મક મહત્ત્વાકાંક્ષા અને સાઉદી અરેબિયાની સુરક્ષા ચિંતાઓ સ્પષ્ટ દેખાય છે. જાણકારોના મતે આ નવા સમીકરણમાં ત્રણેય દેશોની જ:રિયાતો અલગ-અલગ છે. તુર્કી વિશ્વમાં પોતાનો પ્રભાવ વધારવા માંગે છે. બીજી તરફ સાઉદી અરેબિયા ઈરાન સામે સુરક્ષા ઈચ્છે છે. સૌથી મહત્ત્વનું એ છે કે, પાકિસ્તાન આર્થિક કટોકટી અને અન્ય મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા રસ્તો શોધે છે. આ ત્રણ જ:રિયાતો જ હાલના સમયે આ દેશોને એકબીજા સાથે જોડાયેલા રહેવા માટે પ્રોત્સાહિત કરી રહી છે.

આ જોડાણના મૂળમાં જઈએ તો, તુર્કીને માત્ર એક મુસ્લિમ દેશ તરીકે જોવો એ તેની વિદેશ નીતિને સમજવામાં મોટી ભૂલ સાબિત થશે. તે નાટો (શચ્છ્ર)નું સભ્ય છે અને યુરોપનો ભાગ છે, રશિયા સાથે કૂટનીતિક સંબંધો જાળવે છે તેમજ ઈરાન સાથે સ્પર્ધા અને સહયોગ બંને કરે છે. તે આરબ વિશ્વમાં પોતાનો પ્રભાવ વધારવાના પ્રયાસમાં છે અને મધ્ય એશિયામાં પોતાના રાષ્ટ્રવાદની સાંસ્કૃતિક શક્તિનો ઉપયોગ કરે છે. તુર્કીના રાષ્ટ્રપ્રમુખ એર્દોગન સ્વાયત્તતા ઈચ્છે છે, તેઓ કોઈપણ એક મહાસત્તાના દોરીસંચારને સ્વીકારીને તેની પાછળ ચાલવા તૈયાર નથી. તુર્કી અમેરિકા સાથે સંબંધ રાખે છે, પરંતુ તેના પર નિર્ભર રહેવા માંગતું નથી. તે રશિયા સાથે વેપાર કરે છે, પરંતુ તેના પ્રભાવ હેઠળ આવવા નથી માંગતું. તે આરબ દેશો સાથે સ્પર્ધા કરે છે, છતાં તે જ દેશોની મૂડી અને બજારો મેળવવા કાયમ ઉત્સુક પણ હોય છે.

બીજી તરફ, તુર્કી અને સાઉદી અરેબિયા વચ્ચેની હરીફાઈ આખી દુનિયાએ જોઈ છ; તેઓ મધ્ય-પૂર્વમાં એકબીજાના પ્રભાવને પડકારતા રહ્યા છે. આ ઉપરાંત 'મુસ્લિમ બ્રધરહુડ' મુદ્દે બંને વચ્ચે મોટો તફાવત રહ્યો છે.



સીરિયા અને ઈજિપ્તના રાજકારણમાં બંનેના રસ્તા જુદા હતા. કતારની કટોકટી વખતે પણ તુર્કીએ દોહાને સાથ આપ્યો હતો, જ્યારે રિયાધ તેની વિરુદ્ધમાં ઊભું હતું. તુર્કીમાં બેરોજગારી એક મોટી સમસ્યા છે અને હવે તે સાઉદી અરેબિયામાં વ્યૂહાત્મક તક શોધી રહ્યું છે. તે સાઉદી અરેબિયાને હથિયારો વેચવા માંગે છે અને ત્યાંથી મોટા પાયે રોકાણ મેળવવાની ઈચ્છા રાખે છે. તેથી, આ ઊભરી રહેલા સુરક્ષા સમીકરણને અત્યારે નાટો જેવી સંસ્થાગત સૈન્ય વ્યવસ્થાનું નામ આપવું યોગ્ય નથી. નાટોની શક્તિ માત્ર તેના સભ્ય દેશોની સૈન્ય ક્ષમતામાં નથી, પરંતુ સહિયારી સંસ્થાઓ, સંકલિત કમાન્ડ માળખું, નિયમિત સૈન્ય સહયોગ, સ્પષ્ટ જવાબદારીઓ અને દાયકાઓથી વિકસિત સામૂહિક સુરક્ષાની રાજકીય પ્રતિબદ્ધતામાં રહેલી છે.

સાઉદી અરેબિયાની સુરક્ષા ચિંતાઓ તેની સૌથી મોટી જ:રીયાત અને મજબૂરી બને ગણી શકાય તેમ છે. સાઉદી અરેબિયા પાસે નાણાં છે, ઊર્જા છે, ધાર્મિક પ્રતિષ્ઠા છે અને આરબ વિશ્વમાં પ્રભાવ પણ છે. પરંતુ સ્વતંત્ર સૈન્ય સુરક્ષા ક્ષમતા તેના માટે મોટો પડકાર છે. સાઉદીનું નેતૃત્વ હવે આ દિશામાં આગળ વધવા માંગે છે. ઈરાક યુદ્ધ, યમન સંઘર્ષ, ડ્રોન હુમલા અને ઈરાન સાથેની વધતી સ્પર્ધાએ સાઉદી અરેબિયાને ચિંતામાં મૂકી દીધું છે. સાઉદી અરેબિયા હવે માત્ર તેલના સામ્રાજ્યથી આગળ વધીને મૂડી, ટેકનોલોજી, ધર્મ અને વ્યૂહાત્મક શક્તિના બળે એક નિર્ણાયક પ્રાદેશિક શક્તિ બનવા માંગે છે. તે ખાડી વિસ્તારમાં પોતાનું પ્રભુત્વ ઊભું કરવા માગે છે. તેમાં હાલમાં અમેરિકા યોગ્ય રીતે સાથ આપે તેમ દેખાઈ રહ્યું નથી કારણ કે ઈરાન સાથેના યુદ્ધમાં અમેરિકા પોતે જ અટવાયેલું છે.

આશ્ચર્યની વાત એ છે કે, સાઉદીએ અમેરિકા સાથે સંબંધ જાળવી રાખીને ચીન સાથે આર્થિક તાલમેલ વધાર્યો છે અને રશિયાથી પણ કોઈ અંતર રાખ્યું નથી. તેણે તુર્કી અને પાકિસ્તાન સાથે સુરક્ષા સહયોગ મજબૂત કરીને ઈરાન પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો છે. તુર્કીનું સપનું છે કે તે આગામી સમયમાં ફરીથી મધ્ય-પૂર્વની નિર્ણાયક શક્તિ બને.

બીજી તરફ પાકિસ્તાન ઈચ્છે છે કે તેની સૈન્ય શક્તિ અને પરમાણુ ક્ષમતા તેને મુસ્લિમ વિશ્વ તથા દક્ષિણ એશિયામાં વધુ વ્યૂહાત્મક મહત્ત્વ અપાવે અને તેની આર્થિક નબળાઈઓને ખાડી દેશોની મૂડી અને ભાગીદારીઓનો ટેકો મળે. જોકે, આ ત્રણેય દેશોના કરારની વાસ્તવિક મજબૂતી હજી ભવિષ્યના સંકટોમાં પરખાવાની બાકી છે. ઉલ્લેખનીય છે કે, વિરોધાભાસો અને આંતરિક પડકારોથી ઘેરાયેલું પાકિસ્તાન પોતાની વિદેશ નીતિમાં વારંવાર બાહ્ય શક્તિઓનો આધાર શોધતું રહ્યું છે. શીતયુદ્ધના સમયગાળામાં તે અમેરિકાની વ્યૂહાત્મક જ:રિયાતો પૂરી કરવા મહત્ત્વનું સૈન્ય ભાગીદાર બન્યું અને બદલામાં તેને આર્થિક સહાય, શસ્ત્રો અને સુરક્ષા સહયોગ મળ્યો. આ ભાગીદારીની કિંમત પણ પાકિસ્તાને ચૂકવવી પડી છે. અફઘાન યુદ્ધ, કટ્ટરવાદ, આતંકવાદ અને આંતરિક અસ્થિરતાએ ધીમે-ધીમે તેના સામાજિક અને સુરક્ષા માળખાને નુકસાન પહોંચાડયું. હાલમાં પણ તે ચારેતરફથી અનેક સમસ્યાઓ વચ્ચે ઘેરાયેલું છે. પાકિસ્તાનની સમસ્યા એ છે કે તેની વિદેશ નીતિ અવારનવાર આંતરિક નબળાઈઓના કારણે જોખમમાં આવી જાય છે. તે સમયે તેની પાસે બચાવ માટે કશું જ વધતું નથી. હાલમાં પણ તે આવા જ કંઈક પ્રયાસ કરતું હોય તેમ લાગી રહ્યું છે. અમેરિકા પછી ચીન, ખાડી દેશો અને હવે તુર્કી સાથે તેની વધતી નિકટતા આ જ વલણનો ભાગ છે. પાકિસ્તાનની સૌથી મોટી સુરક્ષા ચિંતા ભારત છે. અફઘાનિસ્તાન તેની પશ્ચિમી સરહદે પડકાર:પ છે. ચીન તેનો સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર છે. પાકિસ્તાનનું અર્થતંત્ર સતત બાહ્ય સહાય અને રોકાણની શોધમાં રહે છે.

હાલમાં પાકિસ્તાન જે આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે તે જોતા સમજાઈ રહ્યું છે કે તેને આર્થિક રોકાણની, કેશફ્લોની અને બીજા ઘણા સ્તરે સુરક્ષા અને જોડાણની જ:ર છે. ચીન પાસે કે અમેરિકા પાસે જવામાં તેની ઉપર દેવાનું આર્થિક ભારણ વધે તેમ છે. આ સંજોગોમાં જો ધર્મના નામે ગઠબંધન કરવામાં આવે તો એક અલગ અસર ઊભી કરી શકાય તેમ છે. આ ઉપરાંત તુર્કી અને સાઉદી સાથે જોડાણ કરવામાં તેની પાસે આધુનિક શસ્ત્રો અને આર્થિક આયોજનોની જ:રિયાત પૂરી થઈ જાય તેમ છે.

જાણકારો સ્પષ્ટ માને છે કે, હાલમાં જે સ્થિતિ આ ત્રણેય દેશોની થઈ છે તે સ્પષ્ટ કરે છે કે, ત્રણેય મજબૂરીમાં એકબીજા સાથે જોડાયા છે. સૌથી પહેલાં તો તેમની વચ્ચે કોઈ ધાર્મિક કે વૈચારિક જોડાણ જેવું છે જ નહીં. તુર્કીની વાત કરીએ તો તે ધાર્મિક વિચારધારાથી તદ્દન વિપરીત દેશ છે. તેવી જ રીતે પાકિસ્તાન માત્ર ઈસ્લામની બાંગો પોકારે છે પણ હકિકતે ધર્મની દિશામાં કામ કરતો હોય તેવી કોઈ ઉદાહરણનો ઈતિહાસમાં જોવા મળ્યા નથી. માત્ર ધર્મના નામે યુવાનોને ગેરમાર્ગે દોરીને ત્યાં આતંકવાદ વિસ્તારવાનું કામ થયું છે. બીજી તરફ સાઉદી અરેબિયાનો પણ પોતાનો અલગ દ્રષ્ટિકોણ છે. તુર્કી, પાકિસ્તાન અને સાઉદી અરેબિયા દ્વારા આ જોડાણને વારંવાર ધર્મના ઓથા હેઠળ મુકવામાં આવી રહ્યો છે. ત્રણેયની જે જિયોપોલિટિકલ સ્થિતિ છે તે કોઈનાથી છુપી નથી. ખાસ કરીને ત્રણેય જે રીતે અલગ અલગ મોરચે ફસાયેલા છે તેમાંથી બહાર આવવા માટે વલખાં મારી રહ્યા હોવાનું પણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જાણકારો માને છે કે, ત્રણેયમાં સૌથી રસપ્રદ પક્ષ મુસ્લિમ બ્રધરહુડ છે. જોકે, આ બાબતે તુર્કી અને સાઉદી અરેબિયાનો દ્રષ્ટિકોણ ક્યારેય એકસરખો રહ્યો નથી. આવા સંજોગોમાં સ્પષ્ટ છે કે આ ગઠબંધન ધાર્મિક વિચારધારા પર રચાયું નથી. જો 'મુસ્લિમ બ્રધરહુડ' વાસ્તવમાં આ ગઠબંધનનો વૈચારિક પાયો હોત, તો તુર્કી અને સાઉદી અરેબિયા ક્યારેય એક સાથે ઊભા ન હોત. તેથી આ ગઠબંધનનો સાચો આધાર ઈસ્લામ નહીં, પરંતુ પોતાના અંગત સ્વાર્થ છે. સાઉદી અરેબિયાને ઈરાન સાથે જૂની સ્પર્ધા છે. તુર્કી અને ઈરાન પણ મધ્ય-પૂર્વમાં પ્રભાવ માટે એકબીજાના હરીફ છે. પાકિસ્તાન ઈરાન સાથે સરહદ વહેંચે છે અને કોઈપણ સંઘર્ષની સ્થિતિમાં સૌથી કપરી પરિસ્થિતિમાં મુકાઈ શકે છે. તેથી આ નવા ગઠબંધન પાછળ રહેલા ઈરાનના પરિબળને અવગણી શકાય નહીં. તુર્કીના હિતો મધ્ય-પૂર્વથી આગળ કાકેશસ, ભૂમધ્ય સાગર, રશિયા અને નાટો સુધી ફેલાયેલા છે. આવી સ્થિતિમાં કોઈપણ સંકટના સમયે ત્રણેય દેશોની પ્રાથમિકતાઓ એકસમાન રહેશે કે કેમ તે નિશ્ચિત નથી.

# દેવીના ભાલબિંદુથી ઉત્પન્ન થયેલ બિલ્વ: શિવ-પાર્વતીના વાસવાળા વૃક્ષની દિવ્ય કથા અને મોક્ષદાયી મહિમા



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણમાસ એટલે ભક્તિનોમહિનો આખા મહિના આકાશમાં વાદળો ગર્જે અને ભક્તોના હૃદયમાં 'ઓમ નમઃ શિવાય' ગુંજે. ભોળાનાથને પ્રસન્ન કરવાના અનેક ઉપાયોમાં સૌથી સરળ અને સૌથી મોટો ઉપાય છે-એક બિલ્વપત્ર.

'ત્રિદલં ત્રિગુણાકાર ત્રિનેત્રં ચ ત્રયાયુધમ્ । ત્રિજન્મ પાપ સંહારં એક બિલ્વે શિવાર્પણમ્ ॥'

માત્ર ત્રણ પાનનું એક બિલ્વપત્ર ચઢાવવાથી ત્રણ જન્મના પાપ નાશ પામે છે. પરંતુ પ્રશ્ન થાય કે આટલું પવિત્ર વૃક્ષ પૃથ્વી પર આવ્યું કેવી રીતે? તેની દરેક ડાળી, પાન અને ફળમાં દેવતાઓનો વાસ કેમ માનવામાં આવે છે? આ લેખમાં આપણે વિધેશ્વર સંહિતાના આધારે બિલ્વની ઉત્પત્તિ, તેનો મહિમા અને શ્રાવણમાં તેના મહત્વને સમજીશું.

બિલ્વની ઉત્પત્તિ કથા પૌરાણિકકથા અનુસાર, એક સમયે માતા ગિરિજા એટલે કે પાર્વતીજી કૈલાસ પર તપ માં લીન હતાં. તપના તેજથી તેમના ભાલ પર પ્રસ્વેદનું એક તેજસ્વી બિંદુ પ્રગટ થયું. દેવીએ તેને પોતાના હાથે લૂછીને ભૂમિ પર મૂકી દીધું.

કાળક્રમે તે જ બિંદુમાંથી એક અત્યંત સુંદર, ઘેઘુર અને શીતળ વૃક્ષ પ્રગટ થયું. એક દિવસ ભ્રમણ કરતી વખતે દેવીની નજર તે વૃક્ષ પર પડી. તેને જોતાં જ દેવીનું હૃદય આનંદથી ભરાઈ ગયું. તેમણે સખી જયાને પૂછ્યું 'આ વૃક્ષને જોઈને મારું મન કેમ આટલું પ્રસન્ન થાય છે?'

જયાએ કહ્યું 'હે માતા! આ વૃક્ષ આપના જ ભાલના પ્રસ્વેદથી ઉત્પન્ન થયું છે.' આ સાંભળીને દેવીએ તેનું નામ 'બિલ્વ' પાડ્યું. માતાના અંશમાંથી જન્મ્યું હોવાથી જ આ વૃક્ષ શિવને સૌથી પ્રિય બન્યું.બિલ્વવૃક્ષમાં દેવતાઓનો વાસ બિલ્વને સામાન્ય વૃક્ષ નહીં, પણ સજીવ મંદિર માનવામાં આવે છે.*મૂળમાં શિવ-પાર્વતીનો સાક્ષાત વાસ-*થડમાં દેવી દાક્ષાયણી -*શાખાઓમાં દેવી મહેશ્વરી- *પત્રોમાં આદિશક્તિ પાર્વતી -*ફળમાં દેવી કાત્યાયની *છાલમાં દેવી ગૌરી-*પુષ્પમાં દેવી ઉમા *કાંટાઓમાં નવ કરોડ શક્તિ ઓનો વાસ.આ કારણે બિલ્વને કાપવું કે તોડવું વર્જિત છે. શ્રાવણમાં તેની નીચે દીવો કરવાથી પિતૃદોષ અને ગ્રહદોષ દૂર થાય છે.

બિલ્વપત્ર અને ફળનો મહિમા

*પૂજામાં ત્રિદલ બિલ્વપત્ર વિના શિવપૂજા અધૂરી. સોમવાર અને શ્રાવણમાં ચઢાવેલું એક પાન કોટી પૂજાનું ફળ આપે છે.

*આરોગ્યમાં બીલીનું ફળ 'શ્રીફળ' કહેવાય છે.તે પાચન,અતિસાર અને પેટના રોગો માટે ઉત્તમ ઔષધિ છે. આયુર્વેદમાં તેને સર્વરોગહારી માન્યું છે.

*યજ્ઞમાં પ્રાચીન કાળથી યજ્ઞમાં બીલીના ફળની આહુતિ અપાય છે. તેનાથી વાતાવરણ શુદ્ધ થાય છે.

શિવનામ, ભસ્મ અને રુદ્રાક્ષની ત્રિવેણી સૂતજી કહે છે કે શિવભક્ત માટે ત્રણ વસ્તુ ત્રિવેણી સમાન છે.


*શિવનામ ગંગા સમાન પવિત્ર. આ નામરૂપી નૌકા ભવસાગર પાર કરાવે છે.*ભસ્મ યજ્ઞાગ્નિની ભસ્મથી ત્રિપુંડ કરવાથી મનુષ્ય પવિત્ર થાય છે. ભસ્મ વિના મંત્રજપ સંપૂર્ણ નથી.*રુદ્રાક્ષભગવાન શિવના હજારો વર્ષના તપ બાદ આનંદના આંસુમાંથી રુદ્રાક્ષ ઉત્પન્ન થયો. તેના દર્શન-સ્પર્શ-જપથી સર્વ પાપ નાશ પામે છે. આંબળા જેવડો ઉત્તમ, બોર જેવડો મધ્યમ અને ચણોઠી જેવડો કનિષ્ઠ ગણાય.

આ ત્રણેય+બિલ્વપત્ર=સંપૂર્ણ શિવ પૂજા.શ્રાવણમાં જ્યારે આપણે હાથમાં બિલ્વપત્ર લઈને શિવલિંગ તરફ જઈએ છીએ,ત્યારે યાદ રાખો કે તમે માત્ર પાન નથી ચઢાવી રહ્યા. તમે દેવીના પ્રેમને,શિવની કરુણાને અને મોક્ષના માર્ગને અર્પણ કરી રહ્યા છો.

વિધેશ્વર સંહિતા કહે છે:'સર્વસિદ્ધિ પ્રદા નિત્ય મુક્તિદા શિવશાસનાત્' એટલે કે આ કથાનું શ્રવણ અને આચરણ કરનારને સર્વ સિદ્ધિ અને મુક્તિ મળે છે.

આ શ્રાવણમાં સંકલ્પ કરો-રોજ એક બિલ્વપત્ર,એક લોટો જળ અને એક'ઓમ નમઃશિવાય'ભોળા નાથ જરૂર પ્રસન્ન થશે.હર હર મહાદેવ*

# શિવ કહે છે, સર્ગ,પાલન,સંહાર, તિરોભાવ,અને અનુગ્રહ આ પાંચ જગત સંબંધી મારા કાર્યો છે



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણી સત્સંગમાં આપણે શિવ પુરાણનો સંદર્ભ લઈને શિવત્વને આત્મસાત કરવાની કોશિશ કરી રહ્યા છીએ, ત્યારે શિવલિંગનાં અસ્તિત્વની કથા આપણે જાણી. શિવ પુરાણ મુજબ આર્દ્રા નક્ષત્રમા એટલે કે માગશર પૂર્ણિમા કે પ્રતિપદાથી એટલે કે મહા વદ ચૌદશ બ્રહ્મા અને વિષ્ણુ એ શિવતત્વની તપસ્યા કરી, અને પછી એ પ્રસન્ન થયાં, એ રાત્રિ શિવરાત્રી તરીકે આપણે ઉજવીએ છીએ. શિવજી પ્રસન્ન થયા ત્યારે એમણે સ્વ મુખે પાંચ કૃત્યનું પ્રતિપાદન કર્યું, પ્રણવ મંત્ર અને શિવ પંચાક્ષર મંત્રની મહત્તા બતાવી, ત્યાર બાદ બંને દેવો એ શિવની સ્તુતિ કરી અને શિવ અંતર્ધ્યાન થયાં.

શિવ પુરાણના દસમા અધ્યાયમાં તપસ્યાથી પ્રસન્ન થયેલા શિવજીને પુછે કે સૃષ્ટિ આદિ પાંચ કૃત્ય છે, એનાં લક્ષણો શાં છે ? એ અમને સમજાવો. ત્યારે ભગવાન શિવ કહે છે આ પાંચ કૃત્યો એ મારા કર્તવ્યો છે! જેને સમજવું થોડું અઘરું છે, છતાં કહું તો આપ બંનેની તપસ્યાથી યુદ્ધથી હું તત્કાલ પ્રગટ થયો અને એ દ્રશ્યમાન હતું, એટલે એ પરમ ઈશ તત્વને સકલ રુપ એટલે કે સાકર કહ્યું, જ્યારે બંને વચ્ચેના વિવાદ વખતે જે સ્તંભ સ્વરૂપ હતું એ મારું નિઃસકલ કે નિરાકાર સ્વરૂપ છે, જે મારા બ્રહ્મરૂપનો બોધક છે. આ મારાં ચિન્હ સ્વરૂપ લિંગની આપ અહીં રહીને પૂજા કરો! મારું આ રૂપ મારા નિત્ય સ્વરૂપ સાથે સામિપ્ય ધરાવે છે, અને અભેદ્ય પણ છે. લિંગ સ્વરૂપ સાથે મારું સાયુજ્ય વધુ હોવાથી મૂર્તિ કરતાં લિંગની સ્થાપના વધુ થવી જોઈએ.

શિવજીએ કહ્યું કે સૃષ્ટિ એટલે કે સર્ગ, પાલન, સંહાર, તિરોભાવ, અને અનુગ્રહ આ પાંચ જગત સંબંધી મારા કાર્યો છે, જે નિત્યસિદ્ધ છે. સંસારની રચનાનો જે આરંભ છે એને સર્ગ એટલે કે સૃષ્ટિ કહે છે. મારા દ્વારા પાલિત થઈને સૃષ્ટિને સૃષ્ટિ રૂપે રહેવાની જે સ્થિતિ છે, એને પાલન કહેવાય, એનો વિનાશ થાય એને સંહાર, અને પ્રાણોનું ઉત્ક્રમણ, એટલે મૃત્યુ કે સંહાર સમયે પ્રાણ બહાર નીકળી જવો, એને તિરોભાવ કહે છે, અને આ સર્વથી છુટકારો મળી જવો, એ જ મારો અનુગ્રહ છે. જન્મ છે એનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ મૃત્યુની વેદના વગર પ્રાણ દેહમાંથી નીકળી જાય, તો એ મારો અનુગ્રહ એટલે કે મોક્ષનો હેતુ છે, તે સદા મારા જ અવિચલ ભાવથી સ્થિર રહે છે. જીવ અથવા ભક્ત આ પાંચેક કૃત્યોને પાંચ મહાભૂતોમાં જુએ છે, સૃષ્ટિ એટલે કે ભૂતલ અથવા પૃથ્વીમાં સ્થિતિ એટલે જળમાં સંભાર અગ્નિમાં વાયુમાં અને અનુગ્રહ આકાશમાં સ્થિત છે. પૃથ્વીથી સૃષ્ટિની રચના થાય છે, જળથી એ સૃષ્ટિની વૃદ્ધિ થાય છે, અને જીવનની રક્ષા થાય છે. અગ્નિ સર્વને ભસ્મીભૂત કરી દે છે, વાયુ સર્વને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય છે, અને આકાશ સર્વને અનુગ્રહિત કરે છે સર્વ પર ઉપકાર કરે છે.

પોતાના પાંચ મુખ માટે કહે છે બ્રહ્મા અને વિષ્ણુ તમે બંને તપસ્યા કરી મને પ્રસન્ન કરી સૃષ્ટિ અને સ્થિતિ નામના બે કૃતિઓ પ્રાપ્ત કર્યા છે. એટલે કે બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું સર્જન થાય છે, અને વિષ્ણુ દ્વારા આ સૃષ્ટિનું પાલન થાય છે. પણ એવી જ રીતે મારી વિભૂતિ સ્વરૂપ રુદ્ર, અને મહેશ્વરે બીજા બે ઉત્તમ કૃત્ય, સંહાર અને તિરોભાવ પ્રાપ્ત કર્યા છે. પરંતુ અનુગ્રહ નામક કૃત્ય મેં બીજા કોઈને આપ્યું નથી, અને એ બીજો કોઈ મેળવી શકતો પણ નથી. રુદ્ર અને મહેશ્વર પોતાના કર્મને ભૂલ્યા નથી, એટલા માટે મેં એમને મારી સમાનતા પ્રદાન કરી છે, તે રૂપ,વેશ, કૃત્ય, વાહન, આસન, અને આયુધ વગેરેમાં મુજ સમાન જ છે. ત્યારબાદ ઓમકાર મંત્રની મહત્તા પ્રગટ કરી જે આપણે સ્વતંત્ર લેખ રૂપે જોયું. ઓમકાર મંત્રનું નિરંતર સ્મરણ કરનાર મારું જ સ્મરણ કરી રહ્યો છે. ત્યારબાદ શિવ પંચાક્ષર મંત્ર 'ઓમ નમઃ શિવાય' એ મંત્ર માતૃકા વર્ણ પ્રગટ થયા છે, જે પાંચ ભેદવાળા છે, અને એમાંથી જ શિરોમંત્ર સહિત ત્રિપદા ગાયત્રીનું પ્રાગટ્ય થયું છે. આ ગાયત્રીથી સંપૂર્ણ વેદ અને વેદોમાંથી કરોડો મંત્ર નીકળ્યાં, એ મંત્રોથી ભિન્ન ભિન્ન કાર્યોની સિદ્ધિ થઈ! પરંતુ પ્રણવ અને પંચાક્ષરથી સંપૂર્ણ મનોરથોની સિદ્ધિ થાય છે. આ બંને મંત્ર ભોગ અને મોક્ષ બંને માટે સિદ્ધ છે. ૐ મંત્ર એ મારા સકલ,કે સાકાર સ્વરૂપ સાથે સંબંધ રાખે છે, જ્યારે શિવ પંચાક્ષર મંત્ર મારા નિષ્કલ કે નિરાકાર સ્વરૂપ સાથે સંબંધ ધરાવે છે. ત્યારબાદનાં અધ્યાય શિવલિંગની સ્થાપના, તેનાં પ્રકારો, લક્ષણો અને પૂજનની વિધિનું વર્ણન તથા શિવપદની પ્રાપ્તિ કરાવનારા સત્કર્મોનું વિવેચન કરે છે. મોક્ષદાયક પુણ્ય ક્ષેત્રનું વર્ણન કાલ વિશેષમાં વિભિન્ન નદીઓમાં સ્નાનનાં ઉત્તમ ફળનું નિર્દેશ અને તીર્થોમાં પાપ ન કરવાની ચેતવણી. સદાચાર, સ્નાન, ભસ્મધારણ સંધ્યા વંદન, ગાયત્રી જપદાન, અને અગ્નિહોત્રની વિધિ, પણ જેમાં નિયમને નામે આગ્રહ વધુ જોડાય એવી વાતમાં આપણે જવું નથી.

વિપ્ર એટલે કે વૈશ્નવનું નિત્યક્રમ કેવું હોવું જોઈએ, એ વિશે પ્રકાશ પાડતા સૂતજી કહે છે, અગ્નિ યજ્ઞ, દેવ યજ્ઞ, ગુરુપૂજા અને બ્રહ્મ તૃપ્તિ આ ચાર જેના નિત્યક્રમ છે, એ વિપ્ર અથવા દ્વિજ કહેવાય છે. જે ગૃહસ્થ પ્રાતઃકાળ અને સાયંકાળ ચોખા વગેરે દ્રવ્યની આહુતિ આપી જે હોમ કરે છે, એને અગ્નિ યજ્ઞ કહે છે. જે આશ્રમમાં સ્થિત છે, એ બ્રહ્મચારીઓ યજ્ઞ સમયે જે સમિધને અગ્નિમાં હોમે એ પણ અગ્નિયજ્ઞ છે. સૂર્યદેવને અર્ધ્ય આપીને ગાયત્રી પાઠ કરનાર પણ અગ્નિ યજ્ઞ કરી રહ્યો છે, કારણ કે દિવસનાં ભાગમાં અગ્નિદેવ સૂર્યમાં જ પ્રવેશ કરી જાય છે. અને પ્રાતઃકાળ સૂર્યને આપેલું અર્ધ્ય એ આયુષ્યને વધારનાર છે. સાયનકાળે અગ્નિને આપેલી આહુતિ સંપત્તિ પ્રદાન કરનારી છે. અગ્નિ યજ્ઞ સમયે બ્રહ્મ કે બ્રહ્મ સ્વરૂપ અન્ય દેવતા ને આહુતિ આપવી એ દેવ યજ્ઞ છે અને તેનાથી બ્રહ્મ તૃપ્તિ થાય છે. સૃષ્ટિના આરંભમાં સર્વેશ્વર મહાદેવ એ સમસ્ત લોક પર ઉપકાર કરવા સાત વારની રચના કરી. સંસારરૂપી રોગને દૂર કરનાર વૈદ, એવા સર્વના જ્ઞાતા, સમસ્ત ઔષધોના ઔષધ, ભગવાન શિવે પ્રથમ વાર સોમવાર પોતાને નામે રાખ્યો, જેનો સ્વામી સૂર્ય દેવ છે. ત્યારબાદ માયા શક્તિનો વિસ્તાર કરનાર, એટલે સંપત્તિદાયક વાર મંગળવાર બનાવ્યો, જેનાં સ્વામી સોમ દેવ છે.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-2026નો પ્રારંભ

## સ્ટેચ્યૂ ઓફ યુનિટથી લઈને કચ્છ સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે

**અમદાવાદ, તા.20**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI) દ્વારા આયોજિત પાંચમી ફૂડ ડિલીવરી સમિટ-૨૦૨૬નો પ્રારંભ અમદાવાદમાં થયો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે દેશના અર્થતંત્રમાં મજબૂત સહયોગ આપનાર ફૂડ સેક્ટરને ગંભીરતાથી લેવું રહ્યું. દેશના કુલ અર્થતંત્રમાં ફૂડ અને ફૂડ રિલેટેડ બિઝનેસ અંદાજે રૂ. 5.69 લાખ કરોડનું યોગદાન આપે છે. આગામી સમયમાં આ યોગદાન રૂ. 7.5 લાખ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આજે આ સેક્ટરમાં આશરે 75 લાખ કરતાં વધારે લોકોને રોજગારી મળી રહી છે. આગામી સમયમાં એક કરોડથી વધુ લોકોને આ સેક્ટર દ્વારા રોજગાર પ્રાપ્ત થવાનો અંદાજ છે. બહુ ઓછા સેક્ટર આટલા મોટા પ્રમાણમાં રોજગારી આપતા હોય છે, એવું તેમણે ઉમેર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આજે રિન્યુએબલ એનર્જી ડે છે ત્યારે ખાસ કરીને ગુજરાતના રેસ્ટોરન્ટ માલિકો અને ફૂડ ડિલીવરી સેક્ટર સાથે સંકળાયેલા લોકોને ખાસ અપીલ છે કે તેઓ ફૂડ ડિલીવરી માટે પેટ્રોલને બદલે ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે તો ફૂડ ડિલીવરીનો ખર્ચ કિલોમીટર દીઠ ૨.૫ રૂપિયાને બદલે ૫૦ પૈસા જેટલો નીચો આવી શકે અને પર્યાવરણનું પણ રક્ષણ થઈ શકે, એવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2007માં ગિફ્ટ સિટીનું સપનું જોયું હતું ત્યારે તેને દિવાસ્વપ્ન ગણાવાયું હતું, પરંતુ આજે ફિટટેક સિટીએ ગાંધીનગરમાં આકાર લઈ લીધો છે. આજે ગિફ્ટ સિટીમાં દુનિયાભરમાંથી ફિન ટેક ક્ષેત્રે એન્કર ઈન્વેસ્ટમેન્ટ આવી રહ્યું છે. મોટા પાયે બુલયન ટ્રેડિંગ થઈ રહ્યું છે. વડાપ્રધાનના વિઝનથી સાકાર થયેલા ગિફ્ટ સિટીમાં પણ ફૂડ સેક્ટર માટે અનેક તક છે. ગુજરાત ઈમોશનલ અને ઓપોર્ચ્યુનિટીઝ ધરાવતું રાજ્ય છે. આ તમારા સપનાંઓને સાકાર કરતું રાજ્ય છે. ગિફ્ટ સિટીમાં રોકાણ કરીને તમે તમારા સપનાંઓ સાકાર કરી શકો છો, એવું તેમણે ઉમેર્યું હતું.




નાયબ મુખ્યમંત્રીએ મોટાં શહેરો ઉપરાંત ગુજરાતમાં સ્ટેચ્યૂ ઑફ યુનિટી, શિવરાજપુર બીચ, ધરોઈ ડેમ, કચ્છનું સફેદ રણ, ગીર વગેરે સ્થળોએ પણ પોતાનો ફૂડ બિઝનેસ શરૂ કરવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પ્રવાસન સ્થળોએ અમે માળખાકીય સુવિધા અને અન્ય સગવડો કરી આપીશું, તમે સારા આઈડિયા સાથે આવો તો રાજ્ય સરકાર તમને તમામ સહયોગ આપવા તૈયાર છે. તમારે કેપેક્સનું જોખમ લેવાનું નથી. ઓપેક્સ તમારી રીતે કરો. ગુજરાત રોકાણની સામે સારું વળતર આપતું રાજ્ય છે.સ્ટેચ્યૂ ઓફ યુનિટથી લઈને કચ્છ-ગીર સુધી ફૂડ ડિલીવરી ઈકોસિસ્ટમ વિકસાવવામાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ રહેશે, એવું તેમણે ઉમેર્યું હતું.

સંઘવીએ ફૂડ ડિલીવરી સમિટ પ્રકારના વાર્ષિક ઉત્સવો-બેઠકો ગુજરાતમાં જ યોજવા માટે પણ અનુરોધ કરીને સરકાર તરફથી તમામ સહયોગ મળી રહેશે, એવું જણાવ્યું હતું. આ પ્રસંગે NRAIના પ્રેસિડેન્ટ સાગર દરયાનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું તો NRAIના અમદાવાદ ચેપ્ટરના હેડ આનલ કોટકે સૌને આવકાર્યા હતા. આ સમારંભમાં નેશનલ રેસ્ટોરન્ટ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (NRAI)ના વાઈસ પ્રેસિડેન્ટ પ્રણવ રુંગટા, કો-ચેપ્ટર હેડ દિલીપ ઠક્કર, ટ્રેઝરર ચિરાયુ અગ્રવાલ, જોઈન્ટ સેક્રેટરી પંકજ પાઠક અને દર્શન દાસાણી સહિતના હોદ્દેદારો અને રેસ્ટોરન્ટ બિઝનેસ સાથે સંકળાયેલા વ્યાવસાયિકો ઉપસ્થિત રહ્યા હતા. આ એક દિવસીય સમિટમાં દેશભરનાં 30થી વધુ શહેરોમાંથી 1500થી વધુ બ્રાન્ડ્સ સાથે સંકળાયેલા 5000થી વધારે લોકો વિવિધ સત્રો અને કાર્યશાળાઓમાં સહભાગી થયા છે.

## નવા શ્રમ કાયદા : ભારતના શ્રમ પરિદ્રશ્યમાં ઐતિહાસિક ફેરફાર

# અમદાવાદ મંડળમાં ઈન્ટરેક્ટિવ સેશન અને જાગૃતિ સેમિનારનું આયોજન

**અમદાવાદ, તા.20**

રેલવે બોર્ડ અને પશ્ચિમ રેલવે મુખ્યમથક દ્વારા આપવામાં આવેલ દિશા-નિર્દેશોના અનુપાલનમાં અમદાવાદ મંડળના કાર્મિક વિભાગ દ્વારા નવા શ્રમ કાયદાઓની જોગવાઈઓ, તેમની અસર અને અનુપાલન સંબંધિત વિવિધ પાસાઓ પર ઈન્ટરેક્ટિવ સેશન અને જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપ મુખ્ય શ્રમ કમીશનર શ્રી વી. આર. ગણેશન અને સહાયક શ્રમ કમીશનર વિકાસ બિશ્નોઈની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ રહી. આ અવસર પર સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ સહિત મંડળના સંબંધિત અધિકારી, કર્મચારી અને રેલવેથી જોડાયેલા કોન્ટ્રાક્ટર ઉપસ્થિત રહ્યા.



ભારત સરકાર દ્વારા 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓને સમાહિત કરી 4 સર્વગ્રાહી શ્રમ સંહિતા તૈયાર કરવામાં આવી છે. આનો ઉદ્દેશ શ્રમિકોના અધિકારો અને હિતોની સુરક્ષા, સામાજીક સુરક્ષાનું વિસ્તરણ, સુરક્ષિત અને બહેતર કામ પરિસ્થિતિઓને સુનિશ્ચિત કરવાની સાથે-સાથે શ્રમ કાયદાઓની અનુપાલન પ્રક્રિયાને સરળ, પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવાનો છે.

શ્રમ સુધારની ચાર મુખ્ય સંહિતાઓ

1. વેતન સંહિતા, 2019 (Code on Wages, 2019): લઘુત્તમ વેતન, ફ્લોર વેજ, સમય પર ચુકવણી, લૈંગિક સમાનતા અને બોનસ સંબંધિત જોગવાઈઓને સુવ્યવસ્થિત કરે છે.

2. ઔદ્યોગિક સંબંધ સંહિતા, 2020 (Industrial Relations Code, 2020): ટ્રેડ યુનિયનો, ઔદ્યોગિક વિવાદોના સમાધાન, ઔદ્યોગિક સંબંધો તથા શ્રમિકોના પુનઃ કૌશલ વિકાસથી સંબંધિત જોગવાઈ સામેલ કરે છે.

3. સામાજિક સુરક્ષા સંહિતા, 2020 (Code on Social Security, 2020): EPF, ESIC, ગ્રેજ્યુઈટી સહિત સામાજિક સુરક્ષા સંબંધિત જોગવાઈઓને સર્વગ્રાહી કાયદાકિય માળખામાં સમાહિત કરે છે.

4. વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યદશા સંહિતા, 2020 (OSH & WC Code, 2020): શ્રમિકોની સુરક્ષા, સ્વાસ્થ્ય અને ઉત્તમ કાર્ય પરિસ્થિતિઓ માટે સર્વગ્રાહી જોગવાઈ નિર્ધારિત કરે છે.

સેમિનારમાં ચારેય શ્રમ સંહિતાઓની મુખ્ય જોગવાઈઓ, કર્મચારીઓના અધિકારો અને સુવિધાઓ, નિયોજકો અને કોન્ટ્રાક્ટરોની જવાબદારી તથા વૈધાનિક અનુપાલનથી જોડાયેલા વિષયો પર વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી. પ્રતિભાગીઓને શ્રમ કાયદાઓના વ્યવહારિક પાસાઓ અને કામના સ્થળે તેમની અસરના સંબંધમાં માહિતગાર કરવામાં આવ્યા,.

ઈન્ટરેક્ટિવ સત્ર દરમિયાન અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરો દ્વારા વિવિધ પ્રશ્ન અને જિજ્ઞાસાઓ મુકવામાં આવી. ઉપ મુખ્ય શ્રમ કમીશનર શ્રી વી. આર. ગણેશન અને સહાયક શ્રમ કમીશનર શ્રી વિકાસ બિશ્નોઈ એ પ્રતિભાગીઓના પ્રશ્નોનું સમાધાન કરતાં સંબંધિત જોગવાઈઓના અસરકારક અનુપાલનના સંબંધમાં જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડ્યું.

આ અવસર પર સિનિયર મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ એ શ્રમ કાયદાઓની યોગ્ય સમજ વિકસિત કરવા તથા નિશ્ચિત જોગવાઈઓના અસરકારક અનુપાલન માટે સંબંધિત પક્ષો વચ્ચે ઉત્તમ સંકલનની જરૂરિયાત પર ભાર આપ્યો.

આ જાગૃતિ કાર્યક્રમ નવા શ્રમ કાયદાઓના સંબંધમાં સર્વગ્રાહી સમજ વિકસિત કરવા, શ્રમિક હિતોની સુરક્ષા, સામાજિક સુરક્ષા અને સુરક્ષિત કાર્ય વાતાવરણને પ્રોત્સાહન આપવા તથા અમદાવાદ મંડળમાં કાયદેસર અને અસરકારક અનુપાલન સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ રહ્યો.

# ઈદે મિલાદના ઝુલુસ નિમિત્તે 26મી ઓગસ્ટે અમદાવાદમાં ટ્રાફિક ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું

**અમદાવાદ, તા.20**

અમદાવાદ શહેરમાં તા. ૨૬/૦૮/૨૦૨૬ના રોજ નીકળનાર ઈદે મિલાદના ઝુલુસ દરમિયાન વાહન વ્યવહાર સુચારુ અને સરળતાથી જળવાઈ રહે તે હેતુસર અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, IPS દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી)(સી) હેઠળ વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ઈદે મિલાદનું ઝુલુસ તા.૨૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ કલાકે હેબતખાનની મસ્જિદ, જમાલપુર દરવાજા પાસેથી પ્રસ્થાન કરશે. ઝુલુસ જમાલપુર ચકલા, ખમાસા ચાર રસ્તા, જે.એલ. હાઈસ્કૂલ, ઢાલગરવાડ નાકા, ભદ્ર પરિસર, ત્રણ દરવાજા, મરછી માર્કેટ, રિલીફ રોડ ચાર રસ્તા, વીજળીઘર ચાર રસ્તા તથા અગાસિયા હોટલ થઈ મિરઝાપુર ત્રણ ખુણીયા બગીચા ખાતે પહોંચશે.

ઝુલુસ દરમિયાન નીચેના માર્ગો પર વાહન વ્યવહાર પ્રતિબંધિત રહેશે: ૧. જમાલપુર ચાર રસ્તાથી જમાલપુર દરવાજા થઈ જમાલપુર ચકલા થઈ ખમાસા ચાર રસ્તા તરફનો માર્ગ.

૨. રાયખડ ચાર રસ્તાથી ગોળલીમડા સુધીનો માર્ગ.

૩. ખમાસા ચાર રસ્તાથી જે. એલ. હાઈસ્કૂલ થઈ ઢાલગરવાડ નાકા થઈ ભદ્ર પરિસર સુધીનો માર્ગ.

૪. પાનકોર નાકાથી ત્રણ દરવાજા થઈ ભદ્ર મંદિર સુધીનો માર્ગ.

૫. ભદ્ર પરિસર ખાતે ભદ્રકાળી માતાના મંદિરથી કોલસા ગલી થઈ કારંજ પોલીસ સ્ટેશન પાછળની ગલીથી ત્રણ દરવાજા સુધીનો માર્ગ. ૬. ત્રણ દરવાજાથી મરછી માર્કેટ થઈ પથ્થરકુવા સુધીનો માર્ગ.

૭. ઘી-કાંટા ચાર રસ્તાથી વીજળીઘર થઈ લાલ દરવાજા તરફનો માર્ગ.

૮. વીજળીઘર ચાર રસ્તાથી અગાસિયા હોટલ થઈ મિરઝાપુર ત્રણ ખુણીયા બગીચા થઈ સેન્ટ ઝેવિયર્સ ત્રણ રસ્તા સુધીનો માર્ગ.

વૈકલ્પિક માર્ગો: સામાન્ય વાહનચાલકો લાલ દરવાજાથી રૂપાલી સિનેમા, કામા હોટલ થઈ શાહપુર ચાર રસ્તા અને ત્યાંથી દિલ્હી દરવાજા તરફ અવર-જવર કરી શકશે. AMTS બસો માટે વૈકલ્પિક રૂટ: AMTSની બસો લાલ દરવાજા-રાયખડથી રાયખડ ચાર રસ્તા થઈ ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચ કચેરીના ગેટ આગળથી ખાનજા દરવાજા, જમાલપુર બ્રિજ, ગીતા મંદિર થઈ આસ્ટોડિયા તરફ અવર-જવર કરી શકશે. જાહેરનામાની જોગવાઈઓમાંથી પોલીસ વિભાગની મંજૂરી મેળવેલ કાર્યક્રમ સાથે સંકળાયેલા વાહનો, ફરજ પરના સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા આકસ્મિક સંજોગોમાં અવર-જવર કરતા નાગરિકોના વાહનોને મુક્તિ આપવામાં આવી છે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૬/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ કલાકથી ઈદે મિલાદનું ઝુલુસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રહેશે. જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ફરિયાદ દાખલ કરવા અમદાવાદ પોલીસ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરથી લઈને પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના તમામ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાગરિકોને ઈદે મિલાદના ઝુલુસ દરમિયાન જાહેર કરાયેલા ટ્રાફિક ડાયવર્ઝનનું પાલન કરી ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે ઠગાઈ

- નડિયાદના કન્સલ્ટન્ટ સહિત 15થી વધુ લોકો સાથે ₹1.23 કરોડની છેતરપિંડી, વડોદરાના પિતા-પુત્ર સામે ફરિયાદ

**વડોદરા, તા.20**

વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીના સંચાલક પિતા-પુત્રએ કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે 15થી વધુ લોકો પાસેથી 1.23 કરોડની છેતરપિંડી આચરી છે. નડિયાદના એક કન્સલ્ટન્ટની ફરિયાદના આધારે અકોટા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



નડિયાદના 36 વર્ષીય કન્સલ્ટન્ટ જૂન-2023માં પરિવાર સાથે વિદેશ જવાની તૈયારી કરી રહ્યા હતા. મિત્ર મારફતે તેઓ અલકાપુરીની તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીની ઓફિસે ગયા હતા. ત્યાં સંચાલક જિજ્ઞાસુ પટવાએ કેનેડા વર્ક પરમિટ વિઝાની પ્રક્રિયા માટે 9.50 લાખનો ખર્ચ હોવાનું જણાવી કરાર કર્યો હતો. IELTS ક્લાસના નામે તેમના પુત્ર કશ્યપ પટવાએ 50 હજાર રોકડા લીધા હતા.

ત્યારબાદ કેનેડા વર્ક પરમિટની પ્રક્રિયા માટે અલગ-અલગ તારીખે ચેક મારફતે કુલ 8.50 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આ ઉપરાંત ઝડપી કામગીરીના બહાને વધુ 2 લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. આમ, મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વર્ક પરમિટની પ્રક્રિયા પૂર્ણ કરી ન હતી અને કન્સલ્ટન્સી તરફથી માત્ર ફોન અને ઈ-મેઈલ મારફતે આશ્વાસન આપવામાં આવતું હતું. વિઝા રિજેક્ટ થયો હોવાની જાણ પણ કરવામાં આવી ન હતી.

આ ઉપરાંત પિતા-પુત્રે અન્ય લોકો પાસેથી પણ કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયા લીધા હતા. તેમાં વડોદરા, નડિયાદ, આણંદ, સુરત અને ભરૂચ સહિતના વિસ્તારોના લોકોનો સમાવેશ થાય છે. અલગ-અલગ વ્યક્તિઓ પાસેથી 11 લાખ, 13.50 લાખ, 9.50 લાખ, 1.50 લાખ, 3.75 લાખ, 11 લાખ, 11.50 લાખ, 11 લાખ, 2.33 લાખ, 2.33 લાખ, 11 લાખ, 5 લાખ, 11 લાખ, 6.15 લાખ અને 1.50 લાખ જેવી રકમ ઓનલાઈન તેમજ રોકડ સ્વરૂપે લીધી હતી. કુલ 1,23,06,000 રૂપિયા લીધા હતા અને વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે નાણાં લીધા બાદ યોગ્ય વિઝા પ્રક્રિયા નહીં કરી છેતરપિંડી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# રાજકોટવાસીઓ માટે વ્યાજ માફી યોજના 2026: 1.50 લાખથી વધુ બાકીદારો પાસેથી મુદ્દલ કરતાં વધુ વ્યાજ નહીં વસૂલાય, નવી હોકર્સ પોલિસીને બોર્ડમાં લીલી ઝંડી

**રાજકોટ, તા.20**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના 1.50 લાખથી વધુ મિલકતવેરો બાકી ધરાવતા કરદાતાઓ માટે અત્યંત રાહતરૂપ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. મેયર ડૉ. નેહલ શુક્લની અધ્યક્ષતામાં યોજાયેલી જનરલ બોર્ડની બેઠકમાં સર્વાનુમતે મંજૂરી અપાઈ છે કે હવેથી કોઈપણ મિલકતધારક પાસેથી મૂળ મુદ્દલ કરતાં વધુ વ્યાજ વસૂલવામાં આવશે નહીં. અનેક કિસ્સાઓમાં મૂળ વેરા કરતાં વ્યાજની રકમ વધી જતાં લોકો વેરો ભરવાનું ટાળતા હતા, જેને ધ્યાને રાખી આ મોટી રાહત જાહેર કરવામાં આવી છે. આ નિર્ણયથી બાકીદારોને મોટો આર્થિક લાભ મળશે અને મનપાની તિજોરીમાં બાકી વેરાની આવક વધશે. અગાઉ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મિલકતવેરા અને પાણી વેરાના વ્યાજમાં રૂ. 5,000 સુધીની રાહત અપાઈ હતી, પરંતુ હવે નવી જોગવાઈ અનુસાર મુદ્દલ રકમથી વધુ વ્યાજ કોઈપણ સંજોગોમાં લેવાશે નહીં. જો કોઈ કરદાતાનો રૂ. 1 લાખનો મૂળ વેરો બાકી હોય અને તેના પર રૂ. 1.50 લાખ વ્યાજ ચડ્યું હોય, તો તેની પાસેથી માત્ર મુદ્દલ જેટલું એટલે કે રૂ. 1 લાખ વ્યાજ લેવાશે અને બાકીના રૂ. 50,000 ની સીધી માફી મળશે. જે કરદાતાઓએ 01/04/2026 થી 31/07/2026 દરમિયાન વ્યાજ સહિત પૂરી રકમ ભરી દીધી છે, તેમને વધારાની રકમ આગામી નાણાકીય વર્ષ 2027-28માં મજરે જમા આપવામાં આવશે. શહેરમાં તમામ મિલકતોને બિલ બજવણીની કામગીરી 30/09/2026 સુધીમાં પૂર્ણ કરવા આદેશ કરાયા છે.



ઉલ્લેખનીય છે કે, વ્યાજમાફી યોજનામાં જનરલ બોર્ડ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય મુજબ લાંબા સમયથી વેરો ન ભરનારા કરદાતાઓને મહત્તમ લાભ મળશે. જેને લઈને નિયમિત રીતે વેરો ભરતા કરદાતાઓમાં કચવાટની લાગણી જોવા મળશે તે નિશ્ચિત છે. જોકે લાંબા સમય બાદ પણ બાકીવેરો નહીં ભરનારા કરદાતાઓ સામાન્ય અને મધ્યમ વર્ગના જ છે. અને મુદ્દલ કરતા વધુ વ્યાજ હોવાથી તેઓ વેરો ભરતા નથી. જેને નિયમિત કારદાતા કરવા માટે આ યોજના લાગુ કરવામાં આવી હોવાનો બચાવ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે આ યોજનાના કેવા પ્રત્યાઘાતો પડે છે તે આવનારો સમય જ બતાવશે. મિલકતવેરા અને વોટર ચાર્જીસના બાકી લેણાંની ઝડપી વસૂલાત માટે મનપા દ્વારા 01/08/2026 થી 30/09/2026 સુધી વ્યાજ માફી યોજના 2026 અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ તમામ રહેણાંક, બિન-રહેણાંક અને સંપ કનેક્શન ધરાવતા કરદાતાઓ સંપૂર્ણ વેરો ભરપાઈ કરે તો મિલકતવેરાના ચડત વ્યાજમાં રૂ. 5,000 અને વોટર ચાર્જીસના વ્યાજમાં રૂ. 5,000 સુધીની માફી મેળવી શકશે. શહેરમાં ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે તૈયાર કરાયેલી સર્વગ્રાહી હોકર્સ ઝોન પોલિસીના ડ્રાફ્ટને જનરલ બોર્ડમાં પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા નાગરિકો અને હિતધારકો પાસેથી સૂચનો મંગાવી જરૂરી સુધારા સાથે તેને આખરી મંજૂરી અર્થે રજૂ કરાશે. નવી નીતિ હેઠળ શહેરના ત્રણેય ઝોનમાં રાઈડ્સ ધારકો માટે 2 વર્ષ માટે એક-એક ઝોન બનશે, જેમાં રેસકોર્સના રાઈડ્સ ધારકોને અગ્રતા મળશે. એક પરિવારમાંથી એક જ સભ્યને જગ્યા ફાળવાશે. પ્લોટ સાઈઝ મુજબ રૂ. 500 થી રૂ. 3000 માસિક ભાડું, રૂ. 500 સફાઈ ચાર્જ અને રૂ. 5000 ડિપોઝિટ લેવાશે તેમજ રાઈડ સેફ્ટી કમિટીનું લાયસન્સ ફરજિયાત રહેશે. શહેરમાં અઠવાડિક બજારોને નિયંત્રિત કરવા સેન્ટ્રલ, વેસ્ટ અને ઈસ્ટ ઝોનમાં ચોક્કસ 4 પ્લોટ નિયત કરાયા છે, જ્યાં ફેરિયાઓએ દર મહિનાની 1 થી 5 તારીખ દરમિયાન રૂ. 200 વહીવટી ચાર્જ ભરવાનો રહેશે. યુનિવર્સિટી રોડ, રૈયા રોડ, ડૉ. યાજ્ઞિક રોડ, ઢેબર રોડ, ગુંદાવાડી અને કુવાડવા રોડ સહિતના 24 ધમધમતા માર્ગોને 'હોકર્સ ફ્રી' જાહેર કરાયા છે. હોકર્સ ઝોનમાં 80% જગ્યા શાકભાજી, ફ્રૂટ અને કટલેરી માટે તથા 20% જગ્યા અન્ય ફેરિયાઓ માટે અનામત રહેશે. અધિકૃત ફેરિયાઓને QR કોડ વાળા ઓળખકાર્ડ અપાશે જે રેંકડી પર લગાવવા ફરજિયાત રહેશે.

જનરલ બોર્ડમાં મેયર ડૉ. નેહલ શુક્લએ અધિકારીઓને તાકીદ કરી હતી કે કોર્પોરેટરોને કોઈપણ કામ પૂરું થવાના સમય અંગે ખોટો કે અવાસ્તવિક વાયદો ન આપવો, પરંતુ કામમાં જેટલો સમય લાગે તેનાથી એક દિવસ વધુ જ જણાવવો જેથી વહીવટમાં પારદર્શિતા જળવાય. ઉપરાંત વોર્ડ નંબર 13ના કોર્પોરેટર મોહિતસિંહ જાડેજા દ્વારા માસ-મટન વેચાણની પરવાનગી સહિતના પૂછાયેલા પ્રશ્નોના જવાબો લાંબા સમયથી ન મળ્યા હોવાની રજૂઆત પર મેયરે અધિકારીઓને નિયત સમયમાં જવાબો આપવા આદેશ આપ્યો હતો.

# તેજસ્વિની, દિવ્યા-ગાયત્રી ગોપીચંદને અર્જુન એવોર્ડ

## 2025 માટે કોઈને ખેલ રત્ન એવોર્ડ નહીં આપવાનો રમત મંત્રાલયનો નિર્ણય, 17ને અર્જુન એવોર્ડ





**નવી દિલ્હી, તા.20**

રમતગમત મંત્રાલયે મંગળવારે 2025ના વર્ષ માટે કોઈ પણ એથ્લેટને પ્રતિષ્ઠિત 'ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' નહીં આપવાનો નિર્ણય લીધો હતો. આ સાથે જ પસંદગી સમિતિ દ્વારા છ મહિના કરતાં વધુ સમય અગાઉ કરાયેલી ભલામણોના અભૂતપૂર્વ પુનઃમૂલ્યાંકન બાદ 17 અર્જુન એવોર્ડ વિજેતાઓની નોંધપાત્ર રીતે ટૂંકી કરાયેલી યાદી જાહેર કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ અરૂણ કુમાર મિશ્રાના વડપણ હેઠળની પસંદગી સમિતિ દ્વારા હોકી સ્ટાર હાર્દિક સિંઘના નામ પર દેશના સર્વોચ્ચ રમતગમત સન્માન માટે વિચારણા કરવામાં આવી હતી, પરંતુ અંતે તે આ રેસમાંથી બહાર થઈ ગયો હતો. આ અગાઉ 2014માં દેશમાં કોઈને પણ ખેલ રત્ન આપવામાં આવ્યો ન હતો.

મંગળવારે અર્જુન એવોર્ડ માટે જાહેર કરાયેલા 17 ખેલાડીઓમાં વર્લ્ડ કપ વિજેતા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખ, ડેકાથ્લીટ અને હાઈ જમ્પર તેજસ્વિન શંકર અને બેડમિન્ટન ખેલાડી ગાયત્રી ગોપીચંદનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત અર્જુન એવોર્ડની યાદીમાં ગ્રાન્ડમાસ્ટર વિદિત ગુજરાતી, ગાયત્રી ગોપીચંદની મહિલા ડબલ્સ પાર્ટનર ત્રિશા જોલી, ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ બોક્સર નરેન્દર બરવાલ અને યુવા બધીર રાઈફલ શૂટર ધનુષ શ્રીકાંતનો પણ સમાવેશ થાય છે.

પસંદગી સમિતિએ આ વર્ષે અર્જુન એવોર્ડ માટે 24 નામોની ભલામણ કરી હતી, પરંતુ મંત્રાલયે માત્ર 17 નામોને જ મંજૂરી આપી છે. એવોર્ડ્સની જાહેરાતમાં ભારે વિલંબ થયો હતો કેમ કે મંત્રાલયે "એવોર્ડ્સની ગરિમા જાળવી રાખવા" માટે માત્ર યોગ્ય નામોને જ સન્માનિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પુનઃમૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરી હતી. 19 વર્ષીય દિવ્યા દેશમુખ ચેસ વર્લ્ડ કપ જીતનારી પ્રથમ ભારતીય મહિલા છે. વિદિત ગુજરાતી 2024ના ચેસ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમનો ભાગ છે.

તેજસ્વિન શંકરે 2023ની એશિયન ગેમ્સમાં ડેકાથ્લોનમાં ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો હતો અને ત્યારબાદ ગયા વર્ષે એશિયન ચેમ્પિયનશિપમાં બીજું સ્થાન મેળવ્યું હતું, તેણે તાજેતરમાં ઘૂંટણની ઈજા સામે સંઘર્ષ કર્યો હોવા છતાં કોમનવેલ્થ ગેમ્સમાં અભૂતપૂર્વ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે એવા એથ્લેટ્સમાં સામેલ હતી જેમણે એવોર્ડ્સની જાહેરાતમાં થયેલા વિલંબની ટીકા કરી હતી અને તેને એથ્લેટ્સ પ્રત્યેનો અનાદર ગણાવ્યો હતો.

# હરભજન-અશ્વિન પણ પાછળ છૂટી ગયા, 23 વર્ષના માનવ સુથારે રચ્યો ઈતિહાસ..



**ગૉલ, તા.20**

શ્રીલંકા સામેની ટેસ્ટ મેચમાં ભારતીય યુવા સ્પિનર માનવ સુથારે પોતાની શાનદાર બોલિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. પોતાની કારકિર્દીની માત્ર બીજી જ ટેસ્ટ મેચ રમી રહેલા માનવ સુથારે 10 વિકેટ ઝડપીને એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. શ્રીલંકાના ગોલ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં તેની સ્પિન બોલિંગ સામે યજમાન ટીમ સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. ભારતની 165 રનની ભવ્ય જીતમાં માનવ સુથારનું યોગદાન સૌથી મહત્ત્વપૂર્ણ રહ્યું હતું.


માનવ સુથારે ગોલ ટેસ્ટ મેચમાં કુલ 131 રન આપીને 10 વિકેટ મેળવવામાં સફળતા મેળવી છે. તેણે પ્રથમ ઈનિંગ્સમાં 76 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. જ્યારે બીજી ઈનિંગ્સમાં માત્ર 55 રન આપીને 6 વિકેટ પોતાના નામે કરી હતી. આ ધમાકેદાર પ્રદર્શન સાથે તે શ્રીલંકાની ધરતી પર કોઈપણ ટેસ્ટ મેચમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન કરનાર ભારતીય બોલર બની ગયો છે.

આ અગાઉ વર્ષ 2008માં હરભજન સિંહે અને 2015માં રવિચંદ્રન અશ્વિને ગોલના મેદાન પર 10 વિકેટ ઝડપી હતી. વર્ષ 2008માં હરભજન સિંહે 10 વિકેટ લેવા માટે 153 રન ખર્ચ્યા હતા, જ્યારે 2015માં આર. અશ્વિને 160 રન આપીને 10 વિકેટ લીધી હતી. માનવ સુથારે માત્ર 131 રન આપીને આ સિદ્ધિ મેળવતાં તે આ બંને દિગ્ગજ ખેલાડીઓથી આગળ નીકળી ગયો છે.

શ્રીલંકામાં એક ટેસ્ટ મેચમાં 10 વિકેટ લેનારો માનવ સુથાર હવે ત્રીજો ભારતીય બોલર બની ગયો છે. પોતાની બીજી જ ટેસ્ટ રમી રહેલા આ યુવા ખેલાડીના પ્રદર્શનને જોઈને તેને ભારતીય ક્રિકેટ ટીમનો ફ્યુચર સ્ટાર માનવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારત તરફથી સૌથી વધુ વખત (8-8 વાર) 10 વિકેટ હોલ લેવાનો રેકોર્ડ અનિલ કુંબલે અને આર. અશ્વિનના નામે છે, જ્યારે હરભજન સિંહે 5 વાર અને રવીન્દ્ર જાડેજાએ 3 વાર આ સિદ્ધિ મેળવી છે.

# ક્રિશ્ચિયાનો રોનાલ્ડો આ વર્ષને અંતે નિવૃત્તિ લઈ શકે છે

## રિયાધની ક્લબ સાથે કરાર પૂરો થયા બાદ રોનાલ્ડો આગળ ધપવા માગતો નથી



**રિયાધ, તા.20**

પોર્ટુગલના મહાન ફૂટબોલર ક્રિશ્ચિયાનો રોનાલ્ડોએ એવા સંકેત આપ્યા હતા કે તે આ વર્ષના અંત સુધીમાં ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈ શકે છે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું કહેવું છે કે સાઉદી પ્રો લીગની આ સિઝન કદાચ તેના વ્યાવસાયિક કરિયરની છેલ્લી સિઝન હશે. રિયાધની ક્લબ અલ-નાસ્ર સાથે આ 41 વર્ષીય સુપરસ્ટારનો ડિસેમ્બર 2022માં થયેલો કરાર આગામી જૂનમાં પૂરો થઈ રહ્યો છે અને તેણે એક મેગેઝિનને જણાવ્યું છે કે બીજો કરાર થવાની શક્યતા ઓછી છે.

રોનાલ્ડોએ કહ્યું, "આ કદાચ મારી ફૂટબોલ કારકિર્દીનું છેલ્લું વર્ષ છે. હું એક શાનદાર વારસો છોડીને જવા માંગુ છું." પોર્ટુગલના આ ફોરવર્ડે પોતાની કારકિર્દીમાં 976 ગોલ કર્યા છે. તેણે આ મહિનાની શરૂઆતમાં જ પોતાની લાંબા સમયની પાર્ટનર જ્યોર્જિયા રોડ્રિગ્ઝ સાથે લગ્ન કર્યા હતા. તેણે કહ્યું હતું કે "મેં મારું ભવિષ્ય પૂરી રીતે નક્કી કરી લીધું છે. મારી પાસે વ્યસ્ત રહેવા માટે એટલી બધી વસ્તુઓ છે કે તમને માત્ર એક વાત કહેવી મુશ્કેલ છે. કારણ કે ફૂટબોલ છોડ્યા પછી એક મોટો ખાલીપો સર્જાઈ શકે છે, તેથી તમારે તમારો સમય માત્ર એક જ નહીં પરંતુ વિવિધ રીતે વિતાવવો પડે."

"અને સાથે જ વધુ આનંદ માણવો, વધુ મુસાફરી કરવી, પેડલ રમત જોવી અને રમવી – જે મને ખૂબ ગમે છે અને મેં જે મેળવ્યું છે અથવા અમે જે મેળવ્યું છે તેનો આનંદ માણવો કારણ કે આખરે, આ 25 વર્ષ ખૂબ જ ત્યાગ અને સમર્પણથી ભરેલા રહ્યા છે." 2026-27ની સાઉદી પ્રો લીગ સિઝન રોનાલ્ડોની પ્રોફેશનલ કારકિર્દીની 25મી સિઝન છે. તેણે આ દરમિયાન પાંચ બેલોન ડી'ઓર એવોર્ડ અને પાંચ UEFA ચેમ્પિયન્સ લીગ ટાઈટલ જીત્યા છે.ગઈ સિઝનમાં રોનાલ્ડોના 28 લીગ ગોલે અલ-નાસ્રને મે મહિનામાં સાઉદી અરેબિયન ચેમ્પિયન બનવામાં મદદ કરી હતી, જેનાથી રિયાધ આવ્યા પછી તેણે તેની પ્રથમ ટ્રોફી જીતી હતી અને ક્લબ માટે 2019 પછી આ પ્રથમ લીગ ટાઈટલ હતું.

# ગૉલમાં ભારત સામે કારમી હાર બાદ શ્રીલંકન કેપ્ટનનું દર્દ છલકાયું

**ગૉલ, તા.20**

શ્રીલંકાને ગૉલમાં ભારત સામે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ટીમ ઈન્ડિયા સામે મળેલી કારમી હાર બાદ શ્રીલંકન કેપ્ટન ધનંજય ડી સિલ્વાએ હારનું કારણ જણાવ્યું છે. તેમનું કહેવું છે કે, અમારી ટીમે મેચમાં સારી ફાઈટ આપી, પરંતુ ચોથી ઈનિંગ્સમાં બેટિંગ કરવી સરળ નથી હોતી.

ગૉલની પીચ પરથી બીજા દિવસથી જ સ્પિનરોને મદદ મળવા લાગી હતી, જેના કારણે બેટ્સમેનો માટે મુશ્કેલી ઊભી થઈ રહી હતી. બીજી ઈનિંગ્સમાં ટીમ ઈન્ડિયા પણ 193 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી, કારણ કે પીચ પરથી સ્પિનરો માટે સારી એવી મદદ ઉપલબ્ધ હતી. મેચમાં પરાજય બાદ ડી સિલ્વાએ હારના કારણો ગણાવ્યા. તેમનું કહેવું છે કે, ટીમે ઝડપથી વિકેટો ગુમાવી દીધી, જેના કારણે હારનો સામનો કરવો પડ્યો.

પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં વાત કરતાં ડી સિલ્વાએ કહ્યું કે, 'મને લાગે છે કે બીજા દિવસથી જ અમે મેચમાં ટકી રહ્યા હતા. ચોથી ઈનિંગ્સમાં પણ અમારા ખેલાડીઓએ સખત ટક્કર આપી. મને લાગે છે કે આ એક સરસ મેચ હતી. અહીં પ્રથમ ત્રણ દિવસ બેટિંગ કરવી સરળ હતી. સ્પષ્ટ વાત છે કે, ગાલેમાં ચોથી ઈનિંગ્સ સરળ નથી હોતી, આ વાત તો સૌ જાણે છે. મને લાગે છે કે કેએલ રાહુલ અને દેવદત્ત પડિક્કલે જે સારી શરૂઆત અપાવી, ત્યાંથી જ અમારા પર દબાણ બની ગયું હતું. ટોસની પણ અસર પડી કારણ કે તેમણે ટોસ જીતીને પહેલા રન બનાવ્યા. અમે જ્યારે બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે ઝડપથી વિકેટો ગુમાવી દીધી અને ત્યાંથી જ અમે દબાણમાં આવી ગયા.'

શ્રીલંકન ટીમની ભારત સામે બેટિંગ ફ્લોપ રહી હતી. શ્રીલંકા તરફથી પ્રથમ ઈનિંગ્સમાં સોનલ દિનુશાએ સદી અને નિરોશન ડિકવેલાએ અડધી સદી ફટકારી હતી. જોકે, આ બંને સિવાય અન્ય કોઈ બેટ્સમેન મોટો સ્કોર નોંધાવી શક્યો ન હતો, જેના કારણે તેમની પ્રથમ ઈનિંગ્સ 284 રનમાં સમેટાઈ ગઈ હતી. બીજી ઈનિંગ્સમાં પણ આવું જ થયું, જ્યાં કેપ્ટન ધનંજય ડી સિલ્વા અને દિનુશાએ અડધી સદી ફટકારી પરંતુ તેમના સિવાય તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ટીમ ઈન્ડિયાએ આ મેચ 165 રને પોતાના નામે કરી લીધી હતી.



# "મને મહિલા હોવા અને પીરિયડ્ઝ આવવા પર પણ શરમ આવતી હતી" : અનુપમા પરમેશ્વરન



**મુંબઈ, તા.20**

અભિનેત્રી અનુપમા પરમેશ્વરને તાજેતરમાં ખરાબ સંબંધમાં રહેવા દરમિયાન અનુભવેલા ભાવનાત્મક શોષણ અને પોતાનામાં શંકા અને શરમ ઉપજાવે તેવા અનુભવો અંગે જાહેરમાં વાત કરી છે. એક નિખાલસ વાતચીતમાં અનુપમાએ જણાવ્યું કે સંબંધ દરમિયાન તેનાં પાર્ટનરના વર્તનને કારણે તે પોતાની ઓળખ, આત્મવિશ્વાસ અને પોતાની ઉપલબ્ધિઓ અંગે પણ શંકા કરવા લાગી હતી.

એક વાતચીતમાં અનુપમાએ જણાવ્યું કે આ સંબંધે એક મહિલા અને અભિનેત્રી તરીકે પોતાને જોવાની તેની દૃષ્ટિ પર ઊંડી અસર કરી હતી. તેણે કહ્યું, "હું એવી પરિસ્થિતિમાં હતી જ્યાં મને અભિનેત્રી હોવા પર શરમ આવતી હતી. મને આત્મવિશ્વાસ હોવા પર શરમ આવતી હતી. મને પીરિયડ્ઝ આવે છે અને હું એક મહિલા છું, તેનાં પર પણ મને શરમ આવતી હતી."

અનુપમાએ જણાવ્યું કે તેનો પાર્ટનર કથિત રીતે તેની પીરિયડ સાઈકલનો ઉપયોગ તેની લાગણીઓ અને ફરિયાદોને અવગણવા માટે કરતો હતો. જ્યારે તે કોઈ ભુલ અંગે વાત કરતી અથવા કોઈ મુદ્દે વાંધો ઉઠાવતી, ત્યારે તેની લાગણીઓને પીરિયડ્ઝ સાથે જોડીને ગંભીરતાથી ન લેવામાં આવતી હોવાનો તેણે દાવો કર્યો છે..તેણે કહ્યું, "સાયકલનો પહેલો દિવસ હોય, પાંચમો, દસમો, પંદરમો, વીસમો કે પચીસમો–કોઈપણ દિવસ હોય. તમે આ વ્યક્તિએ કરેલી ભુલ અંગે વાત કરો તો તેઓ કહે કે, 'તને પીરિયડ્ઝ થઈ રહ્યા છે, તારો પીરિયડ આવવાના છે.' એટલે મને પોતાની જાત પર જ ખુબ શરમ આવવા લાગી હતી."

અનુપમાએ વધુમાં કહ્યું કે આ અનુભવ બાદ બાળકો અંગેની તેની વિચારસરણી પણ બદલાઈ ગઈ. તેણે જણાવ્યું, "હું એવી વ્યક્તિ હતી જે 11 બાળકો રાખવાનું સપનું જોતી હતી. પરંતુ હવે તો મને બાળકો પણ નથી જોઈતા. મને મહિલા હોવા પર જ ખુબ ખરાબ લાગતું હતું. મારી તમામ સિદ્ધિઓ માટે પણ મને ખરાબ લાગવા લાગ્યું હતું."

અનુપમાના જણાવ્યા મુજબ, કેટલીક પરિસ્થિતિઓમાં તેણે એવી બાબતો સ્વીકારી જે તે પોતે કરવા માંગતી નહોતી, પરંતુ પાર્ટનરની ઈચ્છા અને અપેક્ષાઓને કારણે નિર્ણયો બદલ્યા હતા અનુપમાએ જણાવ્યું કે સંબંધ આગળ વધતાં તેનાં પર વધુ દબાણ આવ્યું અને તેને આગળના તબક્કામાં લઈ જવા માટે તેને દબાણ અને મજબુરીનો સામનો કરવો પડ્યો.

# 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન 6'માં કેપ્ટન જેક સ્પેરો તરીકે જોની ડેપની વાપસીની શક્યતા....



**વોશિંગ્ટન, તા.20**

હોલિવૂડની લોકપ્રિય 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફ્રેન્ચાઈઝીના ચાહકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જોની ડેપ છઠ્ઠી ફિલ્મમાં પોતાના લોકપ્રિય પાત્ર કેપ્ટન જેક સ્પેરો તરીકે ફરી જોવા મળે તેવી શક્યતા છે. ફિલ્મના નિર્માતા જેરી બ્રુકહાઈમરે કહ્યું છે કે ડેપ સાથે તેમની આ અંગે વાતચીત ચાલી રહી છે.

એક ઈન્ટરવ્યુમાં વાત કરતાં બ્રુકહાઈમરે જણાવ્યું, "અમે જોની સાથે વાત કરી રહ્યા છીએ, સાથે અમે સ્ક્રીનપ્લે પર પણ કામ કરી રહ્યા છીએ અને આશા છે કે અમે આ પ્રોજેક્ટને સાકાર કરી શકીશું."

જોની ડેપે પહેલીવાર 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન: ધ કર્સ ઓફ ધ બ્લેક પર્લ'માં 2003માં કેપ્ટન જેક સ્પેરોનું પાત્ર ભજવ્યું હતું. ફિલ્મનું દિગ્દર્શન ગોર વર્બિન્સ્કીએ કર્યું હતું. તેમાં ડેપ સાથે ઓર્લાન્ડો બ્લૂમ વિલ ટર્નર અને કિરા નાઈટલી એલિઝાબેથ સ્વાનની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

ત્યારબાદ ડેપે ફ્રેન્ચાઈઝીની અન્ય ફિલ્મોમાં પણ કેપ્ટન જેક સ્પેરોનું પાત્ર ભજવ્યું હતું, જેમાં 'પાઈરેટ્સ ઓફ કેરેબિયન: ડેડ મેન્સ ચેસ્ટ' (2006), 'એટ વર્લ્ડ્સ એન્ડ' (2007), 'ઓન સ્ટ્રેન્જર ટાઈડ્ઝ' (2011) અને 'ડેડ મેન ટેલ નો ટેલ્સ' (2017)નો સમાવેશ થાય છે.

કેપ્ટન જેક સ્પેરો તરીકે સંભવિત વાપસી જોની ડેપ અને હોલિવૂડ વચ્ચેના સંબંધોમાં મહત્વપૂર્ણ વળાંક ગણાઈ રહ્યો છે. 2018માં ઘરેલુ હિંસાના આરોપો વચ્ચે ડિઝનીએ ડેપને 'પાઈરેટ્સ ઓફ ધ કેરેબિયન' ફ્રેન્ચાઈઝીમાંથી દૂર કર્યો હતો. ત્યારબાદ ડેપે કહ્યું હતું કે તેને હોલિવૂડમાં બહિષ્કારનો સામનો કરવો પડ્યો હતો અને ઈન્ડસ્ટ્રીનાં કેટલાક લોકો તેને 'બોક્સ ઓફિસ પોઈઝન' તરીકે

જોતા હતા. 2023ના કાન ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન ડેપે જણાવ્યું હતું કે ફ્રેન્ચાઈઝી છોડવા માટે કહેવામાં આવ્યું ત્યારે તેને એવું લાગ્યું હતું કે તેનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે.

# કનિકા ઢિલ્લોંની આગામી ફિલ્મમાં સૈફ અલી ખાન અને કિયારા અડવાણીની જોડી



**મુંબઈ, તા.20**

સૈફ અલી ખાન અને કિયારા અડવાણી પહેલી વખત એકસાથે મોટા પડદા પર જોવા મળશે. તે બંને લેખિકા કનિકા ઢિલ્લોનના દિગ્દર્શક તરીકેના ડેબ્યુ પ્રોજેક્ટમાં લીડ રોલમાં જોવા મળશે. એક્સેલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત આ ફિલ્મ હાલમાં સ્ક્રિપ્ટિંગના તબક્કામાં છે અને આ વર્ષના અંત સુધીમાં તેને ફ્લોર પર લઈ જવાની યોજના છે. પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સુત્રએ જણાવ્યું, "સૈફ અને કિયારા કનિકાની આગામી ફિલ્મમાં એકસાથે જોવા મળશે. આ એક ઈન્ટેન્સ થ્રિલર છે, જેમાં સુપરનેચરલ તત્વ પણ હશે. બંને કલાકારોને ધ્યાનમાં રાખીને સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં આવી રહી છે. કનિકા, એક્સેલ એન્ટરટેઈનમેન્ટ અને લેખકોની ટીમ લાંબા સમયથી આ વાર્તા પર કામ કરી રહી છે અને હવે તેને આગળ લઈ જવાની તૈયારી છે."

ફિલ્મની વાર્તા અને તેમાં રહેલા સુપરનેચરલ તત્વ અંગે હાલમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી રહી છે. જોકે, સૈફ અને કિયારાની જોડીને કારણે આ થ્રિલરમાં એક નવી અને રસપ્રદ બનશે તેવી અપેક્ષા છે. આ ફિલ્મ દ્વારા કનિકા ઢિલ્લોન દિગ્દર્શક તરીકે ડેબ્યુ કરશે. મજબૂત પાત્રો અને અસામાન્ય વિષયો પર આધારિત વાર્તાઓ લખવા માટે જાણીતી કનિકાએ હિન્દી સિનેમામાં પોતાની આગવી ઓળખ બનાવી છે. તેની ફિલ્મોની યાદીમાં 'મનમર્ઝિયાં', 'કેદારનાથ', 'જજમેન્ટલ હૈ ક્યા', 'હસીન દિલરૂબા', 'રશ્મિ રોકેટ', 'રક્ષા બંધન' અને 'ડંકી' જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

કનિકાએ પોતાના પ્રોડક્શન બેનર કઠપુતલી ક્રિએશન્સ દ્વારા નિર્માણ ક્ષેત્રમાં પણ પગલું મૂક્યું છે. તેની લખેલી અને નિર્મિત 'દો પત્તી' પણ તેના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સમાં સામેલ છે. ખાસ કરીને 'હસીન દિલરૂબા' અને તેની સિક્વલ 'ફિર આઈ હસીન દિલરૂબા' દ્વારા તેણે થ્રિલર જોનરમાં સફળતા મેળવી હતી.

# હોરર એકમાત્ર ફિલ્મ જોનર, જેને ટિકિટ વેચવા માટે સુપરસ્ટારની જરૂર પડતી નથી




**મુંબઈ, તા.20**

ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોની સૌથી મોટી હિટ હોરર ફિલ્મોને ધ્યાનથી જોવામાં આવે તો એક પેટર્ન સ્પષ્ટ દેખાય છે. ફિલ્મોને મિશ્ર, ક્યારેક તો અત્યંત વિભાજિત પ્રતિસાદ અને ટીકા મળી હોવા છતાં દર્શકોએ સિનેમાઘરો સુધી પહોંચવાનું બંધ કર્યું નથી. ફિલ્મનાં પોસ્ટર પર મોટો સ્ટાર ન હોય તો પણ મજબુત કોન્સેપ્ટ, ભયજનક વાતાવરણ અને રોમાંચક કથાવસ્તુના આધારે ફિલ્મોએ અનેક અઠવાડિયાં સુધી હાઉસફુલ શો આપ્યા છે.

હોલિવૂડ પણ એક દાયકાથી વધુ સમયથી આ જ ફોર્મ્યુલા અપનાવી રહ્યું છે. 'ધ કોન્ઝ્યુરિંગ' ફ્રેન્ચાઈઝી, 'ધ નન' જેવી ફિલ્મો એ-લિસ્ટ સ્ટાર પાવર પર આધાર રાખતી નથી. તેમનું મુખ્ય આકર્ષણ જ કોન્સેપ્ટ હોય છે– ભૂતિયા વસ્તુઓ, શાપિત ઘર અથવા દરવાજા પાછળ છુપાયેલો ખતરો. હોરર કદાચ એવા કેટલાક ફિલ્મ જોનરમાંનુ એક છે, જ્યાં સ્ટાર નહીં પરંતુ વિચાર જ ટિકિટ વેચે છે.

હોલિવૂડમાં આ વાતને સૌથી મજબુત રીતે સાબિત કરનારી ફ્રેન્ચાઈઝીઓમાં 'ઈન્સિડિયસ'નું નામ આગળ આવે છે. 13 વર્ષમાં પાંચ ફિલ્મો આપ્યા બાદ ફ્રેન્ચાઈઝીએ કોઈ મોટા એ-લિસ્ટ સ્ટારના સહારે નહીં, પરંતુ પોતાની આગવી માઈથોલોજી અને યુનિવર્સના આધારે મજબુત બોક્સ ઓફિસ પાવરહાઉસ ઊભું કર્યું છે.

'ધ ફર્ધર', એસ્ટ્રલ પ્રોજેક્શન અને 'ધ રેડ ડોર' જેવા પોતાનાં આગવા કોન્સેપ્ટ્સને કારણે દર્શકો એક ફિલ્મ બાદ બીજી ફિલ્મ તરફ પાછા ફરતા રહ્યા છે. અહીં સ્ટાર કરતાં ફ્રેન્ચાઈઝી પરનો વિશ્વાસ વધુ મહત્વનો બન્યો છે.

આ વિશ્વાસ પર હવે સોની પિક્ચર્સ ભારતના બજારમાં પણ મોટો દાવ લગાવી રહ્યું છે. 'ઈન્સિડિયસ: આઉટ ઓફ ધ ફર્ધર' 21 ઓગસ્ટે સમગ્ર ભારતમાં અંગ્રેજી, હિન્દી, તમિલ અને તેલુગુ ભાષામાં રિલીઝ થવાની છે.

ભારતીય બોક્સ ઓફિસે છેલ્લા કેટલાક વર્ષોમાં વારંવાર બતાવ્યું છે કે હોરર ફિલ્મોને સફળતા મેળવવા માટે સુપરસ્ટારની જરૂર પડતી નથી. આ જ કારણ છે કે 'ઈન્સિડિયસ' અહીં માત્ર વધુ એક હોરર ફિલ્મ તરીકે નહીં, પરંતુ એવી ફ્રેન્ચાઈઝી તરીકે આવી રહી છે જેને શરૂઆતથી જ ટિકિટ વેચવા માટે સ્ટારની જરૂર પડી નથી.

# સેન્સેક્સ 628 પોઈન્ટ વધીને 77,538 પર બંધ: નિફ્ટીમાં 154 પોઈન્ટનો વધારો રહ્યો, મીડિયા અને રિયલ્ટી શેર્સમાં વધુ ખરીદી

**મુંબઈ, તા.20**

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 20 ઓગસ્ટે જોરદાર તેજી જોવા મળી હતી. સપ્તાહના અગાઉના સત્રમાં ઘટાડા બાદ આજે બજારમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. રોકાણકારોના સકારાત્મક વલણને કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો. ખાસ કરીને મીડિયા, રિયલ્ટી અને FMCG ક્ષેત્રના શેરોમાં ખરીદીનું જોર રહ્યું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ આજે 628 પોઈન્ટના વધારા સાથે 77,538ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સમાં કુલ 0.82 ટકાનો વધારો નોંધાયો હતો. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 154 પોઈન્ટ વધીને 24,232ના સ્તરે પહોંચ્યો હતો. નિફ્ટીમાં આજે 0.64 ટકાનો ઉછાળો નોંધાયો હતો. બજારમાં માત્ર મોટા શેરોમાં જ નહીં પરંતુ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદી જોવા મળી હતી. મિડકેપ 50 ઈન્ડેક્સ 80 પોઈન્ટના વધારા સાથે 18,301 પર બંધ થયો હતો, જ્યારે સ્મોલકેપ 50માં 56 પોઈન્ટનો વધારો નોંધાયો હતો અને તે 9,902ના સ્તરે પહોંચ્યો હતો. આથી બજારના વ્યાપક હિસ્સામાં પણ રોકાણકારોની ખરીદી જોવા મળી હોવાનું કહી શકાય.

આજના કારોબારમાં કેટલાક શેરોએ રોકાણકારોને સારો નફો આપ્યો હતો. નિફ્ટીના ટોપ ગેનર્સમાં ઝોમેટો સૌથી આગળ રહ્યું હતું. ઝોમેટોના શેરમાં 7.95 રૂપિયાનો વધારો થયો હતો અને શેર 328 રૂપિયાની આસપાસ બંધ થયો હતો. તેના શેરમાં 2.48 ટકાનો વધારો નોંધાયો હતો. શ્રીરામ ફાઈનાન્સનો શેર પણ 22.20 રૂપિયા વધીને 1,128 રૂપિયાની આસપાસ પહોંચ્યો હતો અને તેમાં 2.01 ટકાની તેજી જોવા મળી હતી. કોટક બેંકના શેરમાં પણ ખરીદી જોવા મળી હતી. તેનો શેર 7.10 રૂપિયા વધીને આશરે 397 રૂપિયા થયો હતો અને તેમાં 1.82 ટકાનો વધારો નોંધાયો હતો.

બીજી તરફ કેટલાક શેરોમાં આજે વેચવાલી જોવા મળી હતી. નિફ્ટીના ટોપ લૂઝર્સમાં ટાટા કન્ઝ્યુમરનો શેર 11.70 રૂપિયા ઘટીને 1,056 રૂપિયાની આસપાસ રહ્યો હતો. તેમાં 1.10 ટકાનો ઘટાડો નોંધાયો હતો. હિન્ડાલ્કોના શેરમાં પણ 9.10 રૂપિયાનો ઘટાડો થયો હતો અને તે આશરે 1,030 રૂપિયાના સ્તરે બંધ થયો હતો.



ઈન્ડિગોના શેરમાં 28 રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો અને તે 5,165 રૂપિયાની આસપાસ રહ્યો હતો.

આ દરમિયાન થર્મલ એન્જિનિયરિંગ અને સ્પેશિયલાઈઝ્ડ કેબલ બનાવતી ટેમ્પસેન્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સ લિમિટેડનો IPO પણ આજે ખુલ્યો છે. કંપની પોતાના IPO મારફતે આશરે 650 કરોડ રૂપિયા એકત્ર કરવાની યોજના ધરાવે છે. રોકાણકારો માટે IPOમાં બોલી લગાવવાની પ્રક્રિયા 24 ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. IPOને કારણે પ્રાથમિક બજારમાં પણ રોકાણકારોની નજર કંપનીના શેર તરફ રહી છે.

ભારતીય બજારમાં તેજી વચ્ચે એશિયન બજારોમાં પણ મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 6,853ના સ્તરે રહ્યો હતો અને તેમાં 381 પોઈન્ટનો વધારો નોંધાયો હતો. જાપાનનો નિક્કેઈ 66,217ના સ્તરે રહ્યો હતો અને તેમાં 890 પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ પણ 25,698ના સ્તરે રહ્યો હતો અને તેમાં 203 પોઈન્ટનો વધારો નોંધાયો હતો.

આંતરરાષ્ટ્રીય બજારોની વાત કરીએ તો 19 ઓગસ્ટના અમેરિકન બજારોમાં પણ મજબૂતી જોવા મળી હતી. ડાઉ જોન્સ 53,463ના સ્તરે રહ્યો હતો અને તેમાં 120 પોઈન્ટનો વધારો નોંધાયો હતો. નાસ્ડેક 26,331ના સ્તરે પહોંચ્યો હતો અને તેમાં 41 પોઈન્ટનો વધારો થયો હતો. S&P 500 પણ 16 પોઈન્ટ વધીને 7,708ના સ્તરે રહ્યો હતો. વૈશ્વિક બજારોના આ વલણની અસર ભારતીય બજારના સેન્ટિમેન્ટ પર પણ જોવા મળી શકે છે. ભારતીય બજારમાં ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો એટલે કે DIIની ખરીદી પણ મહત્વપૂર્ણ બની રહી છે. છેલ્લા સાત દિવસમાં ઘરેલુ રોકાણકારોએ ભારતીય શેરબજારમાં કુલ 12,011 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. છેલ્લા 30 દિવસમાં DIIની ખરીદીનો આંકડો 42,078 કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે. આ દર્શાવે છે કે સ્થાનિક રોકાણકારો બજારમાં સતત પોતાનું રોકાણ વધારી રહ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII અને FPI તરફથી પણ ખરીદી જોવા મળી રહી છે. તાજેતરના આંકડા પ્રમાણે FII/FPI તરફથી 408 કરોડ રૂપિયાની ખરીદી નોંધાઈ છે. છેલ્લા સાત દિવસમાં તેમની ખરીદી 33 કરોડ રૂપિયા રહી છે, જ્યારે છેલ્લા 30 દિવસ દરમિયાન FII/FPIની કુલ ખરીદી 1,879 કરોડ રૂપિયા સુધી પહોંચી છે.

આજની તેજી પહેલાં બજારમાં સતત દબાણ જોવા મળ્યું હતું. 19 ઓગસ્ટે શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સ 326 પોઈન્ટના ઘટાડા સાથે 76,910ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 77 પોઈન્ટનો ઘટાડો થયો હતો અને તે 24,078ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, એક દિવસ બાદ જ બજારમાં ખરીદદારો ફરી સક્રિય બન્યા અને બંને મુખ્ય સૂચકાંકોમાં નોંધપાત્ર તેજી જોવા મળી.

બજારના આજના કારોબારને જોતા રોકાણકારોમાં ફરીથી સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. મીડિયા, રિયલ્ટી અને FMCG જેવા ક્ષેત્રોમાં ખરીદીના કારણે બજારને સપોર્ટ મળ્યો હતો. સાથે જ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદી જોવા મળતાં બજારની તેજી માત્ર પસંદગીના મોટા શેરો સુધી મર્યાદિત રહી નહોતી.

# SBI ખાતાધારકો માટે એલર્ટ!: હવે બેંકમાંથી રોકડ રૂપિયા ઉપાડવા પર ચાર્જ લાગશે, 1 ઓક્ટોબરથી લાગુ થશે નવા નિયમો

**નવી દિલ્હી, તા.20**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે SBIએ પોતાના કેટલાક ખાતાધારકો માટે મહત્વપૂર્ણ ફેરફારની જાહેરાત કરી છે. બેંક દ્વારા કરવામાં આવેલા નવા ફેરફાર મુજબ, ચોક્કસ પ્રકારના ખાતામાં બ્રાન્ચમાંથી રોકડ ઉપાડવા માટે હવે મફત ટ્રાન્ઝેક્શનની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જો ગ્રાહક આ મર્યાદા કરતાં વધુ વખત બ્રાન્ચમાંથી રોકડ ઉપાડશે તો તેને વધારાનો ચાર્જ ચૂકવવો પડી શકે છે. આ નવો નિયમ 1 ઓક્ટોબર, 2026થી અમલમાં આવશે. નવા નિયમની સૌથી મહત્વની વાત એ છે કે દરેક SBI ખાતાધારક પર આ ફેરફાર લાગુ થવાનો નથી. આ સર્વિસ ચાર્જ ખાસ કરીને Basic Savings Bank Deposit એટલે કે BSBD ખાતા માટે લાગુ થશે. જો કોઈ ગ્રાહક પાસે SBIનું BSBD એકાઉન્ટ છે તો તે હવે એક મહિનામાં બ્રાન્ચમાંથી ચાર વખત સુધી રોકડ ઉપાડ મફતમાં કરી શકશે. પાંચમા અને ત્યારબાદના રોકડ ઉપાડ પર ગ્રાહક પાસેથી ચાર્જ વસૂલવામાં આવશે. SBIના આ ફેરફારને કારણે BSBD ખાતું ધરાવતા એવા ગ્રાહકોએ ખાસ સાવચેતી રાખવી પડશે જેઓ વારંવાર બેંકની બ્રાન્ચમાં જઈને રોકડ ઉપાડે છે. એક મહિનામાં ચાર મફત ઉપાડ પૂરા થઈ ગયા બાદ જો પાંચમી વખત અથવા તેનાથી વધુ વખત બ્રાન્ચમાંથી રોકડ ઉપાડવામાં આવશે તો દરેક વધારાના ટ્રાન્ઝેક્શન પર નિર્ધારિત ચાર્જ લાગશે. નવા નિયમ હેઠળ 1 ઓક્ટોબર, 2026થી એક મહિનામાં પ્રથમ ચાર બ્રાન્ચ કેશ વિથડ્રોઅલ મફત રહેશે. ત્યારબાદના દરેક વધારાના રોકડ ઉપાડ માટે પ્રતિ ટ્રાન્ઝેક્શન 15 રૂપિયાનો સર્વિસ ચાર્જ વસૂલવામાં આવશે. આ 15 રૂપિયાના ચાર્જ ઉપરાંત લાગુ પડતો GST પણ ગ્રાહક પાસેથી લેવામાં આવશે. એટલે કે પાંચમા ઉપાડથી ગ્રાહકના ખાતામાંથી માત્ર 15 રૂપિયા જ નહીં પરંતુ તેના પર લાગુ GST સાથેની રકમ કપાઈ શકે છે.



અહીં સૌથી મહત્વની વાત એ છે કે આ નિયમને કારણે ગ્રાહકોએ એવું માનવાની જરૂર નથી કે હવે SBIના ATMમાંથી પૈસા ઉપાડવા પર પણ પાંચમા ટ્રાન્ઝેક્શનથી ચાર્જ લાગશે. નવો ફેરફાર મુખ્યત્વે BSBD ખાતામાં બ્રાન્ચ ચેનલ દ્વારા કરવામાં આવતા રોકડ ઉપાડ સાથે સંબંધિત છે. ATMમાંથી પૈસા ઉપાડવા અંગેના નિયમો અલગ રહેશે અને SBI ATM, અન્ય બેંકના ATM, માઈક્રો ATM વગેરે માટે અગાઉથી લાગુ નિયમો જ મહત્વપૂર્ણ રહેશે. અગાઉ SBIના BSBD ખાતા માટે મહિનામાં ચાર રોકડ ઉપાડ મફત રાખવામાં આવ્યા હતા. જૂના માળખામાં SBI ATM, અન્ય બેંકના ATM, બ્રાન્ચમાંથી રોકડ ઉપાડ અને માઈક્રો ATM જેવા વિવિધ ચેનલોના ટ્રાન્ઝેક્શનને આ મર્યાદા સાથે જોડવામાં આવતા હતા. UPI, NEFT, RTGS અને IMPS જેવા ડિજિટલ ટ્રાન્ઝેક્શનને આ રોકડ ઉપાડની મર્યાદાથી અલગ રાખવામાં આવ્યા હતા.

હવે SBI દ્વારા કરવામાં આવેલા ફેરફાર બાદ બ્રાન્ચમાંથી કરવામાં આવતા રોકડ ઉપાડને અલગ રીતે જોવામાં આવશે. એટલે કે BSBD ખાતાધારકો માટે બ્રાન્ચ કેશ વિથડ્રોઅલના પ્રથમ ચાર ટ્રાન્ઝેક્શન મફત રહેશે અને ત્યારબાદના દરેક બ્રાન્ચ કેશ વિથડ્રોઅલ પર ચાર્જ લાગશે. આ ફેરફાર ખાસ કરીને એવા ગ્રાહકો માટે મહત્વનો છે જેઓ ડિજિટલ પેમેન્ટ કરતા ઓછું અને બ્રાન્ચમાંથી રોકડ ઉપાડતા વધુ હોય છે. આ નિયમને ઉદાહરણથી સમજીએ તો, જો કોઈ BSBD ખાતાધારક ઓક્ટોબર મહિનામાં SBIની બ્રાન્ચમાંથી પ્રથમ વખત રોકડ ઉપાડે છે તો તેના પર કોઈ ચાર્જ લાગશે નહીં. બીજી વખત, ત્રીજી વખત અને ચોથી વખત પણ બ્રાન્ચમાંથી રોકડ ઉપાડ મફત રહેશે.

# પોસ્ટ ઓફિસની સુપરહિટ સ્કીમ: દર મહિને રૂ.5,000ની બચત પર મળશે રૂ. 3.56 લાખનું ગેરંટીડ ફંડ!

**નવી દિલ્હી, તા.20**

નવી દિલ્હી: જો તમે કોઈ મોટું જોખમ લીધા વગર દર મહિને નાની-નાની રકમ બચાવીને ભવિષ્ય માટે એક સારું ફંડ તૈયાર કરવા માંગતા હોવ, તો પોસ્ટ ઓફિસની રિકરિંગ ડિપોઝિટ એટલે કે RD સ્કીમ એક વિકલ્પ બની શકે છે. આ યોજના ખાસ કરીને એવા લોકો માટે ઉપયોગી છે જેઓ એકસાથે મોટી રકમ રોકાણ કરી શકતા નથી, પરંતુ દર મહિને પોતાની આવકમાંથી ચોક્કસ રકમ બચાવી શકે છે. સામાન્ય રીતે પગાર અથવા આવક મળ્યા બાદ લોકો પૈસા સેવિંગ્સ એકાઉન્ટમાં રાખે છે અથવા ઘરમાં બચત કરે છે. પરંતુ લાંબા ગાળાની બચત માટે રિકરિંગ ડિપોઝિટ જેવી યોજના વધુ શિસ્તબદ્ધ રીતે પૈસા જમા કરવાની તક આપે છે. પોસ્ટ ઓફિસની 5 વર્ષની RD સ્કીમમાં હાલ 6.70% વાર્ષિક વ્યાજ દર આપવામાં આવે છે અને વ્યાજની ગણતરી ચક્રવૃદ્ધિ પદ્ધતિથી થાય છે.



આ યોજનાની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં દર મહિને નિશ્ચિત રકમ જમા કરવાની હોય છે. એટલે રોકાણકારને એકસાથે મોટી રકમની જરૂર પડતી નથી. નાની રકમથી શરૂઆત કરીને પાંચ વર્ષ સુધી નિયમિત બચત કરવામાં આવે તો મેચ્યોરિટી સમયે જમા કરેલી રકમ ઉપરાંત વ્યાજ પણ મળે છે. પોસ્ટ ઓફિસ રિકરિંગ ડિપોઝિટને સામાન્ય ભાષામાં RD કહેવામાં આવે છે. આ એક એવી બચત યોજના છે જેમાં રોકાણકાર દર મહિને નક્કી કરેલી રકમ પોતાના RD ખાતામાં જમા કરે છે. આ પ્રક્રિયા સતત પાંચ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે છે. પાંચ વર્ષ પૂરા થયા બાદ ખાતું મેચ્યોર થાય છે અને રોકાણકારને જમા કરેલી રકમ સાથે મળેલું વ્યાજ મળે છે.

હાલ પોસ્ટ ઓફિસની આ RD સ્કીમમાં વાર્ષિક 6.70% વ્યાજ દર છે. વ્યાજ ચક્રવૃદ્ધિ પદ્ધતિથી ગણવામાં આવે છે, જેના કારણે લાંબા સમય સુધી નિયમિત બચત કરનારને પોતાની જમા રકમ પર વ્યાજનો લાભ મળે છે.

આ યોજના ખાસ કરીને એવા લોકો માટે ઉપયોગી બની શકે છે જેઓ શેરબજાર જેવી બજાર આધારિત યોજનાઓમાં જોખમ લેવા માંગતા નથી અને નિશ્ચિત સમયગાળા માટે નિયમિત બચત કરવા માંગે છે. પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓને સરકારના સમર્થનવાળી બચત વ્યવસ્થા તરીકે જોવામાં આવે છે, જોકે કોઈપણ રોકાણ કરતા પહેલાં હાલના સત્તાવાર નિયમો અને વ્યાજદરની ચકાસણી કરવી જરૂરી છે. પોસ્ટ ઓફિસ RDની મૂળ મુદત પાંચ વર્ષની હોય છે. એટલે રોકાણકાર પાંચ વર્ષ સુધી દર મહિને હપ્તો જમા કરાવે છે. પાંચ વર્ષ પૂરા થયા બાદ જો રોકાણકારને પૈસાની તાત્કાલિક જરૂર ન હોય તો નિયમો અનુસાર RD ખાતું આગળ પણ ચાલુ રાખવાનો વિકલ્પ મળી શકે છે.

# ઈન્ડિગોની વેબસાઈટ-એપ પર ટિકિટ બુકિંગમાં મુશ્કેલી: ફ્લાઈટ્સનું ભાડું અને શેડ્યૂલ દેખાતું નથી, વેબ ચેક-ઈનમાં પણ મુશ્કેલી

**નવી દિલ્હી, તા.20**

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની ઓનલાઈન સેવાઓમાં ટેકનિકલ સમસ્યા સર્જાતા મોટી સંખ્યામાં મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એરલાઈનની વેબસાઈટ પર ફ્લાઈટ શોધવા, નવા ટિકિટ બુક કરવા અને મુસાફરી સંબંધિત કેટલીક ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવામાં લોકોને અડચણ આવી રહી છે. ખાસ કરીને કેટલાક મુસાફરોને ફ્લાઈટનું શેડ્યૂલ અને ભાડું દેખાતું ન હોવાની ફરિયાદો સામે આવી છે. ઓનલાઈન બુકિંગ સિસ્ટમમાં ખામીના કારણે જે મુસાફરો નવી ફ્લાઈટ બુક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓને મુશ્કેલી પડી રહી છે. ફ્લાઈટ પસંદ કર્યા બાદ ભાડું અથવા ઉપલબ્ધ શેડ્યૂલની માહિતી યોગ્ય રીતે ન દેખાતા ટિકિટ બુકિંગની પ્રક્રિયા આગળ વધી રહી નથી. એરલાઈનની ડિજિટલ સિસ્ટમ પર નિર્ભર મુસાફરો માટે આ સમસ્યા ખાસ કરીને મુશ્કેલીજનક બની છે.

ઈન્ડિગોએ પણ સિસ્ટમમાં સમસ્યા હોવાની પુષ્ટિ કરી છે. એરલાઈનના જણાવ્યા અનુસાર, તેની સિસ્ટમમાં વારંવાર ટેકનિકલ સમસ્યા આવી રહી છે, જેના કારણે કેટલાક ગ્રાહકોને ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી શકે છે. કંપનીની ટેકનિકલ ટીમો આ સમસ્યાને વહેલી તકે ઉકેલવા માટે કામ કરી રહી છે અને ડિજિટલ સેવાઓને સામાન્ય સ્થિતિમાં લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ સમસ્યાની અસર માત્ર નવા બુકિંગ સુધી મર્યાદિત નથી રહી. જે મુસાફરોની આજે અથવા આવતીકાલે ફ્લાઈટ છે, તેમાંથી કેટલાકને વેબ ચેક-ઈન કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વેબ ચેક-ઈન પૂર્ણ ન થવાને કારણે બોર્ડિંગ પાસ ડાઉનલોડ કરવામાં પણ મુસાફરોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. એરલાઈનના મોટાભાગના મુસાફરો ઓનલાઈન ચેક-ઈન અને ડિજિટલ બોર્ડિંગ પાસ જેવી સુવિધાઓનો ઉપયોગ કરતા હોવાથી સિસ્ટમની ખામીથી મુસાફરીની પ્રક્રિયા પર સીધી અસર પડી રહી છે. ડિજિટલ સેવાઓમાં ખામીના કારણે એરપોર્ટ પર પણ તેની અસર જોવા મળી શકે છે. ઓનલાઈન ચેક-ઈન અથવા બુકિંગ ન કરી શકતા મુસાફરો એરપોર્ટના કાઉન્ટર તરફ વળતા



હોવાથી ત્યાં મેન્યુઅલ ચેકિંગ અને બુકિંગનું પ્રમાણ વધી શકે છે. પરિણામે ચેક-ઈન કાઉન્ટર પર ભીડ વધવાની અને મુસાફરોને સામાન્ય કરતાં વધુ સમય રાહ જોવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. કેટલાક મુસાફરોએ સોશિયલ મીડિયા પર પણ પોતાની સમસ્યાઓ અંગે પોસ્ટ કરી છે. મુસાફરોએ વેબસાઈટ પર ફ્લાઈટની વિગતો અને ભાડું ન દેખાવાથી લઈને વેબ ચેક-ઈન અને બોર્ડિંગ પાસ સંબંધિત મુશ્કેલીઓ અંગે ફરિયાદો શેર કરી છે. ડિજિટલ સેવાઓમાં સમસ્યા આવતાં મુસાફરોમાં તેમની ફ્લાઈટ સમયસર પકડી શકાશે કે નહીં તે અંગે પણ ચિંતા જોવા મળી રહી છે.

ઈન્ડિગોએ મુસાફરોને સલાહ આપી છે કે જો તેમની મુસાફરી તાત્કાલિક ન હોય તો તેઓ થોડા સમય પછી ફરીથી એરલાઈનની ડિજિટલ ચેનલનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે. એરલાઈનના જણાવ્યા અનુસાર, જે મુસાફરોને તાત્કાલિક મુસાફરી સંબંધિત મદદની જરૂર હોય તેઓ કસ્ટમર સપોર્ટનો સંપર્ક કરી શકે છે. જ્યારે આગામી દિવસોમાં મુસાફરી કરનારા મુસાફરોને થોડા સમય બાદ ફરીથી ઓનલાઈન બુકિંગ અથવા ચેક-ઈનની પ્રક્રિયા કરવાનો પ્રયાસ કરવાની સલાહ આપવામાં આવી છે. ઈન્ડિગો દેશની સૌથી મોટી બજેટ એરલાઈન તરીકે ઓળખાય છે અને ભારતીય ઘરેલુ ઉડ્ડયન બજારમાં તેનો નોંધપાત્ર હિસ્સો છે. કંપની દરરોજ મોટી સંખ્યામાં ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરે છે. આટલી મોટી સંખ્યામાં મુસાફરો તેની ઓનલાઈન બુકિંગ અને ચેક-ઈન સિસ્ટમનો ઉપયોગ કરતા હોવાથી રિઝર્વેશન સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાય ત્યારે તેની અસર એકસાથે મોટી સંખ્યામાં યાત્રીઓ સુધી પહોંચી શકે છે. ઈન્ડિગોની બુકિંગ સિસ્ટમમાં સમસ્યા એવા સમયે સામે આવી છે જ્યારે એરલાઈનની ઓનલાઈન સેવાઓ મુસાફરો માટે મુસાફરી પ્રક્રિયાનો મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. ટિકિટ બુકિંગથી લઈને સીટ પસંદગી, વેબ ચેક-ઈન અને બોર્ડિંગ પાસ ડાઉનલોડ કરવા સુધીની ઘણી પ્રક્રિયા હવે ડિજિટલ માધ્યમથી થાય છે. તેથી ઓનલાઈન સિસ્ટમમાં થોડા સમય માટે પણ ખામી સર્જાય તો મુસાફરોને એરપોર્ટ પર વધારાનો સમય પસાર કરવો પડી શકે છે.

હાલમાં એરલાઈનની ટીમો ટેકનિકલ સમસ્યાને દૂર કરવા માટે કામ કરી રહી છે. સિસ્ટમ સંપૂર્ણપણે ક્યારે સામાન્ય થશે તે અંગે એરલાઈન તરફથી ચોક્કસ સમયની માહિતી આપવામાં આવી નથી. ત્યાં સુધી મુસાફરોને પોતાની ફ્લાઈટની સ્થિતિ ચેક કરતા રહેવા અને જો ઓનલાઈન સેવા કામ ન કરતી હોય તો એરલાઈનના કસ્ટમર સપોર્ટ અથવા એરપોર્ટ કાઉન્ટરનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી છે. મુસાફરો માટે સૌથી મહત્વની બાબત એ છે કે જેમની ફ્લાઈટ નજીકના કલાકોમાં છે તેઓ છેલ્લી ઘડીએ ઓનલાઈન ચેક-ઈન પર નિર્ભર ન રહે અને શક્ય હોય તો સમય કરતાં વહેલા એરપોર્ટ પહોંચે. ખાસ કરીને બોર્ડિંગ પાસ ડાઉનલોડ ન થઈ રહ્યો હોય અથવા વેબ ચેક-ઈન પૂર્ણ ન થઈ રહ્યું હોય તો એરપોર્ટ પર મેન્યુઅલ પ્રક્રિયા માટે વધારાનો સમય રાખવો જરૂરી બની શકે છે.

# સોના-ચાંદીનાં ભાવમાં ઉછાળો: ચાંદીમાં એકઝાટકે ₹9200નો વધારો, સોનું પણ ₹3,500 મોંઘું થયું, આ વર્ષે રેટ ₹1.70 લાખ સુધી જઈ શકે

**નવી દિલ્હી, તા.20**

દેશમાં સોના અને ચાંદીના ભાવમાં ફરી એકવાર જોરદાર તેજી જોવા મળી રહી છે. 20 ઓગસ્ટે સોના અને ચાંદી બંનેની કિંમતોમાં મોટો ઉછાળો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે IBJAના જણાવ્યા અનુસાર, એક કિલો ચાંદીનો ભાવ આજે 9,260 રૂપિયા વધીને 2.38 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. બીજી તરફ 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમતમાં પણ 3,519 રૂપિયાનો મોટો વધારો થયો છે અને સોનાનો ભાવ વધીને 1.57 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામના સ્તરે પહોંચી ગયો છે.

સોના-ચાંદીના ભાવમાં છેલ્લા કેટલાક સમયથી સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે, પરંતુ ઓગસ્ટ મહિનામાં કિંમતોમાં ઝડપથી વધારો થયો છે. માત્ર ઓગસ્ટના 20 દિવસ દરમિયાન જ સોનું અંદાજે 15 હજાર રૂપિયા અને ચાંદી લગભગ 20 હજાર રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. કિંમતી ધાતુઓમાં આ તેજી પાછળ વૈશ્વિક બજારની સ્થિતિ, રોકાણકારોની વધતી માંગ, કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની ખરીદી અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા જેવા પરિબળો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સોનાના ભાવમાં આ વર્ષે પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ લગભગ 1.33 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 1.57 લાખ રૂપિયા સુધી પહોંચી ગયો છે. એટલે કે 2026માં અત્યાર સુધીમાં સોનું લગભગ 24 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. રોકાણકારો માટે સોનામાં થયેલો આ વધારો ખાસ મહત્વનો છે, કારણ કે સોનાને લાંબા સમયથી અનિશ્ચિત સમયમાં સુરક્ષિત રોકાણ તરીકે જોવામાં આવે છે.

ચાંદીના ભાવમાં પણ મોટો ફેરફાર જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ આશરે 2.30 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 2.38 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. જોકે વર્ષ દરમિયાન ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ નોંધાવ્યો હતો. ત્યારબાદ કિંમતોમાં ઘટાડો



આવ્યો હતો, પરંતુ હવે ફરીથી બંને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે.

સોના-ચાંદીના ભાવમાં આગામી સમયમાં પણ તેજી ચાલુ રહી શકે છે તેવી શક્યતા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જીના મતે, સોનાને સામાન્ય રોકાણકારોની સાથે વિશ્વભરની કેન્દ્રીય બેંકો તરફથી પણ સતત ટેકો મળી રહ્યો છે. કેન્દ્રીય બેંકો સોનાની ખરીદી વધારી રહી છે, જેના કારણે વૈશ્વિક બજારમાં સોનાની માંગને મજબૂતી મળી રહી છે. નિષ્ણાતોના મતે આગામી મહિનાઓમાં વૈશ્વિક સ્તરે આર્થિક અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા યથાવત રહે તો સોનાની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે. રોકાણકારો જ્યારે શેરબજાર અથવા અન્ય જોખમી એસેટ્સમાં અસ્થિરતા અનુભવે છે ત્યારે તેઓ ઘણી વખત સોના તરફ વળે છે. આ કારણે વૈશ્વિક અનિશ્ચિતતા સોનાની માંગ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. અનિંદ્ય બેનર્જીના અનુમાન પ્રમાણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનાની તેજી જળવાઈ રહેવાની શક્યતા છે. જો વૈશ્વિક પરિસ્થિતિમાં સુધારો થાય અને ઔદ્યોગિક માંગમાં વધારો થાય તો ચાંદીમાં પણ મજબૂત ઉછાળો જોવા મળી શકે છે. હાલના અનુમાન મુજબ ડિસેમ્બર 2026 સુધીમાં સોનાનો ભાવ 1.70 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી પહોંચી શકે છે, જ્યારે ચાંદીનો ભાવ પણ એક કિલો દીઠ 3 લાખ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ચાંદીની વિશેષતા એ છે કે તે માત્ર રોકાણ માટે જ ઉપયોગમાં આવતી નથી, પરંતુ તેનો ઔદ્યોગિક ઉપયોગ પણ મોટા પ્રમાણમાં થાય છે. સોલાર પેનલ, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રિકલ સાધનો અને અન્ય ઉદ્યોગોમાં ચાંદીની માંગ રહે છે. વિશ્વભરમાં નવી ઊર્જા અને સોલાર ઉદ્યોગનો વિસ્તાર થતાં ચાંદીની ઔદ્યોગિક માંગમાં વધારો થવાની શક્યતા પણ તેની કિંમતને અસર કરી શકે છે.

બીજી તરફ સોનાની માંગમાં જ્વેલરી ઉપરાંત રોકાણનો પણ મોટો હિસ્સો છે. ભારતીય પરિવારોમાં સોનાને પરંપરાગત રીતે સંપત્તિ અને સુરક્ષિત રોકાણ તરીકે જોવામાં આવે છે. લગ્નસરાની સિઝન, તહેવારો અને રોકાણની વધતી માંગને કારણે સ્થાનિક બજારમાં સોનાની માંગમાં ફેરફાર જોવા મળતો રહે છે. જોકે, સોનાના ભાવ ખૂબ ઊંચા સ્તરે પહોંચ્યા હોવાથી ગ્રાહકો હવે ખરીદી કરતા પહેલા શુદ્ધતા, વજન અને મેકિંગ ચાર્જ જેવી બાબતોની ખાસ તપાસ કરી રહ્યા છે.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે ગ્રાહકોએ સૌથી પહેલાં તેની શુદ્ધતા અંગે ખાતરી કરવી જોઈએ. હંમેશા BIS હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું ખરીદવું વધુ સુરક્ષિત માનવામાં આવે છે. હોલમાર્ક પરથી સોનાની શુદ્ધતા અને કેરેટ વિશે માહિતી મેળવી શકાય છે. દાગીના ખરીદતી વખતે બિલમાં સોનાની શુદ્ધતા, વજન અને અન્ય જરૂરી વિગતો યોગ્ય રીતે લખાયેલી છે કે નહીં તેની પણ તપાસ કરવી જરૂરી છે.

# શેરબજાર હવે 23 કલાક ખુલ્લું રહેશે!: રાત્રે એક કલાકનો બ્રેક, નાસ્ડેકે શરૂ કરી તૈયારી

**મુંબઈ, તા.20**

દુનિયાની કેટલીક મોટી ટેક કંપનીઓના શેર્સને ટ્રેક કરનાર નાસ્ડેકે એવી યોજના તૈયાર કરી છે જેનાથી દિવસના 24 માંથી 23 કલાક ટ્રેડિંગ થઈ શકશે. સીએનબીસી-ટીવીના રિપોર્ટ અનુસાર નાસ્ડેકની યોજના રાત્રે 9 વાગ્યાથી સવારે 4 વાગ્યા સુધી ET (ઈસ્ટર્ન ટાઈમ ઝોન) નવું ઓવરનાઈટ ટ્રેડિંગ સેશન શરૂ કરવાની છે. જો આ યોજના હેઠળ ટ્રેડિંગ શરૂ થાય છે તો નાસ્ડેક સ્ટોક માર્કેટમાં અઠવાડિયામાં પાંચ દિવસ લગભગ દરરોજ 23 કલાક ટ્રેડિંગ શક્ય બનશે. નવું સેશન હાલમાં 6 ડિસેમ્બર 2026 થી શરૂ થવાની અપેક્ષા છે. જોકે, હજુ આ અમેરિકી બજાર નિયામક SEC (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન)ની મંજૂરી અને SIP (સિક્યોરિટીઝ ઈન્ફોર્મેશન પ્રોસેસર)ની તૈયારીથી નક્કી થશે.

પ્રસ્તાવિત શેડ્યૂલ હેઠળ ટ્રેડિંગ રવિવારે રાત્રે 9 વાગ્યાથી શુક્રવારે રાત્રે 8 વાગ્યા (ET) સુધી ચાલશે. દરરોજ રાત્રે 8 વાગ્યાથી 9 વાગ્યા (ET) સુધી એક કલાકનો બ્રેક હશે, જેનો ઉપયોગ પ્રોસેસિંગ અને આગામી ટ્રેડિંગ ડેમાં ટ્રાન્ઝિશન માટે કરવામાં આવશે. જ્યારે નાસ્ડેકના હાલના સવારે 4



વાગ્યાથી રાત્રે 8 વાગ્યા (ET) સુધીના ટ્રેડિંગ કલાકોમાં કોઈ ફેરફાર થશે નહીં. નાસ્ડેકે આ નિર્ણય દુનિયાભરના રોકાણકારો માટે અમેરિકી સ્ટોક્સ સુધી પહોંચ વધારવાના પ્રયાસનો એક ભાગ છે. અમેરિકા બહારના રોકાણકારોની માગ સતત વધી રહી છે. નવા ઓવરનાઈટ સેશનમાં ટ્રેડિંગ કરવા માટે માર્કેટ પાર્ટિસિપન્ટ્સને ઓર્ડર એન્ટ્રી માટે નવા પોર્ટ્સ લેવા પડશે. જોકે, રેગ્યુલર ટ્રેડિંગ દરમિયાન ઓર્ડર્સના જેટલા પ્રકાર હોય છે, તે બધા રાતના સેશનમાં નહીં હોય જેમ કે માર્કેટ ઓર્ડર્સ અને કેટલાક ઓપનિંગ અને ક્લોઝિંગ ઓર્ડર્સ ઉપલબ્ધ નહીં હોય તો ઓવરનાઈટ સેશનમાં આપવામાં આવેલા જે ઓર્ડર સવારે 4 વાગ્યા (ET) સુધી પૂરા નહીં થાય, તે કેન્સલ કરી દેવામાં આવશે અને આગામી ટ્રેડિંગ સેશન શરૂ થવા પર તેમને ફરીથી દાખલ કરવા પડશે.

નાસ્ડેકની યોજના ઓવરનાઈટ ટ્રેડિંગ માટે સુરક્ષા માટે વધારાના ઉપાયો પણ લાગુ કરવાની છે. જેમ કે સ્ટેટિક પ્રાઈસ બેન્ડ્સ જેના હેઠળ એક નિર્ધારિત લિમિટ બહારના ઓર્ડર્સ રદ કરી દેવામાં આવશે. જોકે, હજુ તેના પર નિયમનકારી મંજૂરી લેવી પડશે. સાથે જ નવા સેશનમાં ટ્રેડિંગ એક્ટિવિટી માટે અલગ માર્કેટ ફીડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત નાસ્ડેક સમગ્ર દિવસ દરમિયાન વધુ માર્કેટ કવરેજ આપવા માટે નાસ્ડેક પ્લસ પ્રોડક્ટ્સ પણ રજૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. યોજના મુજબ, નાસ્ડેકનું વિસ્તૃત શેડ્યૂલ ફક્ત નાસ્ડેક સ્ટોક માર્કેટ પર જ લાગુ પડશે. નાસ્ડેક ટેક્સાસ, પીએસએક્સ અને નાસ્ડેકના ઓપ્શન્સ એક્સચેન્જો પર તે લાગુ પડશે નહીં અને તેઓ તેમના વર્તમાન ટ્રેડિંગ શેડ્યૂલ મુજબ જ કાર્ય કરતા રહેશે. હવે પ્રસ્તાવ હેઠળ 9 PM-4 AM (ET) સુધી ઓવરનાઈટ સેશન લાવવાની યોજના છે જે પોસ્ટ-માર્કેટ અને પ્રી-માર્કેટ વચ્ચેના વર્તમાન અંતરને ભરશે. આ ઉપરાંત લંડન સ્ટોક એક્સચેન્જ (LSE) એ ગ્લોબલ ફાઈનાન્સ માર્કેટ્સમાં ડિજિટલ અને AI ના આ યુગમાં ટ્રેડિંગને નવું પરિમાણ આપવા માટે 'લંડન સ્ટોક એક્સચેન્જ 24' લોન્ચ કરવાની જાહેરાત કરી છે.

# ગુજરાતમાં વરસાદને લઈને મોટી આગાહી: 26 ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની શક્યતા, બે સિસ્ટમ સક્રિય

**અમદાવાદ, તા.20**

ગુજરાતમાં હાલ ચોમાસાની સ્થિતિ વચ્ચે આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા છે. હવામાન વિભાગે રાજ્યમાં 26 ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં હાલમાં બે હવામાની સિસ્ટમ સક્રિય હોવાથી અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 11 તાલુકામાં 11 મિમી સુધીનો વરસાદ નોંધાયો છે. આજે સવારના સમયે બોટાદ, ડાંગ અને નવસારીમાં પણ કેટલાક સ્થળોએ છૂટોછવાયો સામાન્ય વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલ વચ્ચે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, જ્યારે કેટલાક શહેરોમાં ગરમીનો અનુભવ પણ થઈ રહ્યો છે.

તાપમાનની વાત કરીએ તો ભાવનગર 34.2 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. વરસાદની સંભાવના હોવા છતાં રાજ્યના કેટલાક ભાગોમાં બફારો અને ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાનમાં ખાસ ઘટાડો જોવા ન મળે તો ભેજના કારણે લોકોને ઉકળાટનો અનુભવ થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વેલ માર્ક લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ સક્રિય હોવાથી રાજ્યમાં વરસાદી ગતિવિધિ વધવાની શક્યતા છે. આ બંને સિસ્ટમના પ્રભાવને કારણે આગામી દિવસોમાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જોકે વરસાદ સમગ્ર રાજ્યમાં એકસમાન નહીં રહે અને કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની સ્થિતિ જોવા મળી શકે છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં સરેરાશ 510.8 મિમી વરસાદ નોંધાયો છે. આ આંકડો રાજ્યના સામાન્ય વરસાદ કરતાં આશરે 3 ટકા ઓછો છે. બીજી તરફ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વરસાદની અછત વધુ જોવા મળી રહી છે. અહીં સામાન્ય કરતાં આશરે 27 ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આગામી દિવસોમાં થનારો વરસાદ આ વિસ્તારો માટે ખાસ મહત્વનો બની શકે છે.



આજે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ અને મહેસાણા સહિતના વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. ગાંધીનગર અને અમદાવાદમાં પણ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં આજે મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. શહેરના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 26.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ભેજવાળા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટાં પડતાં તાપમાનમાં થોડો ફેરફાર જોવા મળી શકે છે.

24 ઓગસ્ટથી 26 ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ સમયગાળા દરમિયાન ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદી ગતિવિધિ જોવા મળી શકે છે. ખાસ કરીને વાદળછાયા વાતાવરણ સાથે કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને પવન સાથે વરસાદી ઝાપટાં પડવાની સંભાવના રહેશે.

મધ્ય ગુજરાતમાં પણ આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ યથાવત્ રહી શકે છે. વડોદરા, છોટાઉદેપુર, નર્મદા અને ભરૂચ સહિતના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં પણ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. દમણ અને દાદરા નગર હવેલીમાં પણ કેટલાક સ્થળોએ વરસાદ થઈ શકે છે.

સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદની સંભાવના છે. સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ભાવનગરમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદમાં પણ કેટલાક સ્થળોએ વરસાદ થવાની શક્યતા છે.

કચ્છ અને દીવમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો હોવાથી આગામી દિવસોમાં થનારો વરસાદ ખેડૂતો અને પાણીના સ્ત્રોતો માટે મહત્વપૂર્ણ બની શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યમાં ભારે વરસાદ કરતાં હળવાથી મધ્યમ વરસાદની ગતિવિધિ વધુ રહેવાની શક્યતા છે. જોકે સ્થાનિક હવામાનની સ્થિતિ પ્રમાણે કેટલાક વિસ્તારોમાં અચાનક ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. તેથી લોકોને સ્થાનિક હવામાનની આગાહી પર નજર રાખવાની સલાહ આપવામાં આવી છે. હાલ રાજ્યમાં સક્રિય બે સિસ્ટમને કારણે ચોમાસું ફરી સક્રિય થવાના સંકેતો મળી રહ્યા છે. આગામી 24થી 26 ઓગસ્ટ દરમિયાન ખાસ કરીને ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા છે, જ્યારે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ અનેક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે.

આગામી દિવસોમાં વરસાદની સાથે કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને પવનની સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ખેડૂતો સહિત સામાન્ય લોકોને હવામાન વિભાગની નવી આગાહી અને સ્થાનિક ચેતવણીઓ પર નજર રાખવાની જરૂર રહેશે. હાલમાં રાજ્યમાં વરસાદની સ્થિતિ સામાન્ય કરતાં થોડી ઓછી છે, ત્યારે આગામી દિવસોમાં થનારો વરસાદ આ અછતને કેટલી હદે દૂર કરે છે તેના પર સૌની નજર રહેશે.

## 'પૈસા નહીં આપે તો કામ નહીં કરવા દઈએ': AMC ઓફિસમાં એજન્ટ પાસે રૂપિયાની માંગણી કરી પિતા-પુત્રનો હુમલો

**અમદાવાદ, તા.20**

અમદાવાદના દાણાપીઠ સ્થિત AMCની મુખ્ય કચેરી કમ્પાઉન્ડમાં એજન્ટ તરીકે કામ કરતા પિતા-પુત્રએ અન્ય એજન્ટ પાસે કામ કરવા બદલ ખર્ચા પેટે રૂપિયાની માંગણી કરી હુમલો કર્યો હતો. રૂપિયા આપવાની ના પાડતાં તેમણે માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ઈજાગ્રસ્ત એજન્ટે કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વેજલપુર વિસ્તારમાં રહેતા 45 વર્ષીય સલીમભાઈ લંઘા AMC કચેરીમાં એજન્ટ તરીકે કામ કરે છે. ગત 19 ઓગસ્ટે તેઓ ગેટ નંબર 2 પાસે ચાની કેન્ટીન નજીક બેઠા હતા, ત્યારે ત્યાં કામ કરતા એજન્ટ યાસીન શેખ અને તેનો પુત્ર અનિક શેખ આવ્યા હતા. બંનેએ સલીમભાઈ પાસે આક્ષેપ સાથે માંગણી કરી હતી કે, 'AMCમાં એજન્ટ તરીકે કામ કરવું હોય તો અમને અને અમારા દીકરાને ખર્ચા પેટે રૂપિયા આપવા પડશે, નહિતર કામ




કરવા દઈશું નહીં.' સલીમભાઈએ રૂપિયા આપવાની ના પાડતાં પિતા-પુત્રએ તેમની સાથે મારામારી કરી માથાના ભાગે લોખંડનું કડું મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

સલીમભાઈની બૂમાબૂમ સાંભળીને તેમના ભાઈ અને આસપાસના લોકો દોડી આવતાં તેઓ બચ્યા હતા. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ 'ફરીથી અહીં દેખાઈશ તો જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્ત સલીમભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને તેમની ફરિયાદના આધારે કારંજ પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાણીપમાં ચરસના જથ્થા સાથે યુવક ઝડપાયો: પોલીસ સ્ટેશન સામેના ન્યૂ પ્રેમનગરના મકાનમાંથી 490 ગ્રામ ચરસનો જથ્થો જપ્ત, બે મહિલા સામે પણ ફરિયાદ

**અમદાવાદ, તા.20**

રાણીપ પોલીસ સ્ટેશન સામે ન્યૂ પ્રેમનગરના છાપરામાં ચરસનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે એન્ટી નારકોટિક્સ ફોર્સ ટીમે દરોડો પાડી 1.22 લાખના 490 ગ્રામ ચરસ સાથે એક યુવકને ઝડપી પાડ્યો છે. જેમાં પોલીસે મોબાઈલ ફોન, આધારકાર્ડ અને લાઈટ બિલ સહિતનો મુદ્દામાલ કબજે કરી ફરાર બે મહિલા સામે પણ ગુનો નોંધ્યો છે.



રાણીપ પોલીસ સ્ટેશન સામે ન્યૂ પ્રેમનગરના છાપરામાં ઈરફાનખાન નસીબખાન પઠાણ ચરસ અને ગાંજાનું વેચાણ કરતો હોવાની બાતમી ANTFને મળી હતી. તેના આધારે ટીમે દરોડો પાડતા ઈરફાનખાન પઠાણ મળી આવ્યો હતો. બાદમાં ઘરમાં તપાસ કરતા ગોદડાંની વચ્ચેથી પ્લાસ્ટિકની થેલીમાંથી 1.22 લાખનો 490 ગ્રામ ચરસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે ઈરફાનખાનની ધરપકડ કરીને રૂ. 1.23 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આરોપીની પૂછપરછ કરતા ચરસનો જથ્થો ચેનપુરમાં રહેતી સુનીતાના ફોનમાંથી તેની બહેન સોનીએ ફોન કર્યો હતો કે 500 ગ્રામ ચરસનો જથ્થો જોઈએ છે. ત્યારે ઈરફાને હા પાડતા સુનિતાને ચરસ આપવા મોકલ્યું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ઈરફાનખાન ઉપરાંત સોની અને સુનીતા સામે પણ ગુનો નોંધી ફરાર બંને મહિલાની શોધખોળ હાથ ધરી છે.

## રેસ્ટોરન્ટમાં ઇનહાઇજેનિક કન્ડિશન: મોટેરાની જીમણ રેસ્ટોરન્ટમાં રોટલીમાંથી માખી નીકળી, રૂ. 25 હજારનો દંડ ફટકાર્યો

**અમદાવાદ, તા.20**

શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા જીમણ રેસ્ટોરન્ટમાં જમવા ગયેલા ગ્રાહકને રોટલીમાં માખી નીકળી હતી. જેને લઈને ગ્રાહકે હોટલમાં મેનેજર અને સ્ટાફને બતાવીને હોબાળો કર્યો હતો. સમગ્ર મામલે AMC ફૂડ વિભાગને ફરિયાદ કરવામાં આવતા હોટલને અનહાઈજેનિક કન્ડિશનને લઈ 25000 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જોકે હોટલ- રેસ્ટોરન્ટમાં હવે કોઈપણ ચીજ વસ્તુ નીકળે તો માત્ર દંડ કરી દેવામાં આવે છે.

એક પરિવાર જીમણ રેસ્ટોરન્ટમાં જમવા ગયો હતો. આ દરમિયાન રોટલી મંગાવી અને જોયું ત્યારે તેમાંથી માખી નીકળી હતી. માખી નીકળી હોવાને લઈને તેઓએ જવાબદાર વ્યક્તિને રજૂઆત કરી હતી.



રેસ્ટોરન્ટના જવાબદાર વ્યક્તિને તેઓએ રજૂઆત કરી અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ કરી હતી તે અને રોટલીનું સેમ્પલ પણ તેઓના આપવાની વાત કરી અને ફુડ વિભાગમાં ફરિયાદ નોંધાવી દીધી હતી. તેના પગલે ફૂડ વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ત્યાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રેસ્ટોરન્ટમાં તપાસ કરતા અનહાઈઝની કન્ડિશન મળી આવી હતી જેથી કરીને ફૂડ વિભાગે મોટેરા વિસ્તારની જીમણ રેસ્ટોરન્ટને રૂ. 25000નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

## પોપ્યુલર બિલ્ડરના દશરથ પટેલના બે કેસોમાં જમીન નકારાયા: સાણંદ અને બોપલ પોલીસ મથકમાં જમીન પચાવી પાડવાનો કેસ

**અમદાવાદ, તા.20**

અમદાવાદ ગ્રામ્ય કોર્ટે પોપ્યુલર ગ્રૂપના બિલ્ડર દશરથ પટેલને જમીન પચાવી પાડવાના બે અલગ-અલગ કેસોમાં જામીન આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. આરોપી સામે સાણંદ અને બોપલ પોલીસ સ્ટેશનમાં કરોડો રૂપિયાની કિંમતી જમીનો બોગસ દસ્તાવેજો અને નકલી વારસદારો ઊભા કરી હડપી લેવાના ગંભીર ગુના નોંધાયેલા છે. બંને પક્ષોની લંબાણપૂર્વકની દલીલો સાંભળ્યા બાદ અદાલતે આરોપીનો ગુનાહિત ઈતિહાસ અને કાયદાકીય પ્રક્રિયાથી ભાગતા રહેવાના વલણને ધ્યાને રાખીને રાહત આપવાનો ઈનકાર કર્યો છે.

સાણંદ પોલીસ મથકમાં નોંધાયેલા કેસમાં આરોપી પક્ષે રજૂઆત કરી હતી કે તેમણે કોઈ બનાવટી દસ્તાવેજ બનાવ્યો નથી કે વેચાણ દસ્તાવેજ કરી આપ્યો નથી.



આ કેસમાં તપાસ પૂર્ણ થઈને ચાર્જશીટ રજૂ થઈ ચૂકી હોવાથી કસ્ટડીમાં રાખવાની જરૂર નથી. વધુમાં, 1996ના બનાવ અંગે 27 વર્ષના લાંબા વિલંબ બાદ ૨૦૨૩માં એફઆઈઆર નોંધાઈ છે અને 67 વર્ષીય આરોપી વૃદ્ધાવસ્થા સંબંધિત બીમારીઓથી પીડાય છે.

તેની સામે સરકારી વકીલે ધારદાર દલીલો કરતાં જણાવ્યું હતું કે, આરોપીઓએ મામલતદાર કચેરીનો બનાવટી હુકમ ઊભો કરીને ફરિયાદીના પિતાની ચેખલા ગામની નવી શરતની 40 કરોડની જમીન હડપી લીધી હતી અને પુરાવાનો નાશ કરવા માટે મૂળ દસ્તાવેજો ગાયબ કરી દીધા છે. આરોપી સામે અગાઉથી ખૂનની કોશિશ સહિત કુલ સાત ગંભીર ગુનાઓ નોંધાયેલા છે અને આ જ કેસમાં સહ-આરોપી રમણ પટેલને ચાર વર્ષની સજા પણ થઈ ચૂકી છે.

બોપલ પોલીસ મથકે નોંધાયેલા કેસની વિગત મુજબ, મોજે ગોધાવી ગામની જમીનના મૂળ ખાતેદારના અવસાન બાદ રેકોર્ડ પર સરયૂદાસ શત્રુઘ્નદાસજી નામના બોગસ વ્યક્તિને વારસદાર દર્શાવી મહેસૂલી ચોપડે નામ દાખલ કરાવાયું હતું. ત્યારબાદ ૧૯૮૩ના બોગસ વેચાણ દસ્તાવેજના આધારે આરોપીઓએ આ જમીન પોતાના નામે કરાવી લીધી હતી. આ કેસમાં દશરથ પટેલ તરફથી દલીલ કરાઈ હતી કે તેઓ માત્ર ખરીદનાર હતા અને દસ્તાવેજ બનાવવામાં તેમની સક્રિય ભૂમિકા નહોતી, ઉપરાંત સમાન ભૂમિકા ધરાવતા અન્ય સહ-આરોપીને જામીન મળેલા હોવાથી સમાનતાના ધોરણે તેમને પણ જામીન મળવા જોઈએ.

સરકારી વકીલે બોપલ કેસમાં વિરોધ નોંધાવતા અદાલતનું ધ્યાન દોર્યું હતું કે આરોપીઓ બોગસ વ્યક્તિઓ અને નકલી કાગળો બનાવી જમીનો હડપતી રીઢા ગુનેગારોની ટોળકી સાથે સંકળાયેલા છે. આરોપી સામે સુરત સહિત અન્ય સ્થળોએ પણ ગુનાહિત ઈતિહાસ છે અને ભૂતકાળમાં બોગસ સમજૂતી કરાર બનાવી અદાલતોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો પણ ફગાવી દેવાયા હતા. આરોપી લાંબા સમય સુધી નાસતો-ફરતો રહ્યો હતો અને છેવટે રાજસ્થાનથી તેની ધરપકડ કરાઈ હતી. બંને કેસોની ગંભીરતા અને સાક્ષીઓને પ્રભાવિત કરવાની શક્યતાઓને ધ્યાને રાખીને અમદાવાદ ગ્રામ્ય અદાલતે દશરથ પટેલની બંને નિયમિત જામીન અરજીઓ નામંજૂર કરી દીધી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

# આવનારા ટ્યુશન એક્ટને લઈ સંચાલકોની રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત

**અમદાવાદ, તા.20**

શહેરના ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે આવનારા ટ્યુશન એક્ટને લઈ ટ્યુશન ક્લાસ સંચાલકોના એસોસિએશને સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ રજૂ કરી છે. ગુજરાતમાં ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશન સાથે 30 હજારથી વધુ ટ્યુશન ક્લાસ સંચાલકો જોડાયેલા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ટ્યુશન ક્લાસ સંચાલકોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં શિક્ષણ મંત્રી સાથે આવનારા ટ્યુશન એક્ટ અંગે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એસોસિએશન દ્વારા વિવિધ સૂચનો અને માંગણીઓ રજૂ કરવામાં આવી હતી, જેને લઈને સરકાર તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો હોવાનું સંચાલકોએ જણાવ્યું છે.

સંચાલકોની મુખ્ય માંગ છે કે, એક પણ વિદ્યાર્થીને ભણાવવામાં આવતો હોય તો પણ ટ્યુશન ક્લાસનું રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવે. તેમના મતે, આ જોગવાઈથી શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ટ્યુશન માટે દબાણ



કરવાની કે બ્લેકમેલિંગની ફરિયાદો પર રોક લગાવી શકાશે. આ ઉપરાંત શાળા કે કોલેજની પ્રિમાઈસીસમાં ટ્યુશન ક્લાસીસ ચલાવવાની મંજૂરી ન આપવાની પણ માંગ કરવામાં આવી છે. સંચાલકોનું કહેવું છે કે આ પ્રકારની જોગવાઈથી ડમી સ્કૂલ, કોન્સેપ્ટ સ્કૂલ અને ડે સ્કૂલના નામે ચાલતા વ્યવસાય પર નિયંત્રણ લાવી શકાશે અને વાલીઓ તથા વિદ્યાર્થીઓ પર ફીનો વધતો ભાર પણ ઘટાડી શકાશે.

સંચાલકોએ 16 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી માટે કોઈપણ પ્રકારના ટ્યુશન માટે મંજૂરી ન આપવાની માંગ પણ કરી છે. સાથે જ શાળાના સમય દરમિયાન વિદ્યાર્થીઓ ટ્યુશન ક્લાસમાં ન જાય તે માટે પણ કડક નિયમો બનાવવાની માંગ કરવામાં આવી છે. ડમી સ્કૂલો અંગે સંચાલકોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, કેટલીક મોટી ટ્યુશન સંસ્થાઓ સાથે સંકળાયેલી ડમી સ્કૂલોમાં વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળામાં મોકલવામાં આવતા નથી અને ખોટી હાજરી પૂરવામાં આવતી હોવાની ફરિયાદો છે. આવી ડમી સ્કૂલો સામે કડક કાર્યવાહી થવી જોઈએ તેવી પણ માંગ કરવામાં આવી છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393



જાનકી ટ્રેડર્સ
Finolex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT
BUILD SAFE
#YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

